


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 22 MAY, 2026 Vol. 24, No. 21 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### સાઉદી-યુએઈની દલીલો સામે ઝુક્યા ડોનાલ્ડ ટ્રમ્પ, દુનિયભરમાં રાહતનો શ્વાસ

# હજ યાત્રાને કારણે ઈરાન પર અમેરિકાએ ટાળ્યો હુમલો

## પરમાણુ કરાર અંગે યુએસ અને ઈરાન વચ્ચે વાટાઘાટો ફરી શરૂ થઈ, હજ પહેલા પરમાણુ કરાર સુધી પહોંચવાના પ્રયાસો

**વોશિંગ્ટન**

સાઉદી અને યુએઈએ યુએસને જણાવ્યું હતું કે, હજ હાલમાં ચાલી રહી છે. જેના કારણે વિવિધ દેશોના મુસ્લિમો સાઉદી અરેબિયા તરફ આકર્ષાયા છે. જો હવે યુદ્ધ ફાટી નીકળશે, તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે, લાખો લોકો સાઉદી અરેબિયામાં ફસાયેલા રહેશે. સાઉદી અરેબિયાએ ટ્રમ્પને કહ્યું કે આનાથી આરબ મુસ્લિમોમાં વોશિંગ્ટન માટે ખરાબ છબી બનશે. આ વર્ષની હજ યાત્રા 24 મેથી શરૂ થશે અને છ દિવસ સુધી ચાલશે. વિશ્વભરના દસ લાખ મુસ્લિમો ભાગ લેશે તેવી અપેક્ષા છે. આ સાંભળીને ટ્રમ્પે હુમલો ન કરવા નિર્ણય લીધો હતો. અમેરિકા હજ પહેલા પરમાણુ કરાર પર પહોંચવાનો પ્રયાસ



કરી રહ્યું છે. કતારે અમેરિકાને ટાંકીને ઈરાનને મેમોરેન્ડમ મોકલ્યું છે. આ પ્રસ્તાવમાં કામચલાઉ કરારની માંગ કરવામાં આવી છે. જો આ થઈ જાય, તો વધુ વિગતવાર કરાર પર પહોંચવા માટે હજ પછી અમેરિકા અને ઈરાન વચ્ચે બેઠક યોજાશે. નવા યુએસ પ્રસ્તાવને વાટાઘાટો કરી શકાય તેવો ગણાવ્યો. જોકે, ઈરાનના સુપ્રીમ લીડર, મોજતબા ખામેની, સમૃદ્ધ યુરેનિયમ વિદેશમાં સ્થાનાંતરિત કરવા તૈયાર નથી. મોજતબા માને છે કે આ નિર્ણય ઈરાનની સ્થિતિને નબળી પાડશે. 28 ફેબ્રુઆરીએ, ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાન પર હુમલો કર્યો હતો. તે રમઝાન મહિના દરમિયાન હતો. ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીની રમઝાન દરમિયાન હત્યા કરવામાં આવી હતી. વધુમાં, ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સે ઈદના દિવસે પણ ઈરાન પર હુમલા ચાલુ રાખ્યા હતા. જોકે, ઈરાને હોર્મુઝ સ્ટ્રેટને કડક રીતે બંધ કર્યા પછી જ યુનાઈટેડ સ્ટેટ્સે વાટાઘાટો શરૂ કરી હતી.

### સમૃદ્ધ યુરેનિયમનો જથ્થો ઈરાનમાં જ રહેશે : ખામેની

મોજતબા ખામેનીના આદેશ સાથે જ ઈરાન સામે અમેરિકા-ઇઝરાયલ યુદ્ધને સમાપ્ત કરવાના હેતુથી ચાલી રહેલી વાટાઘાટો દરમિયાન અમેરિકાની મુખ્ય માંગણીઓમાની એક અને ઈરાને કડક વલણ અપનાવ્યું છે. ઇઝરાયલના અધિકારીઓએ જણાવ્યું છે કે ટ્રમ્પે ઇઝરાયલને ખાતરી આપી હતી કે કોઈપણ શાંતિ કરારમાં ઇરાનના અત્યંત સમૃદ્ધ યુરેનિયમના ભંડારને દેશમાંથી દૂર કરવાનો સમાવેશ થશે. હવે, ઇરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનીએ એક નિર્દેશ જાહેર કર્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે દેશના શસ્ત્રો-ગ્રેડ યુરેનિયમને વિદેશ મોકલવામાં આવશે નહીં.

# વિશ્વમાં ઇબોલાનો ખૌફ! દિલ્હીમાં યોજાનારી ઇન્ડિયા-આફ્રિકા સમિટ છેલ્લી ઘડીએ મોકૂફ

## આફ્રિકા સહિતના દેશોમાંથી આવતા મુસાફરો પર કડક નજર રાખવામાં આવશે

**નવી દિલ્હી**

આફ્રિકા ખંડમાં ઝડપથી ફેલાઈ રહેલા ખતરનાક અને જીવલેણ ઈબોલા વાયરસના પ્રકોપને ધ્યાનમાં રાખીને, ભારતમાં યોજાનારી પ્રતિષ્ઠિત ચોથી 'ઈન્ડિયા-આફ્રિકા ફોરમ સમિટ'ને સત્તાવાર રીતે મોકૂફ રાખવામાં આવી છે. ભારતીય વિદેશ મંત્રાલયે ગુરુવારે આફ્રિકન યુનિયન સાથે સંયુક્ત બેઠક કર્યા બાદ આ નિર્ણય લીધો છે. આ સમિટ આગામી 28થી 31 મે દરમિયાન નવી દિલ્હીમાં યોજાવાની હતી, જેમાં આફ્રિકાના 40થી વધુ દેશોના રાષ્ટ્રીય નેતાઓ અને ડેલિગેટ્સ ભાગ લેવાના હતા. પરંતુ ભારતના નાગરિકોની સુરક્ષા અને પબ્લિક હેલ્થને ટોપ પ્રાયોરિટી આપીને નિર્ણય લેવાયો છે.

આ સમિટ ભારત અને આફ્રિકાના સંબંધો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતી, કારણ કે તે 10 વર્ષના લાંબા ગાળા પછી યોજાવા જઈ રહી હતી. આની પહેલા 2008, 2011 અને છેલ્લે 2015માં ત્રીજી સમિટ યોજાઈ હતી, જેમાં પીએમ મોદીએ ખાસ મુલાકાત પણ કરી હતી. આ વર્ષે આફ્રિકન યુનિયન કમિશનના સહયોગથી દિલ્હીમાં ભારત-આફ્રિકા પાર્ટનરશિપનો નવો રોડમેપ તૈયાર થવાનો હતો, જે હવે પાછળ ઠેલાયો છે. આફ્રિકામાં ઈબોલાના આઉટબ્રેકને પગલે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ભારતના તમામ બંદરો, ઍરપોર્ટ્સ અને એન્ટ્રી પોઈન્ટ્સ પર કડક હેલ્થ એડવાઈઝરી જાહેર કરી છે. ખાસ કરીને આફ્રિકાના ૩ દેશોને 'હાઈ રિસ્ક' કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે: ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાન.

### ભારત સરકાર અલર્ટ, અડ્વાઇઝરી જાહેર, અરપોર્ટ પર સ્ક્રીનિંગ વધારાયું

ઈબોલા વાઈરસના ખતરાને ધ્યાનમાં રાખીને વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન દ્વારા ઈબોલાના પ્રકોપને 'વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી' જાહેર કરાયા બાદ, ભારતના કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે દેશના તમામ ઍરપોર્ટ, બંદરો અને એન્ટ્રી પૉઈન્ટ્સ પર કડક હેલ્થ ઍડ્વાઈઝરી જાહેર કરી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ પુણ્ય સલીલા શ્રીવાસ્તવે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને તમામ મોરચે સજ્જ રહેવા આદેશ આપ્યા છે. સરકારે રાજ્યો સાથે એક વિસ્તૃત SOP પણ શેર કરી છે, જેમાં સ્ક્રીનિંગ, ક્વૉરેન્ટાઈન પ્રોટોકોલ, કેસ મેનેજમેન્ટ અને લેબ ટેસ્ટિંગ જેવી પ્રક્રિયાઓ સામેલ છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી ગાઈડલાઈન મુજબ, ઈબોલાનું વધુ જોખમ ધરાવતા દેશો જેવા કે કોંગો લોકતાંત્રિક ગણરાજ્ય, યુગાન્ડા અને દક્ષિણ સુદાનથી આવતા અથવા ત્યાંથી પસાર થઈને ભારત આવતા મુસાફરોની સઘન તપાસ કરવામાં આવશે.

### ટેક સેક્ટરમાં હકાલપટ્ટીનું નવું જ કલ્ચર વિકસ્યું

# મેટાએ 8000 કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ આપ્યું, પછી કાયમ ઘરભેગા કર્યા

## મેટામાં 78 હજારમાંથી હવે 70 હજાર કર્મીઓ રહ્યા

**વોશિંગ્ટન**

ફેસબૂસની માલિક અને સોશિયલ મીડિયા કંપની મેટામાં વહેલી સવારે ચાર વાગે આઠ હજાર કર્મચારીઓને પાણીચુ પકડાવી દેવાયું છે. ટેક સેક્ટરમાં હવે કર્મચારીઓની હકાલપટ્ટીનું નવું જ કલ્ચર વિકસ્યુ છે. આ કલ્ચર મુજબ પહેલાં તો કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ આપવામાં આવે છે અને પછી તેમને કાયમ માટે ઘરભેગા કરી દેવામાં આવે છે. મેટા જ નહીં ઘણી બધી ટેક કંપનીઓ આવું કરી રહી છે.

બ્લૂમબર્ગના જણાવ્યા મુજબ સિંગાપોરમાં મેટાના કર્મચારીઓને સવારે ચાર વાગ્યાથી ઈ-મેઈલ મળવા



લાગ્યા હતા. જાણે નોટિફિકેશન્સનું મોજું આવ્યું હોય તેમ કર્મચારીઓ પર ઈ-મેઈલ આવવા લાગ્યા હતા. તેના પછી અમેરિકા-બ્રિટન સુધી તેનો ફેલાવો થયો હતો. આ કવાયત થઈ તે પહેલા મેટામાં ૭૮ હજાર કર્મચારીઓ હતા, હવે તેની સંખ્યા સ્વાભાવિક રીતે ૭૦ હજાર થઈ ગઈ છે. તે હજી પણ છટણી કરે તે સંભાવના નકારી શકાય નહીં.









# સ્કારબરોમાં બ્રહ્માકુમારીઝ સેન્ટર ખાતે માતૃ દિવસની ઉજવણી

## ગીતો, નૃત્ય અને ગરબાની રમઝટ : માતાઓનું સન્માન











### 100થી વધુ ભાઈ-બહેનો અને માતાઓની ઉત્સાહભેર ભાગીદારી : 15 ભાઈઓની ટીમે ભેટ, આશીર્વાદ કાર્ડ આપી સ્વાદિષ્ટ ભોજન પીરસ્યું

**સ્કારબરો**

બ્રહ્માકુમારીઝ, સ્કારબરો સેન્ટર ખાતે ગુરુવાર, ૧૪ મે ૨૦૨૬ના રોજ ૮૦ માતાઓ-બહેનો અને ૨૫ ભાઈઓ દ્વારા નૃત્ય, ગીતો, ભેટ અને ભોજન સાથે માતૃ દિવસ (મધર્સ ડે)ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. માતૃ દિવસ એ પરિવાર અથવા વ્યક્તિની માતા, માતૃત્વ, માતૃત્વના સંબંધો અને સમાજમાં માતાઓના પ્રભાવનું સન્માન કરવા માટેનો ઉત્સવ છે. માતૃ દિવસ વિશ્વના ઘણા ભાગોમાં જુદા જુદા દિવસોમાં ઉજવવામાં આવે છે, સામાન્ય રીતે માર્ચ અથવા મે મહિનામાં અને કેનેડામાં તેને મે મહિનામાં ઉજવવામાં આવે છે.

બ્રહ્માકુમારી સંસ્થાની સ્થાપના ૧૯૩૫માં થઈ ત્યારથી અત્યાર સુધી તેમાં અધિકાંશ માતાઓ અને બહેનો કાર્યરત છે અને સંસ્થાનું નામ પણ તેમના વિષે જ જણાવે છે. બ્રહ્માકુમારી એક સ્વાયત્ત સંસ્થા છે અને તેમના દ્વારા જ તેનું સંચાલન કરવામાં આવે છે.

14મીએ સંસ્થા દ્વારા સ્કારબોરો સેન્ટરમાં કાર્યક્રમ યોજાયો હતો. માતૃ દિવસે ભાઈઓ દ્વારા માતાઓ અને બહેનોને તેમના સવિશેષ કાર્યો માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ૧૫ ભાઈઓની ટીમ દ્વારા માતાઓ અને બહેનોને ગીતો, નૃત્ય, ભેટ અને આશીર્વાદ કાર્ડ આપવામાં આવ્યા હતા તેમજ સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું હતું. માતાઓએ પણ માતૃ દિવસના મધુર ગીતો ગાયા હતા અને ગુજરાતી ગરબાનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અંતમાં, આ કાર્યક્રમમાં સહભાગી બનવા બદલ સર્વેનો આભાર માનવામાં આવ્યો હતો.

# રોયલ કેનેડિયન એરફોર્સના આધુનિકીકરણની તૈયારી : 'સ્નોબડ્ર્સ' ટીમ અસ્થાયી રૂપે ગ્રાઉન્ડેડ



નવા કાફલાના આગમનની રાહ, $9.4 બિલિયનનો મેગા પ્રોજેક્ટ તૈયાર, નવા વિમાનોનો ઉપયોગ તાલીમ તેમજ સ્નોબડ્ર્સના હવાઈ પ્રદર્શન માટે કરાશે

**ઓન્ટેરિયો**

સંરક્ષણ પ્રધાન ડેવિડ મેકગિન્ટી કહે છે કે, સ્નોબડ્ર્સની પાંખો અસ્થાયી રૂપે કાપવામાં આવી રહી છે. કારણ કે પ્રતિષ્ઠિત હવાઈ કલાકારો નવા અને સુધારેલા વિમાનોની રાહ જોઈ રહ્યા છે. મેકગિન્ટીએ મંગળવારે સાસ્કાચેવાનમાં ૧૫ વિંગ મૂઝ જોની મુલાકાત લેતી વખતે જણાવ્યું હતું કે, તે વિમાનો ૨૦૩૦ના દાયકાની શરૂઆતમાં આવવાની ધારણા છે. નવ-પ્લેન એરિયલ એક્રોબેટિક સ્ક્વોડ્રનના ભવિષ્ય વિશે અટકળો વચ્ચે તેમની મુલાકાત આવી હતી. આ વર્ષે રોયલ કેનેડિયન એરફોર્સ પર્ફોર્મન્સ ગ્રુપ તેમની અંતિમ સીઝન માટે જૂના CT-114 ટ્યુટર જેટ ઉડાડશે. તેમને CT-157 સિસ્કિન II સાથે બદલવામાં આવશે.

મંત્રીના જણાવ્યા અનુસાર ટ્યુટર જેટની જેમ આ નવા ખરીદેલા વિમાનોનો ઉપયોગ તાલીમ માટે તેમજ સ્નોબડ્ર્સના હવાઈ પ્રદર્શન માટે કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, આ નવો કાફલો મૂઝ જો બેઝ પર રહેશે. સ્નોબડ્ર્સને જોનારા કેનેડિયનોમાંના એક વડા પ્રધાન માર્ક કાર્ની હતા. કાર્ની દ્વારા નિયુક્ત મેકગિન્ટીએ કહ્યું કે, ગયા મે મહિનામાં સંરક્ષણ પ્રધાન બન્યા, ત્યારથી જૂના જેટ તેમના રડાર પર છે. પરંતુ કાફલો આ છેલ્લી સીઝન માટે હજુ પણ સલામત છે. નવા સિસ્કિન II વિમાનો શક્ય તેટલી વહેલી તકે પહોંચશે. ઉત્પાદક સાથે વાટાઘાટો ચાલી રહી છે. મેકગિન્ટીએ કહ્યું કે, હાલ માટે, કેટલા જેટ ખરીદવામાં આવશે તે સ્પષ્ટ નથી. ડેમ્પ્સીએ કહ્યું કે, શો ચાલુ રહે અને કલાકારો સારી રીતે રિહર્સલ કરે તે સુનિશ્ચિત કરવા માટે, ૨૦૩૦ સુધી જરૂરિયાત મુજબ જૂના જેટની સંખ્યા ઘટાડવી એ એક આદર્શ ઉકેલ હોત.

ફ્યુચર એરક્રાફ્ટ ટ્રેનિંગ (FACT) પ્રોગ્રામ દ્વારા, કેનેડા ઈતિહાસમાં લશ્કરી ઉડ્ડયન તાલીમમાં સૌથી મહત્વપૂર્ણ રોકાણોમાંનું એક કરી રહ્યું છે. આ પ્રોગ્રામ $૯.૪ બિલિયનથી વધુ લાંબા ગાળાના રોકાણનું પ્રતિનિધિત્વ કરે છે અને રોયલ કેનેડિયન એરફોર્સના કર્મચારીઓની આગામી પેઢીને કેવી રીતે તાલીમ આપવામાં આવે છે. RCAFની વેબસાઈટ અનુસાર, આ આધુનિક તાલીમ કાર્યક્રમ મૂઝ જો અને મેનિટોબામાં બે બેઝમાં શરૂ કરવામાં આવી રહ્યો છે. આ પરિવર્તન કેનેડાના સાર્વભૌમત્વનું રક્ષણ કરવા માટે મહત્વનું છે.

# કેનેડા અને અમેરિકા સંબંધોમાં તંગદિલી 1940થી ચાલતી સૈન્ય સમજૂતી સ્થગિત

### કેનેડા વિશ્વસનીય પ્રગતિ દર્શાવવામાં નિષ્ફળ રહ્યાનો યુએસના મંત્રીનો આરોપ

**ટોરોન્ટો**

અમેરિકા અને કેનેડા વચ્ચે દાયકાઓથી ચાલી આવતી સંરક્ષણ ભાગીદારી તણાવમાંથી પસાર થઈ રહી છે. અમેરિકાના નાયબ સંરક્ષણ મંત્રી એલ્બ્રિજ કોલ્બીએ જાહેર કર્યું હતું કે, બંને દેશો વચ્ચે દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૪૦માં સ્થાપિત સ્થાયી સંયુક્ત સંરક્ષણ બોર્ડ અત્યારે તો સ્થગિત કરવામાં આવ્યું છે. અમેરિકાનો આ નિર્ણય અમેરિકા કેનેડા સૈન્ય સહકારના ઈતિહાસમાં એક મહત્ત્વનું અને અસામાન્ય પગલું માનવામાં આવે છે. આ પર્મેનન્ટ જોઈન્ટ બોર્ડ ઓન ડીફેન્સની સ્થાપના ઓગ્ડેંસબર્ગ સમજૂતી અંતર્ગત કરવામાં આવી હતી. તેનો હેતુ અમેરિકા અને કેનેડા વચ્ચે સંરક્ષણ રણનીતિ સલામતી અને ઉત્તર અમેરિકા મહાદ્વિપની સલામતી માટે સમન્વય સ્થાપવાનો હતો. બીજી તરફ અમેરિકાનાં નાયબ સંરક્ષણ મંત્રી એલ્બ્રિજ કોલ્વીએ સોશિયલ મીડીયા પોસ્ટમાં દાવો કર્યો હતો કે, કેનેડા પોતાનાં જ સંરક્ષણ માટે વિશ્વસનીય પ્રગતિ દર્શાવવામાં નિષ્ફળ રહ્યું છે. તેઓએ નિવેદનો અને નક્કર વાસ્તવિક્તા વચ્ચેનું અંતર સમજવા પણ અનુરોધ કર્યો હતો.



# મધર્સ ડે : કાવ્યો, સંગીત અને નૃત્યથી ભક્તિમય વાતાવરણ

## ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે રાવણ-લક્ષ્મણ સંવાદ અને કાગભૂષંડી મહાત્મ્ય સમજાવી હળવી રમૂજ પીરસી, પૂર્વ સભ્ય સ્વ. તુલસીદાસ થાનકીને મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પી










## બ્રામ્પ્ટનમાં યોજાયેલા કાર્યક્રમમાં વરિષ્ઠ સભ્યોએ ભજન-કીર્તન અને સ્વાદિષ્ટ ભોજનની સંગત માણી સ્વસ્થ જીવનનો સંકલ્પ કર્યો

**બ્રામ્પટન**

ગુજરાતી સિનિયર ક્લબ બ્રામ્પટન દ્વારા ૧૦ મે ૨૦૨૬ના રોજ આયોજિત માસિક પ્રોગ્રામની શરૂઆતમાં સમૂહ પ્રાર્થના અને ભજન થયા બાદ સંસ્થાના પૂર્વ સભ્ય તુલસીદાસ થાનકીનું દુ:ખદ અવસાન થયું હોવાથી સર્વે સભ્યોએ બે મિનિટ મૌન પાળી અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ હસમુખભાઈ પટેલે સર્વે સભ્યોને આવકારીને માતૃદિવસની શુભેચ્છાઓ પાઠવી અને જૂન અને ઓગસ્ટ માસના પિકનિકની વિગતવાર માહિતી આપી હતી.

આ સાથે જ ક્લબની નાણાકીય હિસાબની માહિતી તથા જરૂરી સલાહ સૂચન પણ તેમણે રજૂ કર્યા હતા. ઈશ્વરભાઈએ માતૃદિવસ નિમિત્તે માતાને લગતું ગીત મા તું કિતની અચ્છી હૈ.. ગાઈને સર્વેને ભાવવિભોર કરી દીધા હતા.

આજે મધર્સ ડે હોવાથી ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે સર્વપ્રથમ સ્વરચિત કાવ્ય મા વહાલ વેરતી સરિતાનું પઠન કરીને રામાયણના પ્રસંગોનું વર્ણન કરતા જણાવ્યું હતું કે, જ્યારે ભગવાન શ્રી રામ, રાવણ સાથેના યુદ્ધમાં વિજયી થવા માટે શિવલિંગની સ્થાપના રામેશ્વરમમાં કરવા માગતા હતા, ત્યારે દુર્જન તરીકે લેખાતા રાવણે પૂજારી તરીકે આવી શિવની ઉપાસના માટેની બધી જ વિધિ પૂરી કરવામાં પૂરતી મદદ કરી હતી. અને પૂજાને અંતે પગે લાગવા આવેલા રામ-સીતાને વિજયી ભવ:ના આશીર્વાદ આપ્યા હતા. યુદ્ધના મેદાનમાં જ્યારે રાવણ અંતિમ શ્વાસની ગણતરી કરી રહ્યો હતો ત્યારે પણ ચરણ સ્પર્શ કરવા આવેલા લક્ષ્મણને જ્ઞાન પીરસ્યું હતું. વધારામાં રામના પાંચ અવતાર અને ગીતાના પાંચ પ્રકારો વિશેનો વિશદ ખ્યાલ આપીને એમને કાગભૂષંડી અને ગરુડજી વચ્ચેના સંબંધ અને સંવાદનું માહાત્મ્ય જણાવી ભટ્ટે હળવી રમૂજના ટૂચકા રજૂ કરીને ક્લબના સભ્યોને આનંદિત કરી દીધા હતા. ગુરજોગ ફાઉન્ડેશન તરફથી આવેલા મિત્રોએ સંસ્થાની વિગતવાર માહિતી સાથે માર્ગદર્શન આપ્યું હતુ. સંસ્થાના મેમ્બર ક્રિષ્નાબહેને તંદુરસ્ત અને આનંદિત સ્વાસ્થ્ય માટે યોગ, આસનો તથા કસરતનું નિદર્શન કરી તેના પ્રભાવ અંગે વિગતવાર જાણકારી આપી હતી. અનિલકુમાર પ્રજાપતિએ તેમના મધુર સ્વરમાં ગીત સંભળાવ્યા હતા. મોહનભાઈ લાડે માતૃદિવસ નિમિત્તે પ્રભાવશાળી પ્રવચન કર્યું હતુ. જ્યારે મયુરીબેન દેસાઈએ બાળકનૈયાએ માતા યશોદાને મનાવવા માટે જે લીલાઓ કરી હતી તેદર્શાવતું મનમોહક નૃત્ય રજૂ કરીને સર્વેને આનંદિત કરી દીધા હતા. ઈશ્વરભાઈ પટેલે ફિલ્મ ગીત હમેં ઔર જીને કી. ગીત તેમના મધુર સ્વરમાં ગાયું હતુ. જે બાદ સભ્યોના જન્મદિવસ અને લગ્નતિથિની ઉજવણી કરવામાં આવી હતી. કાન્તીભાઈએ ડોનેશનની વિગત વાંચી સંભળાવી હતી. જશભાઈએ પ્રોગ્રામમાં હાજર રહેવા બદલ તથા વક્તા તરીકે ભાગ લેવા બદલ સભ્યોનો આભાર માન્યો, તથા ગુરજોગ ફાઉન્ડેશનના મિત્રોની સ્વસ્થ અને આનંદિત જીવન જીવવા માટેની માહિતી આપવા બદલ ક્લબ તરફથી આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણીને સ્વસ્થ જીવનનો સંકલ્પ લઈને સભ્યો છુટા પડ્યા હતા.

# મિસિસાગામાં એનિમલ ક્રૂઅલ્ટીના કેસમાં એક ધરપકડ, પીડિત બિલાડીઓનો રેસ્ક્યૂ

## આરોપી સામે કડક કાનૂની ગાળિયો કસાયો : 134 ગંભીર આરોપો દાખલ

**મિસીસાગા**

એનિમલ ક્રૂઅલ્ટીના આરોપોની તપાસ બાદ પોલીસે ડઝનબંધ બિલાડીના બચ્ચાં અને ઘણી પુખ્ત બિલાડીઓને બચાવી લીધી છે. ૧ એપ્રિલના રોજ પીલ રિજનલ પોલીસને એનિમલ વેલફેર સર્વિસીસ (AWS)તરફથી એવી અનેક ઘટનાઓ વિશે માહિતી મળી હતી. જેમાં બિલાડીના બચ્ચાં "દુ:ખદ સ્થિતિમાં" વેચાયા હતા અને બાદમાં તેમના નવા ઘરે લઈ જવામાં આવ્યા પછી તેમની ઈજાઓથી મૃત્યુ પામ્યા હતા. ૧૧ ડિવિઝન ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (CIB)ના તપાસકર્તાઓએ ૨૩ એપ્રિલના રોજ એનિમલ વેલફેર સર્વિસીસના સહયોગથી સર્ચ વોરંટનો અમલ કર્યો હતો. શોધ દરમિયાન કુલ ૫૭ બિલાડીના બચ્ચાં અને આઠ પુખ્ત બિલાડીઓને બચાવી લેવામાં આવ્યા હતા અને તેમને પ્રાણી બચાવ કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા. પ્રાણીઓને તાત્કાલિક પશુચિકિત્સા સંભાળ મળી હતી. આ ઉપરાંત મિસિસાગાના એક ૩૮ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. અને પ્રાણીઓને બિનજરૂરી પીડા પહોંચાડવાના ૧૩૪ આરોપોનો ગુનો મૂકવામાં આવ્યો છે. જામીનની સુનાવણી સુધી આ વ્યક્તિને કસ્ટડીમાં રાખવામાં આવી હતી.






તંત્રી સ્થાનેથી

# હવે 'ઈબોલા'નો આતંક : દુનિયા માથે વધુ એક મહામારીનું સંકટ

આફ્રિકાના દેશોમાં છેલ્લાં પખવાડિયાથી ઈબોલા વાઈરસ અત્યંત જોખમી રીતે ફેલાઈ રહ્યો છે. ખાસ કરીને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં તે જીવલેણ રીતે વકર્યો છે. અહીં ઈબોલાના કારણે ૧૩૧ લોકો અકાળે મોતને ભેટતા આખા દેશમાં ચિંતાનો માહોલ છવાયો છે. સરકારી તંત્રએ દોડતા થઈને તપાસ આરંભતા જ ૫૦૦ જેટલા શંકાસ્પદ કેસ મળી આવ્યા હતા.



તંત્રી - સ્વદેશ

ઈબોલા વાયરસ ડિસિઝ એ માણસો અને અન્ય પ્રાઈમેટ્સ જેમ કે વાંદરા અને ચિમ્પાન્ઝીમાં થતો એક અત્યંત ગંભીર અને જીવલેણ રોગ છે. આ વાયરસ ફિલોવિરિડે પરિવારનો સભ્ય છે.

સૌપ્રથમ ૧૯૭૬માં ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં 'ઈબોલા નદી'ની નજીક તેની શોધ થઈ હતી, જેના પરથી તેનું નામ 'ઈબોલા' રાખવામાં આવ્યું છે. વૈજ્ઞાનિકોના મતે જંગલમાં જોવા મળતા વિશિષ્ટ પ્રજાતિના ચામાચિડિયા આ વાયરસના મુખ્ય કુદરતી વાહક છે. વાયરસના મુખ્ય સ્ટ્રેન પાંચ પ્રકારા છે, જેમાંથી ત્રણ સૌથી વધુ જાણીતા અને ઘાતક છે, સૌ પ્રથમ ઝૈર સ્ટ્રેન સૌથી સામાન્ય અને સૌથી વધુ ઘાતક સ્ટ્રેન છે. જોકે, તબીબી જગત પાસે હાલમાં આના માટે વેક્સિન અને સારવાર ઉપલબ્ધ છે. બીજો સુદાન સ્ટ્રેન પણ મોટાપાયે સંક્રમણ ફેલાવવા માટે જવાબદાર છે.જ્યારે ત્રીજો બુંડીબુગ્યો સ્ટ્રેન ખૂબ જ દુર્લભ અને અત્યંત રહસ્યમય વેરિયન્ટ છે. ચિંતાની વાત એ છે કે આ સ્ટ્રેન માટે હજુ સુધી કોઈ ચોક્કસ રસી, સ્વીકૃત દવા કે સચોટ ટેસ્ટ ઉપલબ્ધ નથી.

મંગળવારે આફ્રિકામાંથી આવેલા અહેવાલ પ્રમાણે સમગ્ર દેશમાં ઈમર્જન્સી જાહેર કરી દેવામાં આવી હતી. પૂર્વ કોંગોમાં પણ ઈબોલાના ઘણા કેસ સામે આવ્યા બાદ યુગાંડામાં પણ એલર્ટ જાહેર કરી દેવાયું છે. યુગાંડામાં હાથ મેળવવા સામે અને ભેટવા સામે પ્રતિબંધ મૂકી દેવાયો છે. આફ્રિકી દેશોમાં ઈબોલાના ફેલાવા બાદ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા તેને મહામારી જાહેર કરી દેવાઈ છે. તેના માટે વૈશ્વિક ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે.

હવે કોરોના પછી વિશ્વને માથે ડોકાતા આ ગંભીર ખતરા સામે અત્યારથી અન્ય દેશોએ પણ સાવધ રહેવું પડે તેમ છે. આ વાયરસની ભયાનકતા બુંડીબુગ્યો સ્ટ્રેન છે. જેના કારણે ઈબોલા વ્યાપક રીતે ફેલાયો છે. શુક્રવારે તેના કેટલાક કેસ સામે આવ્યા અને મંગળવાર સુધીમાં કોંગોમાં ૧૩૧નાં મોત થઈ ગયા અને ૫૦૦થી વધુ લોકોની સ્થિતિ શંકાસ્પદ નોંધાઈ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રમુખ ટેડ્રોસે જણાવ્યું કે, ઈબોલા ફેલાવાની સ્થિતિને સરળતાથી લઈ શકાય તેમ નથી. યુગાંડામાં પણ બે શંકાસ્પદ કેસ આવ્યા છે. આ બુંડીબુગ્યો ઈબોલા દુર્લભ કહી શકાય તેવો વાઈરસ છે. તેના માટે હાલમાં કોઈ સારવાર કે રસી વિકસાવવામાં આવી નથી. કોંગો અને યુગાંડામાં અત્યાર સુધીમાં ૨૦થી વધુ વખત ઈબોલા વાઈરસ ફેલાયો છે, પણ ત્રીજી વખત બુંડીબુગ્યો સ્ટ્રેન જોવા મળ્યો છે. આ વખતે આ સ્ટ્રેન જીવલેણ બની રહ્યો છે. હાલમાં બુનિયા, ઉત્તરી કિવુની રાજધાની ગોમા, મોંગબવાલુ, બુટેમ્બો અને ન્યાકુંડે વિસ્તારમાં આ વાયરસના કેસ મળ્યા છે.

કોરોના બાદ આફ્રિકી દેશોમાં ઈબોલાના નવા સ્ટ્રેનની ઘાતક એન્ટ્રીએ ફરી એક વખત ગ્લોબલ ઈમર્જન્સીની સ્થિતિ ઊભી કરી છે. સતત વધી રહેલા કેસ અને ચિંતાજનક સ્થિતિના કારણે વિશ્વ આરોગ્ય સંસ્થાએ દુનિયાના તમામ દેશોને તકેદારી રાખવાનું સૂચન કર્યું છે. તાજેતરમાં જિનીવા ખાતે મળેલી બેઠકમાં કોવિડ બાદ ફરી એક વખત અન્ય કોઈ વાઈરસજન્ય બીમારી માટે મહામારીની ગ્લોબલ ઈમર્જન્સી જાહેર કરી છે. અધિકારીઓના મતે બુંડીબુગ્યો વાઈરસ સ્ટ્રેનના કારણે મોતની સંખ્યામાં વધારો થયો છે. તે ઉપરાંત તેનો ચેપ પણ ઝડપથી ફેલાઈ રહ્યો હોવાથી મુશ્કેલી વધી છે. ખાસ કરીને કોંગોમાં જ્યાં ગૃહયુદ્ધ જેવી સ્થિતિ છે, ત્યાં તપાસ અને સારવાર મેળવવી લોકો માટે પડકારરૂપ અને અત્યંત મુશ્કેલ બાબત છે. વળી, વાયરસ ફેલોતો રહેશે તો અન્ય આફ્રિકી દેશો સુધી પહોંચી શકે છે. આફ્રિકાના અન્ય દેશોમાંથી દુનિયાના બીજા દેશોમાં પણ આ વાઈરસ ફેલાઈ શકે છે. બુંડીબુગ્યો વાઈરસ ઈબોલાના મુખ્ય ત્રણ સ્ટ્રેનમાંથી એક છે. તેને ખૂબ જ દુર્લભ વેરિયન્ટ માનવામાં આવે છે. તે ઈબોલા વાઈરસ ડિસિઝનું મુખ્ય કારણ છે. ચિંતાજનક વાત એ છે કે, આ સ્ટ્રેન માટે હાલમાં કોઈ જ સારવાર આખી દુનિયામાં ઉપલબ્ધ નથી.

આ વાયરસ સામે લડવા કોઈ રસી નથી કે તેના માટે ચોક્કસ ટેસ્ટ પણ નથી. ઈબોલાના ઝૈર સ્ટ્રેન માટે રસી અને સારવાર ઉપલબ્ધ છે પણ બુંડીબુગ્યો માટે કશું જ નથી. તેના કારણે જ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા તેને અસાધારણ વાઈરસ અને અત્યંત જોખમી સ્થિતિ ગણાવાઈ રહી છે. ઈબોલા ખૂબ જ સંક્રામક અને જીવલેણ બીમારી છે. તેનાથી સંક્રમિત થતી વ્યક્તિને લોહીની ઉલ્ટીઓ થાય છે, ખૂબ જ પરસેવો થાય છે, લાળ પડે છે અને શરીરમાંથી અન્ય જગ્યાએથી પણ પ્રવાહી નીકળવા લાગે છે. આ વાઈરસ એવો છે જે માણસોની સાથે સાથે પ્રાણીઓમાં પણ ફેલાય છે.

ઈબોલાના બુંડીબુગ્યો વાઈરસની અસર થવા દરમિયાન શરૂઆતમાં માત્ર તાવ આવતો હોય છે. તેના કારણે તેની પ્રાથમિક અસર થકી તેની ઓળખ કરવી મુશ્કેલ હોય છે. સંક્રમિત વ્યક્તિને આકરો તાવ આવે છે, માથામાં દુખાવો ઉપડે છે, ગળામાં અને શરીર અને માંસપેશીઓમાં ખૂબ જ પીડા થાય છે, શરીરમાં અત્યંત નબળાઈ અનુભવાય છે અને સખત થાક લાગે છે. જેમ જેમ સંક્રમણ વધતું જાય છે તેમ તેમ આ સ્થિતિ વધારે ગંભીર થતી જાય છે. દર્દીઓને ઉલ્ટી થાય છે, ઝાડા થાય છે, પેટમાં દુખાવો ઉપડે છે, શરીર ઉપર લાલ ચકામા થાય છે, આંખો લાલ થાય છે અને શ્વાસ લેવામાં પણ સમસ્યા થાય છે. તેનાથી વધારે ગંભીર કિસ્સામાં શરીરની અંદર અને બહાર બ્લિડિંગ થવા લાગે છે. તેના કારણે જ આ સંક્રમણ જીવલેણ બની જાય છે. જાણકારોના મતે મોટાભાગે બે દિવસથી ૨૧ દિવસની વચ્ચે ઈબોલાના આ સંક્રમણના લક્ષણોને જોઈ શકાય છે. હાલમાં પ્રારંભિક ધોરણે ડોક્ટરો દ્વારા ડિહાઈડ્રેશનથી બચવા માટે કામચલાઉ સારવાર આપવામાં આવે છે. તે ઉપરાંત ઓક્સિજન સપોર્ટ, બ્લડ પ્રેશર કાબૂ કરવું અને સંક્રમણ કાબૂમાં રહે તેના માટે કેટલીક સામાન્ય દવાઓ આપવામાં આવે છે. કેટલાક વધુ સંક્રમણના કિસ્સામાં એન્ટિવાઈરલ દવાઓ અને એક્સપિરિમેન્ટલ દવાઓનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. સ્થિતિ એવી છે કે, બુંડીબુગ્યો સ્ટ્રેનમાં હજી સુધી કોઈ સ્વીકૃત દવા, સારવાર કે વેક્સિન શોધાયા નથી. હાલમાં તો લોકોને માસ્ક પહેરવાનો, ગ્લવ્ઝ પહેરવાનો અને વારંવાર હાથ ધોવાનો અને સંક્રમિત દર્દીઓથી અંતર જાળવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આફ્રિકામાં ઈબોલાને કારણે સર્જાયેલી સ્થિતિએ સમગ્ર વિશ્વમાં ચિંતા પ્રસરાવી છે. અનેક દેશો દ્વારા આફ્રિકા જવા આવવા અંગે ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. તેમાં તકેદારી રાખવાના આદેશો આપી દેવાયા છે. ત્યાંથી જતા-આવતા દરેક લોકોનું સ્કિનિંગ અને ચેકિંગ કરાઈ રહ્યું છે.

manoj1968@yahoo. ca






# પંચમહાલમાં 35 દિવસમાં 3.27 કરોડથી વધુ રકમની હેરાફેરી

### પૂર્વ બ્રાન્ચ ઓફિસર સહિત 3ની ધરપકડ, કો-ઓર્ડિનેશન સેન્ટરના 'સમન્વય પોર્ટલ' પરથી મહત્વનો ડેટા મેળવ્યો

**પંચમહાલ**

પંચમહાલમાં રાજ્યવ્યાપી ઓપરેશન 'મ્યૂલ હંટ'ની તપાસમાં શહેરા પોલીસને સફળતા મળી છે. શહેરા પોલીસ મથકે નોંધાયેલા સાયબર ફ્રોડના એક ગુનામાં પી.ડી.સી. બેંકના પૂર્વ કરાર આધારિત બ્રાન્ચ ઓફિસર સહિત કુલ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ શાતિર આરોપીઓએ માત્ર 30 થી 35 દિવસના ટૂંકા ગાળામાં જ ચાર બેંક ખાતાઓની મદદથી રૂપિયા 3.27 કરોડથી વધુની માતબર રકમની હેરાફેરી આચરી હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. સાયબર ગુનેગારો દ્વારા ઉપયોગમાં લેવાતા 'મ્યૂલ એકાઉન્ટ્સ' સામે કડક કાર્યવાહી



કરવા માટે શહેરા પોલીસે ભારત સરકારના ઇન્ડિયન સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટરના 'સમન્વય પોર્ટલ' પરથી મહત્વનો ડેટા મેળવ્યો હતો. આ પોર્ટલ પર સાયબર ક્રાઈમમાં વપરાયેલા શંકાસ્પદ બેંક એકાઉન્ટ્સ, હાઈ વેલ્યુ ચેક ટ્રાન્ઝેક્શન અને એટીએમ વિડ્રોલની વિગતો ઉપલબ્ધ હતી. આ સચોટ ડેટાના આધારે વર્ષ 2025માં શહેરા પોલીસ મથકે સાયબર ક્રાઈમનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કરાયા હતા.

ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદ લીધી હતી. જેના આધારે પોલીસે સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલા વિષ્ણુનગર-2 માંથી બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આરોપીઓમાં આદર્શ વિજય શુક્લા (ઉ.વ. 19): મૂળ રહે. કનાવા, પોસ્ટ બીજુરકા, જિ. જોનપુર, ઉત્તરપ્રદેશ. જીશુ પંકજ મિશ્રા (ઉ.વ. 21): મૂળ રહે. ધાજી સિરસીમવ, સીતામઢી, બિહારનો સમાવેશ થાય છે.

પકડાયેલા બંને આરોપીઓની પોલીસે જ્યારે સઘન પૂછપરછ હાથ ધરી ત્યારે સમગ્ર કાવતરાના મુખ્ય સૂત્રધાર તરીકે પી.ડી. સી. બેંકના તત્કાલીન કરાર આધારિત બ્રાન્ચ ઓફિસર સપન ઘનશ્યામભાઈ પરીખ (રહે. મેડિસિટી એપાર્ટમેન્ટ, માર્કેટિંગ યાર્ડ, ગોધરા) ની મુખ્ય ભૂમિકા સામે આવી હતી. પોલીસે વિલંબ કર્યા વિના તાત્કાલિક કાર્યવાહી કરી સપન પરીખની પણ ધરપકડ કરી લીધી છે. ઉલ્લેખનીય છે કે, આ ગેરરીતિ સામે આવતા બેંક દ્વારા અગાઉ જ સપન પરીખને નોકરીમાંથી ટર્મિનેટ કરી દેવામાં આવ્યો હતો.

## અમને ઓછા મત આપ્યા, પાણી નહીં મળે : ભાજપ કાર્યકરની દાદાગીરી

**વલસાડ**

ગઢવી ગામના તાંબડમાળ ફળિયામાં વર્ષો પહેલાં સરકારી ખર્ચે એક હેન્ડપંપ (બોર) બનાવવામાં આવ્યો હતો. આ હેન્ડપંપ ગામના ભાજપ કાર્યકર અને મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલક અમરેશ તુલજી બુધલની ખાનગી જમીનમાં આવેલો છે.

સ્થાનિક રહીશોના આક્ષેપ અનુસાર, ચૂંટણીમાં ભાજપને આ વિસ્તારમાંથી ઓછા મત મળતાં, અમરેશે રાજકીય અદાવત રાખીને 17 મેથી આખા ફળિયા માટે પાણીના દ્વાર બંધ કરી દીધા છે. તેણે ગ્રામજનો સાથે માથાકૂટ કરતા કહ્યું કે, "અમને મત ઓછા આપ્યા છે, સરકારી બોર ભલે રહ્યો પણ જમીન મારી છે, અહીંથી કોઈને પાણી નહીં મળે." આ હેન્ડપંપ ફળિયાના 35 પરિવારો એટલે કે 200થી વધુ લોકો માટે જીવનદોરી સમાન હતો, જે હવે બંધ કરી દેવાયો છે.પાણી બંધ થતાં ફળિયાની મહિલાઓ અને માસૂમ દીકરીઓને ભરબપોરે 40 ડિગ્રી તાપમાં 800 મીટર દૂર સુધી ભટકવું પડે છે. પીવાનું પાણી લાવવા માટે નાની દીકરીઓએ ભણવાની ઉંમરે જંગલના પથરાળ, ઉબડ-ખાબડ અને કાંટાળા રસ્તાઓ પર માથા પર બે-બે બેડાં ઉપાડીને ડુંગરા ખૂંદવા પડે છે.

## ગુજરાતમાં દલિતો સાથે ભેદભાવ : રૂપાલમાં હિજરતની ચીમકી, માઢીમાં વરઘોડો રોક્યો

### સાબરકાંઠાના તલોદ, મહેસાણાના વિજાપુર, સુરેન્દ્રનગરના પાટડીમાં ઘટનાઓ બની

**ગાંધીનગર**

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રૂપાલ ગામમાં દલિત સમાજ પર થઈ રહેલા અત્યાચારનો મામલો ગરમાયો છે. ગામના અસામાજિક તત્વો દ્વારા દલિતો સાથે સામાજિક, આર્થિક, ધાર્મિક અને ન્યાયિક સ્તરે ભેદભાવ રાખવામાં આવ્યોનો આક્ષેપ કરાયો છે.

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના માઢી ગામેથી સામે આવ્યો છે. ગત 10મી મેના રોજ ગામમાં એક દલિત પરિવારના લગ્ન પ્રસંગ



દરમિયાન વરરાજાનો વરઘોડો નીકળ્યો હતો. આ દરમિયાન કેટલાક તત્વોએ વરરાજાને ઘોડા પરથી નીચે ઉતારી દીધા હતા અને જાતિસૂચક ગાળો આપી વરઘોડો રોકી દીધો હતો.

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના મેતાસર ગામે બની છે. રાજકોટમાં રહેતો એક દલિત પરિવાર વતન મેતાસર ગામે આવ્યો હતો. આ પરિવારની વ્યક્તિઓ ગામના કૂવે પાણી ભરવા ગઈ ત્યારે તેમને પાણી ભરતા અટકાવવામાં આવ્યા હતા અને સમગ્ર પરિવારનો સામાજિક બહિષ્કાર કરી દેવાયો હતો. ગત શનિવારે આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ પોલીસે કડક વલણ અપનાવીને અત્યાચાર ગુજારનારા 6 શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## ચકચારી ભાયલી સામૂહિક દુષ્કર્મમાં કેસમાં કોર્ટ સમક્ષ દલીલો રજૂ, 5 આરોપીઓ પકડાયા હતા

### બચાવ પક્ષનો તમામ ટેકનિકલ દાવાઓ અને લોકેશનના પુરાવાઓને નકારવાનો પ્રયાસ

**વડોદરા**

સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનાર વડોદરાના ચકચારી ભાયલી ગેંગરેપ કેસની કાયદાકીય કાર્યવાહી હવે તેના અંતિમ પડાવ પર પહોંચી ગઈ છે. નવરાત્રી દરમિયાન બિલ રોડ પર સગીરા સાથે આચરાયેલા સામૂહિક દુષ્કર્મના આ ગુનામાં આજે સ્પેશિયલ પોક્સો કોર્ટ સમક્ષ બંને પક્ષો દ્વારા છેલ્લી અને ફાઈનલ દલીલો રજૂ કરવામાં આવી હતી. બંને પક્ષના વકીલોએ પોતપોતાના દાવાઓ મજબૂત કરવા માટે અદાલત સમક્ષ કલાકો સુધી દલીલોનો દોર ચલાવ્યો હતો.

આજની સુનાવણીમાં મુખ્યત્વે ડિજિટલ અને ઈલેક્ટ્રોનિક પુરાવા પર બંને પક્ષે દલીલો કરવામાં આવી હતી. સ્પેશિયલ સરકારી વકીલ શૈલેષ પટેલ અને મુખ્ય સરકારી વકીલ અનિલ દેસાઈએ તમામ પાંચેય આરોપીઓના મોબાઈલ ફોનની કોલ ડિટેઈલ રેકોર્ડ (સીડીઆર) અને ટેકનિકલ ડેટા ગુનાના સ્થળે તેમની હાજરીને મજબૂત રીતે પ્રસ્થાપિત કરે છે અને અગાઉ 45 સાક્ષીઓની જુબાની અને સીસીટીવી ફૂટેજ - આ તમામ પુરાવાઓ ગુનો સાબિત કરવા માટે સક્ષમ હોવાની દલીલો કરી હતી.

બીજી તરફ, બચાવ પક્ષના વકીલોએ સરકારી પક્ષના આ તમામ ટેકનિકલ દાવાઓ અને લોકેશનના પુરાવાઓને નકારવાનો પ્રયાસ કર્યો હતો. બચાવ પક્ષે અદાલતમાં એવી દલીલ કરી હતી કે ઘટનાના સમયે આરોપીઓનું વાસ્તવિક લોકેશન ગુનાના સ્થળથી ઘણું દૂર હતું.

## વડોદરામાં કન્સ્ટ્રક્શન સાઇટ પર 8 ફૂટનો મગરનું દિલધડક રેસ્ક્યૂ

**વડોદરા**

વડોદરામાં નાગરવાડા વિશ્વામિત્રી બ્રિજ નીચે હાલ કન્સ્ટ્રક્શનનું કામ ચાલી રહ્યું છે. આજે સવારે મજૂરો જ્યારે કામ પર હતા, ત્યારે કન્સ્ટ્રક્શન માટે ખોદવામાં આવેલા એક ઊંડા ખાડામાં આશરે 8 ફૂટ લાંબો એક વિશાળકાય મગર નજરે પડ્યો હતો. આટલા મોટા મગરને એકદમ નજીક જોઈને કામદારો સ્તબ્ધ થઈ ગયા હતા અને તાત્કાલિક કામ અટકાવી દેવામાં આવ્યું હતું. બનાવની જાણ સ્થાનિક લોકો અને કોન્ટ્રાક્ટર દ્વારા તાત્કાલિક ફોરેસ્ટ વિભાગને કરવામાં આવી હતી. વન વિભાગની રેસ્ક્યુ ટીમ ઈમરજન્સી સાધનો સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. મગર કન્સ્ટ્રક્શનના ખાડામાં ફસાઈ ગયો હોવાથી ભારે આક્રમક મૂડમાં હતો. ટીમ તેને પકડવાનો પ્રયાસ કરતી ત્યારે તે ખાડામાં ધમપછાડા કરતો હતો, જેના કારણે વન વિભાગના કર્મચારીઓને કાબૂમાં લેવામાં મુશ્કેલીઓ પડી હતી. અંતે ફોરેસ્ટ વિભાગે પોતાની કુશળતાનો ઉપયોગ કરી મગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી લીધું હતું. વન વિભાગના સુરક્ષિત બહાર કઢાયેલા આ મગરને ફરીથી તેના કુદરતી આવાસ એટલે કે નદીના ઊંડા પાણીમાં છોડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## વડોદરામાં અકાળે મોતના બે અજીબ કિસ્સા, એક બાળકી અને એક ડોક્ટરનું મોત

**વડોદરા**

વડોદરાના બરાનપુરામાં એક નિર્માણાધિન ઈમારતની છત પર વાંદરાઓ રમતા હતા. અહીં એક સ્લેબ તેમનાથી ઉખેડી નાખવામાં આવ્યો અને તે અહીં કમ્પાઉન્ડમાં રમતી ત્રણ વર્ષની બાળકી ધ્રુવી રાઠવા પર પડતાં બાળકીને ગંભીર ઈજા થતાં મોત થયું હતું.

અન્ય ઘટનામાં વડોદરાથી આણંદ જતી વખતે નંદેસરી પોલીસ હદમાં ફાજલપુર નજીક આયુર્વેદના ચિકિત્સક ડૉ. જૈનેશ પટેલ ચાલતી ટ્રેનમાંથી મહી નદીમાં ડૂબી ગયા હતા. 41 વર્ષીય બીએએમએસ ડિગ્રી ધારક ડૉ. જૈનેશ પટેલ પરિણીત હતા અને આણંદમાં રહેતા હતા. નંદેસરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ આત્મહત્યા કે અકસ્માત છે તે અંગે તપાસ કરાશે.

## સાંસદ મનસુખ વસાવા આક્રમક મિજાજમાં દેડિયાપાડામાં કાર્યકરોને જાહેરમાં ખખડાવ્યા

### દેડિયાપાડામાં મનોમંથન કાર્યક્રમમાં સાંસદ મનસુખ બગડ્યા

**ભરૂચ**

દેડિયાપાડા ખાતે યોજાયેલા ભાજપના એક 'મનોમંથન કાર્યક્રમ'માં સાંસદ મનસુખ વસાવાએ પક્ષના સ્થાનિક હોદેદારો સામે જાહેરમાં ગંભીર આક્ષેપો કર્યા હતા.

મનોમંથન કાર્યક્રમમાં કાર્યકર્તાઓને સંબોધતા સાંસદ મનસુખ વસાવાએ જિલ્લા ભાજપ પ્રમુખ નિલ રાવ અને મહામંત્રી હિતેશ વસાવા (ભોલો) સામે સીધો મોરચો ખોલ્યો હતો. તેમણે આકરા શબ્દોમાં કહ્યું કે, 'સામે પક્ષેથી ચૈતર વસાવા ડરાવે એ તો યોગ્ય છે, પરંતુ નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ અને મહામંત્રી પોતે જ જો કાર્યકર્તાઓને ડરાવે, તો એનો અર્થ એ થયો ને કે તેઓ ચૈતર સાથે મળેલા છે!' ભાજપ સાંસદ મનસુખ વસાવાએ ઉમેર્યું કે, 'જિલ્લા પ્રમુખ નિલ રાવને કોઈનાથી ડરવાની જરૂર નથી. જો તમારે રાજકીય કરિયર બનાવવું હોય તો અમારી સાથે જોડાઈ જાવ. વર્ષોથી અમે પક્ષ માટે કામ કરીએ છીએ, તમે તો આજકાલના આવેલા છો! તે ઓરિજિનલ ભાજપનો નથી અને હમણાં અહીં આદિવાસીઓને ડરાવવા નીકળી પડ્યા છો? નિલ ક્યાં હતો અને તારું શું અસ્તિત્વ હતું?'

## સુરતમાં કૂતરાએ બચકું ભરી માસૂમનો માંસનો લોચો કાઢી નાખ્યો, મેમાં 570 કેસ નોંધાયા

**સુરત**

સુરત નજીક પીપોદરા ખાતે આવેલી એક ફેક્ટરીમાં મજૂરી કામ કરતા એક યુવકનો અઢી વર્ષનો દીકરો ફેક્ટરીની અંદર રૂમ પાસે રમતો હતો. તે વખતે એક હડકાયા કૂતરાએ હુમલો કરી દીધો હતો. કૂતરાએ બાળકના ગાલે એટલું ભયાનક બચકું ભર્યું હતું કે ત્યાંથી માસૂમનો માંસનો લોચો નીકળી ગયો હતો. આ પહેલા લિંબાયત વિસ્તારનો વીડિયો વાયરલ થયો હતો. અચાનક જ 3થી 4 હિંસક શ્વાને બાળકો પર હિચકારો હુમલો કર્યો હતો. ડોગ બાઈટના જાન્યુઆરીમાં 1148 કેસ, ફેબ્રુઆરીમાં 974 કેસ, માર્ચમાં 1136 કેસ, એપ્રિલમાં 1026 કેસ અને ચાલુ મહિને અત્યાર સુધીમાં 570થી વધુ કેસ નોંધાયા છે.

# રાજકોટમાં માંકડ મારવાની દવા ભેળવીને બે મિત્રોને પતાવી દેવાતાં ભારે ચકચાર

## પોલીસે આરોપી જીણા ભગત, બુટલેગર રામલા અને અન્ય સપ્લાયરની અટકાયત કરી

**રાજકોટ**

રાજકોટના સંત કબીર રોડ પર આવેલી ભગીરથ સોસાયટીમાં દેશી દારૂ પીવાથી મનસુખભાઈ ડાભી અને અલ્પેશભાઈ સાબરીયા નામના બે મિત્રોના શંકાસ્પદ મોતની ઘટનામાં ડબલ મર્ડરનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. ઘટનાસ્થળે દારૂની કોથળીઓ મળતાં શરૂઆતમાં આ ઘટના લઠ્ઠાકાંડ હોવાની આશંકા સેવાઈ રહી હતી, પરંતુ પોલીસની ઊંડી તપાસમાં તે આયોજનબદ્ધ હત્યા હોવાનું ખૂલ્યું હતું. મૃતકના પુત્રની ફરિયાદના આધારે પોલીસે મુખ્ય આરોપી જીણા ભગત, બુટલેગર રામલા અને અન્ય સપ્લાયરની અટકાયત કરી હતી.

કડક પૂછપરછ દરમિયાન આરોપી જીણા ભગતે કબૂલાત કરી હતી કે ભૂતકાળમાં મનસુખભાઈએ પોલીસને તેનું ઘર બતાવ્યું હોવાથી તેણે અદાવત રાખી હતી. આ જૂના ખારના કારણે તેણે દેશી દારૂમાં માંકડ મારવાની ઝેરી દવા ભેળવી બંને મિત્રોને પીવડાવીને ક્રૂર હત્યા કરી હતી.

આ કેસમાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે પકડાયેલા આરોપી જીણા ભગતે બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના લોકઅપમાં આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સતર્ક પોલીસ કર્મચારીઓએ તેને બચાવી લીધો હતો. હાલ પોલીસે ડબલ મર્ડર અને આત્મહત્યાના પ્રયાસના ગુના નોંધી કડક કાર્યવાહી શરૂ કરી છે.

# કોબની કુખ્યાત ગેંગ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કાર્યવાહી, સાત સભ્ય સામે ગુનો

**ઉના**

તાલુકાના ગ્રામિણ વિસ્તારમાં આતંક મચાવતી કુખ્યાત યાગી ગેંગ વિરુદ્ધ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. ઉના, નવાબંદર, કોડીનાર અને સોમનાથ મરીન વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી સક્રિય રહી ગુના અને પ્રોહિબિશનના ગુના આચરતી ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સિન્ડિકેટ વિરુદ્ધ ધી ગુજરાત કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ હેઠળ અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગેંગ લીડર નરેન્દ્ર ઉર્ફે યાગી ઉર્ફે યાજ્ઞિક ભીમાભાઈ બાંભણીયા સહિત કુલ 7 આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો છે.

જુનાગઢ રેન્જ ડી. આઈ.જી.પી. રાજેન્દ્રસિંહ ચુડાસમા, ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સંગઠિત ગુનાઓ આચરતી ટોળકીઓ સામે ઝુંબેશ ચલાવાઈ રહી છે. એસ.પી. જાડેજાની સૂચના મુજબ એલ.સી.બી.ના પો.ઈન્સ. એસ.વી. રાજપુત,ઈન્ચા. પો.ઈન્સ. એ.સી. સિંધવ તથા પો. સબ ઈન્સ. એચ.એલ. જેબલીયા દ્વારા અતિગુપ્ત રાહે તપાસ કરી ઈ-ગુજકોપ દ્વારા માહિતી મેળવવામાં આવી હતી.

# જામનગરમાં CAનો અભ્યાસ કરતી યુવતીનો 9માં માળેથી કૂદી આપઘાત

## યુવતીએ ડિપ્રેશનના કારણે પગલું ભર્યાની આશંકા

**જામનગર**

જામનગર શહેરના પંચેશ્વર ટાવર નજીક ગોવાળ મસ્જિદ સામે આવેલા શાલિગ્રામ એપાર્ટમેન્ટમાં 22 વર્ષીય યુવતી શાલિગ્રામ એપાર્ટમેન્ટના નવમા માળેથી છલાંગ લગાવી દીધી હતી. ઊંચાઈ પરથી પછડાટના કારણે યુવતીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ભારે રક્તસ્ત્રાવ થવાના લીધે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. આ ભયાનક ઘટનાને પગલે આસપાસના સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક 108 ઈમરજન્સી સેવાને જાણ કરી હતી. 108ની ટીમે ઘટનાસ્થળે પહોંચી યુવતીને મૃત જાહેર કરી હતી. ત્યારબાદ જામનગર સિટી "એ" ડિવિઝન પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે એપાર્ટમેન્ટના સીસીટીવી (CCTV) ફૂટેજ તપાસતા યુવતી લિફ્ટ મારફતે નવમા માળે જતી સ્પષ્ટ જોવા મળી હતી. તે કલ્યાણીના ચોક પાસે આવેલા ઝવેરીની ડેલી વિસ્તારમાં રહેતી હતી.

# કરકસર મુદ્દે સરકારની દંભનીતિ ખુલ્લી પડી ગુજરાતમાં મંત્રીઓનો કારનો ઠઠારો અકબંધ

## મંત્રીઓના નિવાસસ્થાને સચિવાલય નજીક છતાં એકબીજા સાથે આવવા તૈયાર નથી

**ગાંધીનગર**

રાજ્ય સરકારની કથની અને કરણી વચ્ચેનો તફાવત ખુલ્લો પડ્યો છે. એક બાજુ, સરકાર પ્રજાને પેટ્રોલ-ડીઝલનો કરકસરયુક્ત ઉપયોગ કરવાના ઉપદેશો આપે છે, તો બીજી તરફ, ખુદ મંત્રીઓ જ નિયમોનો અમલ કરવા તૈયાર નથી. સરકારે પરિપત્ર જાહેર કરીને તમામ મંત્રી અને ઉચ્ચ અધિકારીઓ 'કાર પૂલિંગ' (એક જ ગાડીમાં સાથે આવવું) કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ આ આદેશ માત્ર કાગળ પર જ શોભી રહ્યો છે, કારણ કે વીઆઈપી કલ્ચરમાં રાચતા મંત્રીઓને ગાડીઓનો મોહ છૂટતો નથી. કારપુલિંગ કરવામાં મંત્રીઓ જાણે નાનમ અનુભવી રહ્યા છે. મંત્રીઓના સરકારી નિવાસસ્થાનથી સચિવાલયનું અંતર માંડ થોડા કિલોમીટરનું છે. આટલા ટૂંકા અંતર માટે પણ મંત્રીઓ એકબીજા સાથે ગાડીમાં અવરજવર કરવા તૈયાર નથી. સચિવાલયમાં જોવા મળી રહ્યું છે કે, બધાય મંત્રી સરકારી ગાડીઓમાં એકલા સવાર થઈને વટથી ફરે છે. આ દ્રશ્યો જોઈને એમ લાગે કે, શું નિયમો અને શિસ્તના પાઠ માત્ર સામાન્ય જનતાએ જ ભણવાના? મંત્રીઓને કોઈ નિયમ લાગુ પડે નહીં? એક બાજુ મોંઘવારી અને ઈંધણના વધતા ભાવથી સામાન્ય માણસ પીસાઈ રહ્યો છે, ત્યારે પ્રજાના ટેક્સના પૈસા પર ચાલતી આ સરકારી ગાડીઓનો બેફામ ઉપયોગ એ મંત્રીઓની વૈભવી માનસિકતા દર્શાવે છે. જો મંત્રીઓ જ પોતે જ વીઆઈપી કલ્ચર છોડવા તૈયાર ન હોય, તો પ્રજા પાસે કરકસરની અપેક્ષા રાખવી એ સદંતર દંભ છે.

# સરકાર માત્ર ભાષણો કરવામાં જ શૂરી, ઈવી ઈન્ડેક્સમાં ગુજરાત 27મા ક્રમે પહોંચી ગયું

## વાહન ચાર્જિંગ પોઈન્ટ ઉપલબ્ધ કરાવવાની બાબતમાં રાજ્ય દેશમાં 22મા ક્રમે

**ગાંધીનગર**

પેટ્રોલ-ડીઝલના બેફામ ભાવવધારાથી સામાન્ય નાગરિકની કમર ભાંગી ગઈ છે, ત્યારે પ્રદૂષણ મુક્તિ માટે ઈલેક્ટ્રિક વાહનો અપનાવવાની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે. વાહન ચાર્જિંગ પોઈન્ટ ઉપલબ્ધ કરાવવાની બાબતમાં રાજ્ય દેશમાં 22મા ક્રમે અને કોમર્શિયલ ઈલેક્ટ્રિક વાહનો અપનાવવામાં 27મા ક્રમે ફસડાયું છે. આ આંકડા સાબિત કરે છે કે સરકાર પાસે માત્ર ભાષણોનું જ



રિચાર્જ છે, વાહનો ચાર્જ કરવાનું કોઈ ઠેકાણું નથી.

ગુજરાતની EV પોલીસીની અમલવારીમાં પાંચ-પાંચ વર્ષ થયા છતાં કેવી અમલવારી કરી છે અને કેટલી ઈચ્છા શક્તિ છે તેની પોલ કેન્દ્ર સરકારના અહેવાલમાં જ ખુલ્લી પડી છે. ઈન્ડિયા ઈલેક્ટ્રિક મોબિલિટી ઈન્ડેક્સ સૂચકાંકમાં સમગ્ર દેશમાં ગુજરાત 16મા ક્રમાંકે છે. ઈલેક્ટ્રિક વાહનો ખરીદી અને કામગીરીને પ્રોત્સાહન મુદ્દે સૂચકાંકમાં ગુજરાતે 100માંથી 37 સ્કોર, રીસર્ચ અને ડેવલોપમેન્ટ સૂચકાંકમાં 46 સ્કોર, ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સૂચકાંકમાં 44 સ્કોર, ખાનગી ઈલેક્ટ્રિક વાહનો અપનાવાનો સૂચકાંકમાં 51 સ્કોર મેળવ્યાં છે.

# અમદાવાદમાં નેપાળી યુવતીને આપઘાત માટે મજબૂર કરનારા પ્રેમીની ધરપકડ

**અમદાવાદ**

અમદાવાદમાં કૃષ્ણનગર ખાતે રહીને ચેતન છૂટક મજૂરી કામ કરતો હતો. શરૂઆતના સમયમાં તે યુવતીને સારી રીતે રાખતો હતો, પરંતુ 5 મેના રોજ યુવતીએ પોતાના પિતાને ફોન કરીને પોતાની આપવીતી વર્ણવી હતી. તેણે જણાવ્યું હતું કે ચેતન તેને ખૂબ હેરાન કરે છે અને ઘરની બહાર જવા કે કોઈ સગા-સંબંધીને મળવા પણ દેતો નથી. આ બંધન અને ત્રાસના પરિણામે યુવતીએ ઘર છોડ્યાના બે મહિના જેટલા ટૂંકા સમયમાં જ પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના PIએ જણાવ્યું કે, 'કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં તારીખ 15 મેના રોજ નોંધાયેલા અકસ્માત મોતના કેસની તપાસ દરમિયાન ટીમને જાણવા મળ્યું કે મરણ જનાર યુવતીનું નામ ચેતનાબેન જેઉન બિસ્ટ અને આરોપીનું નામ ચેતન ભવિલાલ બોહરા છે, તેમજ આ બંને મૂળ નેપાળના રહેવાસી છે. આ બંને છેલ્લા ચાર-પાંચ વર્ષથી પ્રેમ સંબંધમાં હતા અને નેપાળમાં ફેસબુકના માધ્યમથી એકબીજાના સંપર્કમાં આવ્યા હતા, કારણ કે તેમના ગામ પણ એકબીજાથી માત્ર પાંચ કિલોમીટરના અંતરે જ આવેલા છે. ગત તારીખ 24 માર્ચના રોજ તેઓ નેપાળથી ભાગીને અહીં આવ્યા હતા. પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો.

# લાઈફસ્ટાઈલમાં બદલાવને લીધે ગુજરાત દેશમાં ડાયાબિટીસના કેપિટલ બન્યું, દવાનું માર્કેટ 118 કરોડ રૂપિયા પર પહોંચી ગયું

## એપ્રિલમાં ડાયાબિટીસીની દવાઓના વેચાણમાં અત્યાર સુધીનો સૌથી મોટો માસિક ઉછાળો નોંધાયો

**અમદાવાદ**

ખાનપાન અને લાઈફસ્ટાઈલમાં આવેલા બદલાવના કારણે ગુજરાત દેશમાં ડાયાબિટીસના કેપિટલ તરીકે ઉભરી રહ્યું છે. ભારતમાં અને કેટલાક વૈશ્વિક માર્કેટમાં પેટન્ટની મુદત પૂર્ણ થયા બાદ સેમાગ્લુટાઈડ આધારિત સસ્તા વિકલ્પો બજારમાં આવવાના કારણે ગુજરાતમાં એપ્રિલ 2026માં ડાયાબિટીસીની દવાઓના વેચાણમાં અત્યાર સુધીનો સૌથી મોટો માસિક ઉછાળો નોંધાયો છે. આ બજાર વાર્ષિક ધોરણે 30 ટકા વધીને 118 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે.

શરૂઆતમાં મુખ્યત્વે ડાયાબિટીસની સારવાર



માટે અપાતી દવાઓ હવે નિષ્ણાતોની દેખરેખ હેઠળ સીધી પીસીઓએસ અને મેદસ્વીતા સંબંધિત હોર્મોનલ સમસ્યાઓ ધરાવતી મહિલાઓ સહિત અન્ય મેડિકલ શાખાઓમાં પણ વધુને વધુ ભલામણ કરવામાં આવી છે.

ડાયાબિટીસ અને વજન ઘટાડવાની દવામાં મુખ્ય ઘટક તરીકે વપરાતા સેમાગ્લુટાઈડની પેટન્ટ મુખ્ય બજારોમાં સમાપ્ત થતાં આ ઉછાળો આવ્યો છે, જેનાથી ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓ માટે ઓછી કિંમતની દવા (જેનરિક દવાઓ) બજારમાં લાવવાનો માર્ગ મોકળો થયો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, એન્ટી-ડાયાબિટીક થેરાપીમાં વૃદ્ધિ સ્પષ્ટપણે સેમાગ્લુટાઈડના વધુ વપરાશ સાથે જોડાયેલી છે. અગાઉ ખૂબ ઊંચી કિંમતોને કારણે આ દવાઓ મર્યાદિત દર્દીઓ સુધી જ પહોંચતી હતી. જેનરિક દવાઓની વ્યાપક ઉપલબ્ધતાને લીધે દર્દીઓની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે.

# હાલોલના કંજરીમાં વીજકરંટ લાગતા બે યુવકોના મોત

**હાલોલ**

કંજરી પાસે આવેલા પાટિયાના મુવાડા ગામે ભાડાની ઓરડીમાં રહેતા બે શ્રમિક યુવકોનું વીજ કરંટ લાગવાના કારણે કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. એક યુવકને કરંટ લાગ્યા બાદ તેને બચાવવા જતાં બીજા યુવકે પણ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. મૂળ છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના રહેવાસી વિજયભાઈ રાઠવા અને રાકેશભાઈ રાઠવા હાલોલની એક કંપનીમાં મજૂરી કામ કરતા હતા. તેઓ અહીં કંજરી મુવાડા ગામે એક ભાડાની ઓરડી રાખીને રહેતા હતા. પ્રાથમિક તપાસ અને તારણો મુજબ, આ શ્રમિકો જે ઓરડીમાં રહેતા હતા તે લોખંડના પતરાવાળી હતી. મકાન પરથી પસાર થતો વીજ વાયર પતરા અથવા લોખંડના સળિયાના સંપર્કમાં આવી જતાં આખી ઓરડીમાં વીજ પ્રવાહ (કરંટ) ઉતરી આવ્યો હતો.

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નવા શાસકોને સુકાન

**ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયા બાદ તમામની નજર મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતોના નવા પદાધિકારીઓ (પ્રમુખ અને ઉપ પ્રમુખ) કોણ બનશે તેના પર ટકેલી હતી. આ આતુરતાનો અંત લાવતા 19મી મેએ રાજ્યની 84 નગરપાલિકાઓના પ્રમુખ અને ઉપ પ્રમુખ સહિતના ઉચ્ચ પદાધિકારીઓના નામોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી હતી.**

■ **ખંભાળિયા (દેવભૂમિ દ્વારકા):** પ્રમુખ વિજય કણઝારિયા, ઉપ પ્રમુખ આશા લુણા, કારોબારી ચેરમેન રાજ પાબરી.

■ **કપડવંજ (ખેડા):** પ્રમુખ સેજલબેન પટેલ, ઉપ પ્રમુખ નેહાબહેન ઓઝા, કારોબારી ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ, પક્ષના નેતા ભદ્રેશકુમાર સુતરિયા, દંડક જયશ્રીબહેન શર્મા.

■ **તાલાલા:** પ્રમુખ ભૂપતભાઈ હીરપરા, ઉપ પ્રમુખ નીશાબહેન તન્ના, કારોબારી ચેરમેન રજની દવે.

■ **સિદ્ધપુર:** પ્રમુખ રણજીતસિંહ સોલંકી, ઉપ પ્રમુખ પ્રમોદ પટેલ.

■ **મુન્દ્રા બારોઈ:** પ્રમુખ ભોજરાજ ગઢવી, ઉપ પ્રમુખ આશા સોરઠિયા, કારોબારી ચેરમેન ધમભા ઝાલા, શાસક પક્ષના નેતા દિલીપ ગૌર, દંડક પ્રકાશ ઠક્કર.

■ **વિજાપુર:** પ્રમુખ કામીની પટેલ, ઉપ પ્રમુખ ડો. બીનાબહેન પટેલ.

■ **વિસનગર:** પ્રમુખ આશાબહેન પટેલ, ઉપ પ્રમુખ મહેન્દ્ર ઠાકોર.

■ **ભુજ:** પ્રમુખ શીતલ શાહ, ઉપ પ્રમુખ બિંદિયા ઠક્કર, કારોબારી ચેરમેન કમલ ગઢવી, સત્તાપક્ષના નેતા ધર્મેશ ગૌર, દંડક રૂપલ ચાવડા.

■ **ઈડર:** પ્રમુખ અનસુયાબહેન પટેલ, ઉપ પ્રમુખ વિનોદ પરમાર, કારોબારી ચેરમેન જીનલ સાગર.

■ **ભરૂચ:** પ્રમુખ દેવેન્દ્ર વસાવા, ઉપ પ્રમુખ રૂચિતા રાકેશ મોદી.

■ **બહુચરાજી:** પ્રમુખ નરેન્દ્ર પટેલ, ઉપ પ્રમુખ હંસાબહેન ભરવાડ.

■ **વેરાવળ:** પ્રમુખ નરેશ ગોહેલ, ઉપ પ્રમુખ હેમી જેઠવા, કારોબારી ચેરમેન ઉદય શાહ, પક્ષના નેતા રીટા તન્ના, દંડક જિતેન્દ્ર ઉપાધ્યાય.

■ **કડી:** પ્રમુખ રાજેંદ્રભાઈ ગજ્જર, ઉપ પ્રમુખ સ્મીતાબહેન પટેલ.



■ **પેટલાદ (આણંદ):** પ્રમુખ કોકીલાબહેન તળપદા, ઉપ પ્રમુખ મનીષા શાહ, કારોબારી ચેરમેન જય પટેલ, પક્ષના નેતા ધરતી પટેલ.

■ **ઉના:** પ્રમુખ હર્ષાબેન રાઠોડ, ઉપ પ્રમુખ મિતેશ શાહ, કારોબારી ચેરમેન ઘનશ્યામ જોશી.

■ **બારડોલી (સુરત):** પ્રમુખ નીલમબેન વ્યાસ, ઉપ પ્રમુખ મિનેશ પટેલ, કારોબારી ચેરમેન જેની ભંડારી, શાસક પક્ષના નેતા અમરસિંહ સોલંકી, દંડક ડો. ભાવિન ચૌધરી.

■ **માંડવી (કચ્છ):** પ્રમુખ વર્ષાબહેન જોશી, ઉપ પ્રમુખ મુકેશ રાબડીયા, કારોબારી ચેરમેન વિજય ગઢવી, શાસક પક્ષના નેતા વિજય ચૌહાણ, દંડક જીગર ધાયાણી.

■ **ઊંઝા:** પ્રમુખ ક્રિમાબેન પટેલની વરણી કરવામાં આવી છે.

■ **અમરેલી:** પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, ઉપપ્રમુખ વિરલ પોપટ, કારોબારી ચેરમેન મૌલિક ઉપાધ્યાય.

■ **નખત્રાણા:** પ્રમુખ વસંત વાઘેલા, ઉપ પ્રમુખ દમયંતિબહેન સેંધાણી, કારોબારી ચેરમેન ચંદનસિંહ રાઠોડ, શાસક પક્ષના નેતા સવિતાબેન દરજી, દંડક જાગૃતિબહેન ઠક્કર.

■ **હિંમતનગર:** પ્રમુખ અરુણાબહેન કડિયા, ઉપ પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ, કારોબારી ચેરમેન રાહુલ પટેલ.

■ **બોડેલી (છોટા ઉદેપુર):** પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, ઉપપ્રમુખ પન્નાબહેન પટેલ, કારોબારી અધ્યક્ષ જીગ્નેશભાઈ ચોક્સી.

■ **રાજપીપલા:** પ્રમુખ શિવાની મહેતા, ઉપ પ્રમુખ ઉત્કર્ષ વસાવા (રાહુલ), કારોબારી ચેરમેન કુલદીપસિંહ ગોહિલ, પક્ષના નેતા પ્રગનેશ રામી, દંડક ધર્મેશ સોલંકી.

■ **શહેરા:** પ્રમુખ શીતલબહેન પરમાર, ઉપ પ્રમુખ હિંમતસિંહ પગી, કારોબારી અધ્યક્ષ જેકી મુલચંદાણી, શાસક પક્ષના નેતા મહેન્દ્ર પગી, દંડક વિજય બારીયા.

■ **ધોળકા:** પ્રમુખ અનામિકાબેન દીપકભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ જયાબેન અરવિંદભાઈ ઠાકોર, કારોબારી ચેરમેન અનિલભાઈ રમણભાઈ વાઘેલા, પક્ષના નેતા વિશાત કુમાર હરિભાઈ પટેલ, દંડક મહેન્દ્રસિંહ ભૂપતસિંહ જાદવ.

■ **દામનગર (અમરેલી):** પ્રમુખ ભાવનાબેન મહિપતગીરી ગોસ્વામી, ઉપપ્રમુખ મીરાબેન મેહુલભાઈ ચૌહાણ, કારોબારી ચેરમેન વિપુલભાઈ નરેશભાઈ બીખા.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ): 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab: 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird: 2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By: Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
WWW.SWADESH.NEWS
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ડીઝલની અછતથી મુન્દ્રા પોર્ટ પર આયાત-નિકાસ ઠપ્પ

## દૈનિક 500 લિટર ડીઝલની જરૂરિયાત સામે માત્ર 50થી 75 લિટરનો જથ્થો જ અપાયા છે, કન્ટેઈનર્સ અધવચ્ચે અટવાઈ પડ્યા

**મુંન્દ્રા**

મુન્દ્રા બંદર પર કન્ટેઈનર લેવા અને ગુજરાત કે ભારતના અન્ય વિસ્તારોમાંથી નિકાસ માટેના કન્ટેઈનર્સ મૂકવા જતી ટ્રક્સને જોઈતા ડીઝલના જથ્થામાંથી માંડ 10થી 15 ટકા જથ્થો જ કચ્છ જિલ્લાના પેટ્રોલ પમ્પ્સ પરથી મળતો હોવાથી આયાત અને નિકાસના હજારો કન્ટેઈનર્સ અટવાઈ પડ્યા છે. છેલ્લા એક મહિનાથી આ પરિસ્થિતિ હોવાને કારણે ગુજરાતના આયાત નિકાસકારોની હાલત પણ કફોડી થઈ ગઈ છે. મુન્દ્રા બંદરેથી દુબઈ, અમેરિકા, દક્ષિણ આફ્રિકા તથા યુરોપિયન સંઘના દેશોમાં નિકાસના કન્ટેઈનર જાય છે. તેમ જ આ તમામ દેશોમાંથી આયાતના કન્ટેઈનર્સ પણ મુન્દ્રા બંદરે આવે છે.



મુન્દ્રા કસ્ટમ્સ બ્રોકર એસોસિએશનને આજે કેન્દ્રના પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ ખાતાના મંત્રી હરદીપસિંહ પુરીને લખેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે આ સપ્લાય ચેઈનને જાળવી રાખવા માટે કેન્દ્ર સરકારે આ મામલામાં તત્કાળ દરમિયાનગીરી કરવાની જરૂર છે. કારણ કે માલની હેરફેર અટકી પડી છે. માત્ર ગુજરાતમાં થતી આયાત નિકાસના કન્સાઈનમેન્ટ્સ જ નહિ, પરંતુ ઉત્તર ભારત, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, દિલ્હી, મધ્ય પ્રદેશથી આવતા કન્ટેઈનર અટકી પડ્યા છે.

મુન્દ્રાના પેટ્રોલ પમ્પ પર ટ્રક ચાલકોને અઠવાડિયે 1 જ વાર માત્ર 50 લીટર ડીઝલ આપવામાં આવી રહ્યું છે. આ જથ્થો અત્યંત ઓછો છે. પરિણામે ડીઝલ ભરાવવા માટે ટ્રક અને ટ્રેઈલરની ઘણાં દૂર સુધી મોકલવાની ફરજ પડી રહી છે. દૂરના વિસ્તારોમાં આવેલા પેટ્રોલ પમ્પ પર પણ ડીઝલ મળી શકશે કે નહિ તેની ખાતરી હોતી નથી. પરિણામે ઈંધણ બરબાદ થઈ રહ્યું છે. બીજું, વાહનો લઈ જતી વખતે અધવચ્ચે જ ડીઝલ ખલાસ થઈ જતું હોવાથી ટ્રકને રસ્તા પર જ છોડી દેવાની ફરજ પડી રહી છે. પોર્ટની નજીકના વિસ્તારોમાં કે પછી જે મળે તે પાર્કિંગ વિસ્તારમાં વાહન પાર્ક કરીને નીકળી જવાની ટ્રક ચાલકોને ફરજ પડી રહી છે. પરિણામે ટ્રકોની અવરજવરમાં પણ અવરોધો ઊભા થઈ રહ્યા છે તેથી જ આયાત અને નિકાસના કન્ટેઈનર્સ અટવાઈ રહ્યા છે. પરિણામે નિકાસકારોની કઠણાઈ વધી રહી છે. આયાતકારોની મુશ્કેલીઓ પણ ઓછી નથી. તેમના માલ પોર્ટ પર પડ્યા રહેતા હોવાથી મુદત કરતાં વધુ સમય સુધી કન્ટેઈનર્સ પોર્ટ પર પડી રહેતા હોવાથી ડેમરેજ પેટે દિવસના રૂ. 20,000 ચૂકવવાની ફરજ પડી રહી છે.

# ડિમોલિશન સામે આહિર સમાજ દ્વારા વિરોધ, નંદુમાંનો આશરો કાયમ રહેશે

## તંત્રની જોહુકમીના વિરોધમાં અગત્યની બેઠક યોજાઈ

**જામનગર**

જામનગરના જડેશ્વર પાર્ક વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા થોડા દિવસો પહેલા કરવામાં આવેલા ડિમોલિશનનો મામલો હવે ગરમાયો છે. આ મુદ્દે સોમાવારે સમગ્ર આહિર સમાજ એકજુથ થઈને મેદાને આવ્યો છે. સમાજના ટોચના આગેવાનો અને મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઘટનાસ્થળે એકત્ર થયા હતા અને 'નંદુમાંનો આશરો હતો અને કાયમ રહેશે, આહિરનો આશરો હતો અને કાયમ રહેશે'ના ગગનભેદી સૂત્રોચ્ચારો સાથે નંદુમાંના આશ્રયસ્થાનને ફરીથી ઊભું કરવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આહિર સમાજના આગેવાનોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ડિમોલિશનની કામગીરી દરમિયાન મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આહિર સમાજના વૃદ્ધ દંપતી નંદુબેન બેરા અને નારણભાઈ બેરા સાથે અત્યંત અન્યાયપૂર્ણ અને બેહુદુ વર્તન કરવામાં આવ્યું હતું. તંત્રની આ જોહુકમીના વિરોધમાં સોમાવારે જ્ઞાતિના પ્રમુખ રણમલભાઈ કાંબરિયાની આગેવાનીમાં એક અગત્યની બેઠક યોજાઈ હતી.

# ભાવનગર-ધોલેરા રોડ ઉપર કન્ટેનરની પાછળ ઘૂસી જતા કારનો કચ્ચરઘાણ, 3 યુવાનના મોત

## વ્યવસાય માટે ત્રણ યુવાનો દિલ્હી ગયા હતા, પરત આવતી વેળાએ અકસ્માત સર્જાયો

**ભાવનગર**

ભાવનગર શહેરના મીલીટરી સોસાયટી ખાતે રહેતા બલભદ્રસિંહ રણજીતસિંહ ચુડાસમા અને ટ્રાન્સપોર્ટ વ્યવસાયના ભાગીદારનો ભાવનગર શહેર ખાતે રહેતા વિરેન્દ્રસિંહ કિરીટસિંહ સરવૈયા તથા અમીપરા ખાતે રહેતા ઈમ્તિયાસભાઈ હારૂનભાઈ મલેક પોતાના ટ્રાન્સપોર્ટના કામ માટે કાર નંબર જીજે-૨૧-સીબી-૨૦૬૦ લઈને દિલ્હી ગયા હતા. દિલ્હી ખાતે પોતાનું કામ કાજ પૂર્ણ કરી



પરત ભાવનગર આવી રહ્યા હતા તે દરમિયાન રાત્રિના એક વાગ્યાના અરસામાં ભાવનગર-ધોલેરા રોડ પર આવેલા ભાલ પંથકના ભડભીડ ટોલનાકા નજીક આવેલ ખાડી નંબર-ઉના પુલ પાસે પહોંચ્યા ત્યારે કન્ટેનર નંબર જીજે-૧૨-બીએક્સ-૫૫૭૫ ના ચાલકે અચાનક બ્રેક મારી હતી અને પાછળ આવી રહેલી કાર કન્ટેનર પાછળ ઘૂસી ગઈ હતી અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કારની સ્પીડ હોવાને કારણે અકસ્માત સર્જાતા કારનો કચ્ચરઘાણ બોલી ગયો હતો અને કારમાં સવાર બલભદ્રસિંહ રણજીતસિંહ ચુડાસમા, વિરેન્દ્રસિંહ કિરીટસિંહ સરવૈયા અને ઈમ્તિયાસભાઈ હારૂનભાઈ મલેકના સ્થળ પરજ મોત નિપજ્યા હતા.

# જામનગર સરકારી ડેન્ટલ કોલેજમાં 1.36 કરોડનું ચેક કૌભાંડ, કરાર આધારે કર્મચારી સામે ફરિયાદ

## રોગી કલ્યાણ સમિતિના ફંડમાંથી 15 ચેક દ્વારા રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી

**જામનગર**

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિના ફંડમાંથી ૧.૩૬ કરોડ રૂપિયાની ઉચાપતનો મોટો પર્દાફાશ થયો છે. વહીવટી સ્ટાફની અછતને કારણે નેશનલ હેલ્થ મિશન (NHM) હેઠળ કરાર આધારિત કર્મચારી શોભીત ગર્ગને નાણાકીય વ્યવહારોની જવાબદારી સોંપવામાં આવી હતી, જેનો તેણે દુરુપયોગ કર્યો છે. આ અંગે ડેન્ટલ કોલેજના ડો. સંજય ઉમરાણિયાએ સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ કૌભાંડનો ખુલાસો ૧૬મી મેના રોજ થયો હતો, જ્યારે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના મેનેજરે શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન અંગે જી.જી. હોસ્પિટલના ડો. કણસાગરાને જાણ કરી હતી. તપાસમાં ખૂલ્યું હતું કે શોભીત ગર્ગે સરકારી ખાતાના ચેકનો ઉપયોગ કરીને પોતાના વ્યક્તિગત ખાતામાં લાખો રૂપિયા જમા કરાવ્યા હતા.

બેન્ક સ્ટેટમેન્ટની ચકાસણી કરતા માલૂમ પડ્યું કે છેલ્લા છ મહિનામાં આરોપીએ કુલ ૧૫ ચેક મારફતે રકમની હેરાફેરી કરી હતી. તેણે કુલ ૧,૩૬,૧૯,૩૫૦ રૂપિયા પોતાના બેન્ક ઓફ ઈન્ડિયાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. જેમાં માર્ચ અને એપ્રિલ મહિનામાં જ ૧૯.૪૫ લાખ, ૨૪.૬૦ લાખ અને ૨૮.૫૫ લાખ જેવી મોટી રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ ઘટનાથી જામનગરના વહીવટી અને તબીબી વર્ગમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# જામનગરમાં બાંધણીના ઉદ્યોગમાં મંદી મહિલા-કારીગરોની આજીવિકા પર સંકટ

**જામનગર**

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ અને પેટ્રોલિયમ પેદાશોના ભાવ વધારાને પગલે બાંધણીને લગતા કાચા માલના ભાવો આસમાને પહોંચ્યા છે. બાંધણીના બજારમાં 80 ટકા જેટલો ઘટાડો નોંધાતાં આશરે દોઢ લાખથી વધુ મહિલાઓ અને કારીગરોની આજીવિકા પર ગંભીર સંકટ તોળાતું જોવા મળી રહ્યું છે.

સૌરાષ્ટ્રના પેરિસ તરીકે પ્રખ્યાત જામનગરની શાન અને સદીઓથી દેશ-વિદેશમાં ડંકો વગાડનાર 300 વર્ષ જૂનો અને વિશ્વવિખ્યાત બાંધણી ઉદ્યોગ હાલમાં તેના ઈતિહાસની સૌથી ભયંકર અને અભૂતપૂર્વ મંદીના ખપ્પરમાં હોમાઈ રહ્યો છે. વર્તમાન વૈશ્વિક કટોકટી, વિશેષ કરીને ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને યુદ્ધની વણસી રહેલી પરિસ્થિતિએ આ લઘુ ઉદ્યોગની કમર તોડી નાખી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે સર્જાયેલી અસ્થિરતાના પરિણામે પેટ્રોલિયમ પેદાશો અને કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં કમરતોડ વધારો ઝીંકાયો છે. જેની સીધી અને નકારાત્મક અસર બાંધણીના ઉત્પાદનમાં વપરાતા કાચા કાપડ અને કલર કેમિકલના ભાવો પર પડી છે.

# જામનગરની યુવતીએ વીડિયોમાં કહ્યું, મોદી પછી હું PM બનીશ, મને શિવે વરદાન આપ્યું

## આગામી વિધાનસભામાં સરકારને હરાવવાની વ્યૂહરચના પણ છે : યુવતી

**જામનગર**

સોશિયલ મીડિયામાં જામનગરની એક યુવતીનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેણે પીએમ નરેન્દ્ર મોદી અને ભગવાન શિવને લઈને આશ્ચર્યજનક દાવા કર્યા છે. યુવતીનું કહેવું છે કે તે ભૂતકાળમાં જઈને ભવિષ્ય બદલી શકે છે અને આગામી વિધાનસભામાં સરકારને હરાવવાની વ્યૂહરચના પણ તેની પાસે છે.

આ વીડિયોમાં યુવતીએ દાવો કર્યો છે કે તેને ભગવાન શિવે સાક્ષાત વરદાન આપ્યા છે અને તે પોતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પછીના દેશના આગામી વડા પ્રધાન છે. આટલું જ નહીં, યુવતીએ એવો પણ આશ્ચર્યજનક દાવો કર્યો છે કે તે ભૂતકાળમાં પાછળ જઈને ભવિષ્ય સુધારવા માટેના નિર્ણયો બદલી શકે છે અને જો કોઈ તેની રુબરૂ મુલાકાત લે તો તે ભૂતકાળમાં જવાની આ ખાસ ટેકનીક ગુજરાતની પ્રજા સાથે શેર કરવા પણ તૈયાર છે. આ અજીબોગરીબ ટેકનિકના આધારે તેણે આગામી વિધાનસભા ચૂંટણીમાં હાલની સરકારને હરાવવાની ખાસ વ્યૂહરચના બનાવવાનો પણ વીડિયોમાં દાવો કર્યો છે. યુવતી વીડિયોમાં કહી રહી છે કે તમે કોઈ પણ કાર્ય કરતા હો 5 ટકા જ તમારી દિશામાં ફરક કરીને સમયની આરપાર જઈ શકો છો.

# રાજકોટમાં 15 વર્ષની કિશોરી સાથે 7 શખ્સનું દુષ્કર્મ, બહેનપણી સામે પણ ફરિયાદ નોંધાઈ

## સોશિયલ મીડિયા પર મિત્રતા કેળવીને કિશોરીને પ્રેમજાળમાં ફસાવી

**રાજકોટ**

જંગ્લેશ્વર વિસ્તારમાં સોશિયલ મીડિયા પર મિત્રતા કેળવીને 15 વર્ષની કિશોરીને પ્રેમજાળમાં ફસાવવામાં આવી હતી. ત્યારબાદ અલગ-અલગ સ્થળોએ 7 શખ્સોએ સગીરા પર દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે.

પીડિતાની જ એક બહેનપણીએ તેને મોબાઈલ ફોન આપીને મુખ્ય આરોપી ડેવિલ સાથે સોશિયલ મીડિયા પર સંપર્ક કરાવ્યો હતો. ડેવિલે સગીરાનો વિશ્વાસ જીતી લીધા બાદ, ગત 29 માર્ચ 2026ના રોજ પોતાના સાથીદાર સાહીલ ઉર્ફે ઝેરીને બાઈક લઈને તેને તેડવા મોકલ્યો હતો. સાહીલ સગીરાને જંગલેશ્વર ખાતે પોતાના ઘરે લઈ ગયો હતો, જ્યાં ડેવિલે તેને ડરાવી-ધમકાવીને અવારનવાર હવસનો શિકાર બનાવી હતી. ગુનાહિત સિલસિલો અહીં જ ન અટકતા, સગીરાની તે જ બહેનપણીએ ત્યારબાદ તેનો પરિચય મિહીર કુગશીયા નામના શખ્સ સાથે કરાવ્યો હતો. ગત 6 મે 2026ના રોજ મિહીર સગીરાને નવા બસ સ્ટેન્ડ પાછળ આવેલી એક હોટલમાં લઈ ગયો હતો. ત્યાં તેણે પોતે 'પોલીસ' હોવાની ખોટી ઓળખ આપી, ડર બતાવીને સગીરા પર અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. નોંધનીય છે કે આરોપી મિહીર અગાઉ પણ 6 વખત નકલી પોલીસ તરીકે ઝડપાઈ ચૂક્યો છે.

સ્વદેશ

FRIDAY, 22 MAY 2026





## યામીની નઈ નવેલી ફિલ્મમાં જેક્લિનનો કેમિયો

મુંબઇઃ યામી ગૌતમની મુખ્ય ભૂમિકા ધરાવતી ફિલ્મ 'નઈ નવેલી'માં જેક્લિન ફર્નાન્ડિઝ પણ કેમિયો કરી રહી છે. જેક્લિને તાજેતરમાં જ આ કેમિયો માટે પોતાનું શૂટિંગ પૂર્ણ કર્યું હતું. યામી અને જેક્લિનનું આ બીજું કોલબરેશન છે. અગાઉ તેમણે ૨૦૨૧ની ફિલ્મ 'ભૂતપોલીસ'માં સ્ક્રીન શેર કરી હતી. 'નઈ નવેલી' ફિલ્મ આનંદ એલ રાય બનાવી રહ્યા છે. જોકે, તેનું દિગ્દર્શન બાલાજી મોહન કરી રહ્યા છે. આ ફિલ્મ એક હોરર કોમેડી હોવાનું કહેવાય છે. ઉલ્લેખનીય છે કે જેક્લિન હાલ સુકેશ ચન્દ્રશેખર કેસને કારણે મુશ્કેલીમાં છે. તેણે આ ઠગાઈ કેસમાં પોતે સાક્ષી બનવા માગે છે તેવી અરજી કરી છે.

## હોસ્પિટલ બહાર બૂમો પાડતા પાપારાઝીઓ પર સલમાન નારાજ



મુંબઇ : મુંબઈમાં એક ખાનગી હોસ્પિટલની બહાર સલમાન ખાનને જોઈ પાપારાઝીઓએ તેને કેમેરા સામે પોઝ આપવા બૂમો પાડતાં સલમાન ઉશ્કેરાયો હતો. તેણે મીડિયાકર્મીઓને આકરા શબ્દોમાં ખખડાવ્યા હતા. બાદમાં, સલમાને મોડી રાતે એકથી વધુ સોશિયલ મીડિયા પોસ્ટસ દ્વારા પણ પોતાનો ગુસ્સો પ્રગટ કર્યો હતો. સલમાને કેમેરાપર્સન્સને ખખડાવતાં કહ્યું હતું કે તમારું દિમાગ ખરાબ થઈ ગયું છે કે શું ? જો તમારા પરિવારની કોઈ વ્યક્તિ હોસ્પિટલમાં હોત તો શું તમારું વર્તન આવું જ હોત ? સલમાનનો ગુસ્સો જોઈ ડઘાઈ ગયેલા પાપારાઝીઓએ માફી માગી ત્યાંથી ચાલતી પકડી હતી. સલમાને બાદમાં સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે મીડિયાકર્મીઓને રોજીરોજી મળતી રહે તે માટે હંમેશાં હું સહકાર આપું છું.

## 8 વર્ષ પછી પ્રીતિ ઝિન્ટાની એકસાથે બે ફિલ્મો રીલિઝ થશે



મુંબઇ : પ્રીતિ ઝિન્ટાની આઠ વર્ષ પછી એકસાથે બે ફિલ્મો નજીકનાં સમયગાળામાં રીલિઝ થવાની છે. તેની સની દેઓલ સાથેની 'લાહોર ૧૯૪૭' આગામી ઓગસ્ટમાં રીલિઝ થવાની છે. તે પછી હવે કુણાલ ખેમુનાં દિગ્દર્શન હેઠળની 'વાઈબ' ફિલ્મ આગામી ૧૮મી સપ્ટેમ્બરે રીલિઝ કરવાની જાહેરાત કરાઈ છે. આ ફિલ્મમાં કુણાલ ખેમુ એક્ટર તરીકે પણ દેખાશે. લાંબા સમયથી બિગ સ્ક્રીન પર ગાયબ રહેલી પ્રીતિ જોકે આઈપીએલની સીઝન દરમિયાન તેની ટીમની મેચ વખતે ટીવી પર કાયમ હાજરી પુરાવે છે. પ્રીતિની 'લાહોર ૧૯૪૭' આમ તો લાંબા સમયથી તૈયાર છે. પરંતુ, નિર્માતા આમિર ખાન દ્વારા તેમાં છેલ્લી ઘડીએ કેટલાય સુધારા તથા ફેરફારો કરાતાં ફિલ્મની રીલિઝ લંબાઈ ગઈ હતી. તે પછી આમિરે ફિલ્મની રીલિઝ ડેટમાં પણ અનેક ફેરફારો કરાવ્યા હતા.

### કિયારા અડવાણીએ કહી દિલની વાત

## જેને ડેટ કરો, તેની સાથે જ લગ્ન જરૂરી નથીઃ પૈરેન્ટિંગ અંગે આપી સલાહ



બોલિવૂડની પાવરફુલ એક્ટ્રેસ અને ન્યૂ મોમ કિયારા અડવાણીએ તાજેતરમાં મોર્ડન રિલેશનશિપ, પૅરેન્ટિંગ અને પોતાની નાની દીકરી સારાયાહ મલ્હોત્રાના ભવિષ્યને લઈને એવું નિવેદન આપ્યું છે જેની સોશિયલ મીડિયામાં ખૂબ ચર્ચા થઈ રહી છે. એક પોડકાસ્ટમાં કિયારાએ જણાવ્યું કે, તે પોતાની દીકરી પર ક્યારેય કોઈ પરંપરાગત દબાણ લાવવા નથી માંગતી. તે ઈચ્છે છે કે તેની દીકરી પોતાની જિંદગી મુક્તપણે જીવે અને પોતાની પસંદગી જાતે કરે.

કિયારાએ ડેટિંગ અને લગ્ન જેવા સેન્સિટિવ મુદ્દા પર વાત કરતા કહ્યું કે, તે ક્યારેય પોતાની દીકરીને એવું નહીં કહી શકે કે તારે માત્ર એક જ વ્યક્તિને ડેટ કરવાનો છે કે તેની સાથે જ ફરજિયાત લગ્ન કરવાના છે.

પોતાના જીવનના અનુભવો શેર કરતા કિયારા અડવાણીએ કહ્યું કે, જ્યારે હું મોટી થઈ રહી હતી, ત્યારે મેં જે પણ વ્યક્તિને ડેટ કર્યો, મને હંમેશા એવું જ લાગતું કે હું આ જ વ્યક્તિ સાથે લગ્ન કરીશ. પણ જિંદગી આપણે જેવું વિચારીએ છીએ તેવી નથી હોતી. આજે હું ભગવાનનો આભાર માનું છું કે એવું ન થયું! કારણ કે ભગવાન જેને મારા જીવનસાથી તરીકે પસંદ કર્યો છે, તેની સાથે હું અત્યારે મારી લાઈફમાં ખૂબ જ ખુશ છું.

કિયારાએ ઉમેર્યું કે, જીવનમાં તમે જેટલા પણ સંબંધો બનાવો છો, તે બધા તમને કંઈક ને કંઈક નવું શીખવે છે અને તમને આજે જે વ્યક્તિ છો તે બનાવવામાં મદદ કરે છે.

કિયારા અને સિદ્ધાર્થ મલ્હોત્રાના ઘરે 15 જુલાઈ 2025 ના રોજ દીકરી સારાયાહનો જન્મ થયો હતો. કિયારાએ દીકરીને આપનારી સલાહ વિશે વાત કરતા કહ્યું કે, તે સારાયાહને પોતાની ભૂલોમાંથી શીખવાની આઝાદી આપશે.

## જહાન્વી કપૂરનાં નખરાંઓથી પેદ્દી ફિલ્મની ટીમ તંગ

### જહાન્વીએ રામચરણને એક કલાક સુધી કારમાં રાહ જોતો બેસાડી રાખ્યો



મુંબઇ : સાઉથની ફિલ્મ 'પેદ્દી'ની ટીમ જાહ્નવી કપૂરનાં નખરાંઓથી નારાજ થઈ ગઈ હોવાનું કહેવાય છે. ફિલ્મના પ્રમોશન દરમિયાન જહાન્વીના એટિટયુડથી અન્ય લોકો પરેશાન થઈ રહ્યા છે. આ ફિલ્મમાં જહાન્વીનો રોલ બહુ કપાઈ ગયો હોવાથી હવે તે પ્રમોશન વખતે નખરાં દેખાડી રહી હોવાનું કહેવાય છે.

મુંબઈમાં ટ્રેલર લોન્ચ વખતે જહાન્વી એક કલાક મોડી આવી હતી. પરિણામે રામ ચરણ મીડિયાકર્મીઓના પ્રશ્નોત્તરીથી બચવા કારમાં જ બેસી રહ્યો હતો. પ્રમોશન માટે સમયસર પહોંચેલા અન્ય કલાકારોએ પણ ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

બોલિવુડ વર્તુળોમાં ચર્ચા અનુસાર ફિલ્મ સાઈન કરતી વખતે જહાન્વીને કહેવાયું હતું કે તેની ફિલ્મમાં બહુ લાંબી અને મહત્વની ભૂમિકા હશે. જોકે, ફિલ્મનો ફાઈનલ કટ જોયા પછી જાહ્નવીને ખ્યાલ આવ્યો હતો કે તેની ભૂમિકા તદ્દન ગૌણ અને એકદમ ટૂંકી છે. તે પછી તેણે પોતે આ ફિલ્મનાં પ્રમોશનમાં ભાગ નહિ લે તેવો નિર્ણય કર્યો હતો. જોકે, નિર્માતાઓએ તેને જણાવ્યું હતું કે કરારના ભાગરુપે તે પ્રમોશનમાં હાજરી આપવા બંધાયેલી છે.

## સાન્યા મલ્હોત્રાને મખ્ખીચૂસ પતિ બિલકુલ નહીં ચાલે



સાન્યા મલ્હોત્રા પોતાનાં પાત્રોમાં જાન રેડી દેવા માટે જાણીતી છે. 'દંગલ', 'બધાઈ હો' અને 'જવાન' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો એની સાક્ષી પૂરે છે. આજકાલ મિસ મલ્હોત્રા બે કારણોસર મીડિયામાં ચર્ચામાં છે. એક તો એને ઈમોશનલ ફિલ્મ 'મિસીસ'માં એના જાનદાર રોલ બદલ એવોર્ડ મળ્યો છે એટલે અને બીજું, રાજકુમાર રાવ સાથેની એની કોમેડી ફિલ્મ 'ટોસ્ટર' ઓટીટી પર રિલીઝ થઈ છે, તેથી. 'ટોસ્ટર'ની એક પ્રમોશનલ ઈવેન્ટમાં સાન્યાને મીડિયામાંથી એવો સવાલ કરાયો કે 'મેડમ, આ ફિલ્મમાં તમારા પતિને મહાકંજુસ વ્યક્તિ બતાવાયા છે. તો શું રિયલ લાઈફમાં તમને મખ્ખીચૂસ હસબન્ડ મળશે તો ચાલશે?' એનો પોતાના અસ્સલ મિજાજમાં જવાબ આપતા એક્ટ્રેસ કહે છે, 'ભગવાન ન કરે કે મને કંજુસ પતિ મળે. મને લંચ માટે ઈન્વાઈટ કરી લંગરમાં લઈ જાય એવો પતિ મને જરાય ન ખપે! અલબત્ત, હું પોતે કંજુસ છું. બહુ વિચારીને પૈસા વાપરવાનો મારો પહેલેથી અભિગમ રહ્યો છે. કોઈ પણ વસ્તુ ખરીદતાં પહેલાં બહુ વિચારું છું. કરકસર મારા સ્વભાવમાં છે, પરંતુ કંજુસ પતિ તો મને બિલકુલ નહિ ચાલે.' 'ટોસ્ટર' ફિલ્મના પ્રોડયુસરોની સૂચિમાં એક્ટર રાજકુમાર રાવ અને એની પત્ની પત્રલેખા પણ સામેલ છે. નાના બજેટની આ કોમેડી ફિલ્મ સ્વીકારવા પાછળનું કારણ પૂછાતા સાન્યા એનો તાકક ઉત્તર આપે છે, 'આ ફિલ્મમાં કામ કરવાનો મારો અનુભવ ખરેખર મજાનો રહ્યો. એટલા માટે કે એક્ટર તરીકે હું એવા પાત્રની તલાશમાં હતી જે મને 'ફીલ ગુડ'વાળી અનુભૂતિ કરાવે.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news


### કેસ પરત ખેંચાતા અદાણીના શેરોમાં તેજી, અમેરિકામાં $10 અબજના રોકાણની પણ તૈયારી

# અદાણીને હાશ, US કેસમાં 1.80 કરોડ ડોલરમાં સમાધાન

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ભારતના ટોચના અબજોપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામે અમેરિકામાં છેતરપિંડીનો કેસ નોંધાયો હતો. તેને કારણે અદાણી જૂથ તથા ભારતની આખા વિશ્વમાં બદનામી થઈ હતી. ભારતમાં આ મુદ્દે વિપક્ષી પક્ષોએ સરકાર અને વડાપ્રધાન મોદી પર આકરા પ્રહારો કર્યા હતા અને સંસદમાં જેપીસી (JPC) તપાસની માંગણી સાથે ભારે હોબાળો કર્યો હતો. આમ પણ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ખાસ મિત્ર હોવાની વાત જાહેર છે. તેથી અદાણી પણ અમેરિકા જઈ શકતા નહોતા. અદાણી જૂથ અમેરિકામાં અબજો ડોલરનું રોકાણ કરવા માગતું હતું, પણ ગૌતમ અદાણી સામેના ફોજદારી કેસને કારણે તે રોકાણ પણ અટકી પડયું હતું. દરમિયાન ગૌતમ અદાણી અને સાગર અદાણીએ અમેરિકામાં ચાલી રહેલા કેસમાં સમાધાન થયું હોવાના અહેવાલો મીડિયા જગતમાં ચમકી રહ્યા છે.

જો કે, આ સમાધાન માટે સંયુક્ત રીતે ૧.૮૦ કરોડ ડોલરનો દંડ ચૂકવવા કથિત બંને આરોપીએ સંમતિ આપી છે. કેટલાંક મીડિયા જૂથો દ્વારા એવો પ્રચાર થઈ રહ્યો છે કે, ગૌતમ અદાણી ફોજદારી કેસમાં નિર્દોષ છૂટી ગયા છે. પરંતુ હકીકત તેથી વિપરીત છે. અમેરિકાની કોર્ટમાં તેમના કેસનો ચુકાદો આવ્યો નથી. અને તેમણે અમેરિકાના કાયદામાં રહેલી જોગવાઈ મુજબ સમાધાન કર્યું છે. વળી, તેમ કરવા માટે અદાણીએ ભારે દંડ ચૂકવવાની તૈયારી બતાવી છે. આ તૈયારી પછી અમેરિકાના ન્યાય વિભાગે ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામેના તમામ ફોજદારી આરોપો રદ કર્યા છે. ગૌતમ અદાણી દ્વારા જે સમાધાન કરવામાં આવ્યું તે અમેરિકાના ટ્રેઝરી ડિપાર્ટમેન્ટ સાથે કરાયું છે.

એક સમયે યુએસ કોર્ટમાં કેસ નોંધાતા જ અદાણી ગ્રુપની કંપનીઓના શેરોમાં ભારે કડાકો બોલાયો હતો અને રોકાણકારોના અબજો રૂપિયા ધોવાઈ ગયા હતા. જોકે, ટ્રેઝરી ડિપાર્ટમેન્ટ દ્વારા આ બાબતે વિધિવત જાહેરાત કરાઈ અને તે પછી ન્યાય વિભાગે તરત જ ફોજદારી આરોપો પડતા મૂકવાનો નિર્ણય કર્યો છે. આ સમાચાર ફેલાઈ ગયા તે પછી અદાણી જૂથના શેરોમાં ઉછાળો આવ્યો હતો અને તેમના દ્વારા અમેરિકામાં દસ




અબજ ડોલરના રોકાણની જાહેરાત પણ કરાઈ છે.

હવે અદાણી જૂથના અગ્રણીઓ સામેના કેસ અમેરિકા જેવા દેશમાં પરત ખેંચાતા હોય તો દુનિયામાં તેની ચર્ચા થવી સ્વાભાવિક છે. અદાણી જૂથ દ્વારા શું ખોટું કરવામાં આવ્યું હતું, કે જેના કારણે અમેરિકામાં તેમની સામે ફોજદારી કેસ થયો હતો ?

અમેરિકાની કોર્ટમાં ભારતના અગ્રણી ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામે છેતરપિંડી અને લાંચ લેવાનો ફોજદારી કેસ નોંધાયો હતો. આરોપ મુજબ, અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGL) માટે સોલાર કોન્ટ્રાક્ટ મેળવવા ભારતીય અધિકારીઓને આશરે ૨,૧૦૦ કરોડ ($૨૫ કરોડ) ની લાંચ આપવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. આ વિગતો છુપાવીને અમેરિકી બજારમાંથી $૨ અબજ એકત્ર કરાયા હોવાથી યુએસ રોકાણકારો સાથે છેતરપિંડીનો ગુનો દાખલ થયો હતો.

અહીં સવાલ એ થાય કે અદાણી જૂથ દ્વારા જો ભારતીય અધિકારીઓને લાંચ આપવામાં આવી હોય તો તેમની સામે અમેરિકામાં ફોજદારી કેસ કેવી રીતે થયો? હકીકતમાં અદાણી જૂથે અમેરિકાનાં નાણાંકીય બજારોમાંથી ૨ અબજ ડોલર એકત્ર કરવા માટે આ માહિતી છુપાવી હતી, એવો આરોપ તેમના પર મૂકવામાં આવ્યો હતો, માટે તેમના પર અમેરિકાનાં રોકાણકારો સાથે છેતરપિંડી અને ન્યાયમાં અવરોધ કરવાનો આરોપ અમેરિકાની કોર્ટમાં મૂકવામાં આવ્યો હતો.

અદાણી ગ્રીન એનર્જીના તમામ સૌર અને પવન ઊર્જા પ્રોજેક્ટ્સ માટે સાગરને શ્રેય આપવામાં આવે છે. તેઓ કંપનીના વ્યૂહાત્મક અને નાણાંકીય બાબતોનું સંચાલન કરે છે અને વિદેશમાં જૂથના કાર્યનું પણ સંચાલન કરે છે. ન્યૂયોર્કની એક કોર્ટમાં ગૌતમ અદાણી અને અન્ય લોકો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તેમની સામે ભારતીય અધિકારીઓને ૨૫ કરોડ ડોલર (લગભગ રૂ. ૨,૧૦૦ કરોડ) ની લાંચ આપવાનું કાવતરું ઘડવાનો આરોપ હતો. જેના કારણે કંપનીને આગામી ૨૦ વર્ષમાં બે અબજ ડોલરનો નફો થવાની અપેક્ષા હતી.

અમેરિકન પ્રોસિક્યુટર્સે કરેલા દાવા અનુસાર ગૌતમ અદાણીએ પોતે ભારતીય અધિકારીઓ સાથે વ્યક્તિગત રીતે વાત કરી હતી અને લાંચ અંગે ચર્ચા કરી હતી. વધુમાં, કંપનીના આંતરિક ઈ-મેઈલ્સમાં ગૌતમ અદાણીનું નામ કોડ શબ્દોમાં ઉલ્લેખિત હતું. ચાર્જશીટ મુજબ, એપ્રિલ ૨૦૨૨માં અમદાવાદમાં અદાણી ગ્રુપની કોર્પોરેટ ઓફિસમાં ગૌતમ અદાણી, સાગર અદાણી, વિનીત જૈન અને અન્ય લોકો વચ્ચે આ વિશે વાતચીત થઈ હતી.

સાગર અદાણી વાર્ષિક ૪ કરોડ રૂપિયાનો પગાર મેળવે છે. તેમને વધારાના ૪૦ લાખ રૂપિયા ભથ્થાંના પણ મળે છે. અમેરિકામાં ન્યાય ખાતા દ્વારા દાખલ કરાયેલા આરોપ મુજબ ભારતમાં અદાણી જૂથ દ્વારા ભ્રષ્ટાચાર ૨૦૨૦થી ૨૦૨૪ની વચ્ચે થયો હતો. ૫૪ પાનાંની ચાર્જશીટમાં સાગર અદાણી ઉપરાંત વિનીત જૈનનો પણ વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આરોપ મુજબ ગૌતમ અદાણી અને અન્ય લોકો વચ્ચે લાંચની રકમ અંગે એપ્રિલ ૨૦૨૨માં નવી દિલ્હીમાં એક બેઠક યોજાવાની હતી. અગાઉ વિનીત જૈને પોતાના મોબાઈલ ફોનથી એક તસવીર મોકલી હતી, જે મુજબ વિદેશી રોકાણકાર પોતાના હિસ્સાના પૈસા ચૂકવતા હતા. તેમાં ખાતરી આપવામાં આવી હતી કે જો વિદેશી રોકાણકાર ૫૫ કરોડ રૂપિયાની લાંચનો પોતાનો હિસ્સો ચૂકવે તો ૬૫૦ મેગાવોટનો વીજ ખરીદી કરાર કરવામાં આવશે. તેમાં એવી પણ ખાતરી આપવામાં આવી હતી કે ૫૮૩ કરોડ રૂપિયાના બદલામાં ૨.૩ ગીગાવોટનો વીજ ખરીદી કરાર કરવામાં આવશે.

અમેરિકાની કોર્ટમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ મુજબ, માર્ચ ૨૦૨૩માં જ્યારે સાગર અદાણી અમેરિકામાં હતા, ત્યારે FBIએ તેની વિરુદ્ધ સર્ચ વોરંટ જારી કર્યું હતું. આ વેળા સાગર પાસેથી ફોન જપ્ત લેવાયો હતો. સાગરે આ મોબાઈલ ફોનનો ઉપયોગ અધિકારીને ચૂકવવાની કુલ લાંચની રકમ અને દરેક રાજ્ય ખરીદશે તે વીજળીની અંદાજિત રકમ વિશે માહિતી મેળવવા માટે કર્યો હતો. એટલું જ નહીં, સરકારી અધિકારીઓનાં નામ સંક્ષિપ્ત કરવામાં આવ્યાં હતાં અને કેટલાક કિસ્સાઓમાં પ્રતિ મેગાવોટ લાંચ નક્કી કરાઈ હતી. સાગર પર રોકાણકારોને ગેરમાર્ગે દોરવાનો, તથ્યો છુપાવવાનો અને રોકાણકારોના હિતોને પ્રતિકૂળ અસર કરવાનો પણ આક્ષેપ હતો. સાગર અદાણી ગૌતમ અદાણીના ભાઈ રાજેશના પુત્ર છે અને અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. કંપનીની વેબસાઈટ પર આપવામાં આવેલી માહિતી અનુસાર, સાગરે અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં ડિગ્રી મેળવી છે. સાગર AGELની શરૂઆતથી જ તેની સાથે સંકળાયેલા છે. જો કે, અદાણી જૂથની કંપનીએ અમેરિકન જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશનના આરોપોને નકારી કાઢ્યા હતા. હવે અમેરિકાના ન્યાય ખાતાં દ્વારા અદાણી જૂથના અધિકારીઓ સામેના આરોપો કાયમ માટે રદ કરાતા અદાણી જૂથની ઈમેજમાં સુધારો થવાની આશા છે.

**ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સહિત આઠ સામે AGL માટે કોન્ટ્રાક્ટ મેળવવા માટે ભારતીય અધિકારીઓને 2100 કરોડની લાંચ આપવાનું કાવતરું ઘડવાનો અને અમેરિકામાંથી 2 અબજ ડોલર એકત્ર કરવા માહિતી છુપાવ્યાનો આરોપ હતો**

# બ્રામ્પ્ટનમાં સિનિયર સિટિઝન્સનો મેળાવડો : ભજન સાથે ગીતોની ગૂંજ

**સાઉથલેક ક્લબના દ્વિતીય કાર્યક્રમમાં 185 વરિષ્ઠ નાગરિકો ભાતીગળ પોષાકમાં ઉમટ્યા, ભજન અને કેરેઓકે ગીતોની રમઝટ જામતા શ્રોતાઓ મંત્રમુગ્ધ**










**બ્રામ્પ્ટન**

જીમ આરકેડેકીન રિક્રિએશન કેન્દ્ર બ્રામ્પ્ટન ખાતે મે ૧૬, ૨૦૨૬ને શનિવારના રોજ શિયાળાની વિદાય અને ઉનાળાની શરૂઆતે વરિષ્ઠોનો વિશેષ કાર્યક્રમ સાઉથ લેક કલબ દ્વારા યોજાયો હતો. જેમાં ૧૮૫ વરિષ્ઠ નાગરિકોએ ભાતીગળ પોશાક સાથે હાજરી આપી હતી. શરૂઆતમાં પ્રમુખ અમિત ભટ્ટ દ્વારા ચાર કલાકના કાર્યકમની રૂપરેખા આપી સંપૂર્ણ સંચાલન રેહાના હાફીઝને સોંપ્યુ હતુ. પ્રમુખ અમિત ભટ્ટને બ્રામ્પ્ટનના રોઝ થિયેટર ખાતે મેયર પેટ્રિક બ્રાઉન દ્વારા તેમની ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાને લઈ વરિષ્ઠ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હોય, તે બદલ ઉપસ્થિત સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. મીનલ મિસ્ત્રીનાં ભજન દ્વારા રંગીલા કાર્યક્રમની શરૂઆત થઈ હતી. કીર્તિ ભાવસાર, મુકેશ શાહ, હર્ષા ભટ્ટ, ભાનુ મિસ્ત્રી, ઈશ્વર પટેલ, શશીકાંત ઓઝા, મીતા પટેલ દ્વારા કંઠસ્થ તથા કેરેઓકે દ્વારા ખૂબ જ પ્રચલિત ફિલ્મી ગીતો રજૂ કરી ઉપસ્થિત સર્વેને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા. કેરેઓકેની મદદથી દ્વંદ્વ / યુગલ ગીત શશીકાંત ઓઝા અને રેહાના હાફીઝ દ્વારા રજૂ કરાયું હતુ. કાર્યક્રમના મધ્ય ભાગે વરિષ્ઠ નાગરિકની બેઠક સુધી સેવ ઉસળ અને ચા પહોંચાડવામાં આવ્યા હતા. મે ૧૫, ૨૦૨૬ને શુક્રવારથી ચાલુ કરવામાં આવેલા બેઝિક કમ્પ્યુટર ક્લાસમાં જોડાયેલ કીર્તિ પટેલે આ અંગે પોતાના વિચારો રજૂ કરી તેમાં જોડાવાથી થતા ફાયદાની માહિતી આપી હતી. અંતે નવનિર્માણ પામી રહેલા ગૌરીશંકર મંદિરમાં રુદ્રાક્ષ જડિત શંકર ભગવાનનાં વિના મૂલ્યે ભાગીદાર બનવાની ઈચ્છા ધરાવતા..

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

- 78 Room Hotel Ramada Inn – SOLD
- 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
- 17 Room Motel near Chattham – SOLD
- 12 Room Motel in Blind River – Sold Conditional
- 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
- 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opperunity
(min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

### ફાર્મસી બેન્ચમાર્કિંગ: શું તમે બજારમાં આગળ વધી રહ્યા છો, કે ફક્ત આગળ વધી રહ્યા છો ?

# નફાકારક ફાર્મસી વ્યવસાય માટે સક્રિય બેન્ચમાર્કિંગ તરફ પરિવર્તનની જરૂર

## વૈશ્વિક અને સ્થાનિક સાથીદારો સામે ઓપરેશનલ, નાણાકીય અને ક્લિનિકલ મેટ્રિક્સ બાબતે ધ્યાન રખાય તો લાભ થઇ શકે




વૈશ્વિક ફાર્મસી લેન્ડસ્કેપ મોટાપાયે માળખાકીય પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. સમગ્ર યુએસ, કેનેડા, યુકે અને પશ્ચિમ યુરોપમાં પરંપરાગત બિઝનેસ મોડેલ - વિતરણ વોલ્યુમ અને દવા માર્કઅપ પર ભારે આધાર રાખે છે. જે અભૂતપૂર્વ દબાણનો સામનો કરી રહ્યું છે. વધતા જતા ઓપરેશનલ ખર્ચ, યુએસમાં પ્રત્યક્ષ અને પરોક્ષ મહેનતાણું (DIR)ફી જટિલતાઓ અને કેનેડા અને EUમાં કડક સરકારી માર્જિન મર્યાદા વચ્ચે આજે નફાકારક ફાર્મસી ચલાવવા માટે પ્રતિક્રિયાશીલ સંચાલનથી સક્રિય બેન્ચમાર્કિંગ તરફ પરિવર્તનની જરૂર છે.

જો તમે તમારા વૈશ્વિક અને સ્થાનિક સાથીદારો સામે તમારા ઓપરેશનલ, નાણાકીય અને ક્લિનિકલ મેટ્રિક્સને માપતા નથી, તો તમે અંધારામાં નેવિગેટ કરી રહ્યા છો.

વિકસિત ફાર્મસી બજારોમાં આધુનિક બેન્ચમાર્કિંગ પ્લેબુક કેવી દેખાય છે - અને તમારી ફાર્મસી કેવી રીતે માપી શકે છે તે અહીં છે.

**1. નાણાકીય સ્વાસ્થ્ય :** કુલ માર્જિનથી આગળનું મૂલ્યાંકન ઐતિહાસિક રીતે દવાના વિતરણ પર કુલ નફાના માર્જિનને ટ્રેક કરવું એ ફાર્મસી માટે પ્રાથમિક આરોગ્ય તપાસ હતી. આજે ઊંચી કિંમતની વિશેષ દવાઓ અને તૃતીય-પક્ષ ચુકવણીકાર સંકોચનના વધારાને કારણે તે મેટ્રિક જ અંતર્ગત બિનકાર્યક્ષમતાઓને છુપાવી શકે છે.

**ઇન્વેન્ટરી ટર્નઓવર રેટ (ITR) :** ઉત્તર અમેરિકા અને યુરોપમાં ઉચ્ચ પ્રદર્શન કરતી ફાર્મસીઓ દર વર્ષે 12 થી 16 વખત ITRનું લક્ષ્ય રાખે છે (દર 20-30 દિવસે ઈન્વેન્ટરી ટર્નિંગ). જો તમારો ITR10થી નીચે હોય, તો તમારી પાસે મૂલ્યવાન કાર્યકારી મૂડી તમારા છાજલીઓ પર પડી છે.

**ક્લિનિકલ માર્જિન પીવોટ :** જ્યારે પરંપરાગત ડિસ્પેન્સિંગ માર્જિન 15%-20% સુધી સંકુચિત થઈ ગયું છે, ત્યારે અદ્યતન ક્લિનિકલ સેવાઓમાંથી આવક 50%-70%ના કુલ માર્જિન ધરાવે છે. ટોચના સ્તરના સાથીદારો એકંદર નફાકારકતાને સુરક્ષિત રાખવા માટે સક્રિયપણે તેમના આવક મિશ્રણને બદલી રહ્યા છે.

**2. કાર્યકારી કાર્યક્ષમતા :** વિતરણ ખર્ચ (CTD) વૈશ્વિક સ્તરે વેતન ફુગાવો અને ટેકનિશિયનની અછત ફાર્મસીઓ પર દબાણ લાવી રહી છે, તેથી કાર્યકારી કાર્યક્ષમતા હવે ફક્ત ગતિ વિશે નથી; તે અસ્તિત્વ વિશે છે.

**શ્રમ કલાક (SPLH)દીઠ સ્ક્રિપ્ટ્સ :** સ્વતંત્ર ફાર્મસીઓ સામાન્ય રીતે 3.5થી 5.0 SPLHની વચ્ચે બેન્ચમાર્ક ધરાવે છે, જ્યારે ભારે ઓટોમેશનનો ઉપયોગ કરતા કોર્પોરેટ નેટવર્ક્સ 7.0 SPLHને વટાવી શકે છે.

**વપરાશનો સાચો ખર્ચ :** યુએસ અને કેનેડામાં, એક પ્રિસ્ક્રિપ્શન (શ્રમ, ભાડું અને ઓવરહેડમાં ફેક્ટરિંગ) વિતરણ કરવાનો સરેરાશ ખર્ચ $11.00 અને $14.00ની વચ્ચે છે. આ બેન્ચમાર્કને હરાવનાર પીઅર ફાર્મસીઓ આક્રમક રીતે તેમના બેક-એન્ડ વર્કફ્લોને સ્વચાલિત કરીને અને સેન્ટ્રલ-ફિલ મોડેલ્સનો ઉપયોગ કરીને આમ કરે છે.

**3. ક્લિનિકલ મુદ્રીકરણ અને પ્રેક્ટિસનો અવકાશ :** તમારા નિયમનકારી વાતાવરણના આધારે બેન્ચમાર્કિંગ અલગ અલગ દેખાય છે, પરંતુ દરેક પ્રદેશમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતી ફાર્મસીઓ એક લક્ષણ શેર કરે છે: તેઓ તેમના માન્ય પ્રેક્ટિસના અવકાશનું સંપૂર્ણ મુદ્રીકરણ કરે છે.

યુ.એસ.માં (ગુણવત્તા અને પાલન મેટ્રિક્સ): સફળતા આવરી લેવામાં આવેલા દિવસોના પ્રમાણ (PDC)દ્વારા માપવામાં આવે છે. ટોચના સ્ટાર રેટિંગ પ્રાપ્ત કરવા અને ગંભીર PBM નાણાકીય દંડ ટાળવા માટે ફાર્મસીઓએ ક્રોનિક રોગ રાજ્યો (ડાયાબિટીસ, હાયપરટેન્શન)માં 80%થી વધુ PDC જાળવવું આવશ્યક છે.

**કેનેડા અને યુકેમાં (સેવા-આધારિત આવક) :** સ્વતંત્ર પ્રિસ્કાઈબિંગ અને નાના રોગ મૂલ્યાંકન માળખાના ઝડપી વિસ્તરણ સાથે (જેમ કે યુકેની ફાર્મસી ફર્સ્ટ પહેલ), બજારના નેતાઓ હવે તેમની ચોખ્ખી આવકના 15%થી 25% ઉત્પાદન માર્કઅપને બદલે વ્યાવસાયિક ક્લિનિકલ ફીમાંથી સંપૂર્ણપણે ઉત્પન્ન કરી રહ્યા છે.

**- 4. ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને દર્દી રીટેન્શન**

તમારા સ્પર્ધકોની તુલનામાં તમારા દર્દીની સંલગ્નતા કેટલી સ્વચાલિત છે ? ટોચની-સ્તરીય ફાર્મસીઓ અનુમાનિત વર્કફ્લો ચક્ર બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.

**દવા સિંક્રનાઇઝેશન:** ઉચ્ચ પ્રદર્શન કરનારા સાથીદારો તેમના ક્રોનિક કેર દર્દીઓમાંથી ઓછામાં ઓછા 30%થી 40% દર્દીઓને મેડ સિંક અથવા પાલન-પેકેજિંગ પ્રોગ્રામમાં નોંધણી કરાવવાનું લક્ષ્ય રાખે છે. આ ઈન્વેન્ટરી આગાહીને ભારે રીતે ઑપ્ટિમાઈઝ કરે છે અને અસ્તવ્યસ્ત, અણધારી ધસારો ઘટાડે છે.

**ડિજિટલ રિફિલ કેપ્ચર:** આધુનિક ફાર્મસીઓ માટેનો માપદંડ ઓટોમેટેડ ચેનલો (મોબાઈલ એપ્લિકેશન્સ, SMS અથવા ઈન્ટરેક્ટિવ વૉઇસ રિસ્પોન્સ) દ્વારા 45%થી વધુ રિફિલ વિનંતીઓ કેપ્ચર કરવાનો છે, જે સ્ટાફને ફોન ટ્રાયજને હેન્ડલ કરવાથી મુક્ત કરે છે.

**- પેરિટે ફાર્માસિસ ટેકઅવે:** ડેટાને ક્રિયામાં રૂપાંતરિત કરવું

બેન્ચમાર્કિંગ એ ઓળખવા વિશે નથી કે તમે ક્યાં નિષ્ફળ રહ્યા છો; તે શોધવા વિશે છે કે તમે ક્યાં ઑપ્ટિમાઈઝ કરી શકો છો. તમારી ફાર્મસીને બજાર પ્રદર્શનના ટોચના ક્વાર્ટાઈલમાં ખસેડવા માટે તમારા મેટ્રિક્સ માટે એક વ્યવસ્થિત અભિગમનો વિચાર કરો:

[ નાણાકીય ગાબડા ] ---> ઈન્વેન્ટરી ટર્ન / સ્કેલ અપ સ્પેશિયાલિટી ઑફરિંગ

[ શ્રમ ગાબડા ] ---> વર્કફ્લો ઓટોમેશન અને આધુનિક મેનેજમેન્ટ સિસ્ટમ્સ અપનાવો

[ આવક ગાબડા ] ---> ક્લિનિકલ સર્વિસ એનરોલમેન્ટ્સ અને મેડ સિંક પ્રોગ્રામ્સનો વિસ્તાર કરો

PeritePharmaSys ખાતે, અમે માનીએ છીએ કે ડેટા-આધારિત આંતરદૃષ્ટિ એ આધુનિક ફાર્મસી સફળતાનો પાયો છે. તમારા ટુ કોસ્ટ ટુ ડિસ્પેન્સનું ઓડિટ કરીને, તમારા ઈન્વેન્ટરી ચક્રને કડક બનાવીને અને તમારા ક્લિનિકલ આઉટપુટને મહત્તમ બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને તમે તમારા વ્યવસાયને બજારની અસ્થિરતા સામે સુરક્ષિત કરી શકો છો અને ખૂબ જ સ્થિતિસ્થાપક પ્રેક્ટિસ બનાવી શકો છો.

- તમારી ફાર્મસી આ આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક સામે કેવી રીતે ટકી રહે છે? તમે કયા મેટ્રિક્સને પ્રાથમિકતા આપી રહ્યા છો? ચાલો નીચે ટિપ્પણીઓમાં ચર્ચા કરીએ.

#PeritePharmaSys #PharmacyManagement #PharmacyBenchmarking #HealthcareData #PharmacyOperations #ClinicalServices

# ઓન્ટેરિયોમાં નાઈટલાઈફ અને હોસ્પિટાલિટી ઉદ્યોગને બૂસ્ટર ડોઝ, ફિફા વર્લ્ડ કપ વેળા બારના સમયમાં વધારો

## ફેન ઝોન તેમજ ટોરોન્ટોમાં બાર અને રેસ્ટોરન્ટમાં વોચ પાર્ટીઓનું આયોજન કરાશે

**ઓન્ટેરિયો**

ફિફા વર્લ્ડ કપ દરમિયાન ઓન્ટેરિયોના બાર ખુલવાનો સમય વધારવામાં આવ્યો હતો. ઉનાળા દરમિયાન હોસ્પિટાલિટી ઉદ્યોગને વેગ આપવા માટે પ્રાંતીય સરકારે નિર્ણય લીધો છે કે, ફિફા વર્લ્ડ કપ દરમિયાન ઓન્ટેરિયોમાં બારને સવારે ૪ વાગ્યા સુધી દારૂ વેચવાની મંજૂરી આપવામાં આવશે.

એટર્ની જનરલ ડગ ડાઉનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ૧૧ જૂનથી ૧૯ જુલાઈ દરમિયાન, પ્રાંતભરના લાઈસન્સ પ્રાપ્ત બાર અને રેસ્ટોરન્ટના સમયને અસ્થાયી રૂપે ૨ વાગ્યાના સામાન્ય છેલ્લા કોલથી બે કલાક વધુ લંબાવવામાં આવશે.



આ ઉનાળામાં, વિશ્વભરથી આવનારા ચાહકો ટોરોન્ટોમાં વિશ્વ કક્ષાની રમતની ઉજવણી કરવા માટે ભેગા થશે. રેસ્ટોરન્ટ અને બારને પછીથી ખુલ્લા રહેવા દેવાનો અર્થ એ છે કે ચાહકો નોકરીઓને ટેકો આપતા, સ્થાનિક વ્યવસાયોને મજબૂત બનાવતા અને સમગ્ર ઓન્ટેરિયોમાં આર્થિક વિકાસને વેગ આપતા ટુર્નામેન્ટની ઊર્જા, ઉત્સાહ અને વાતાવરણનો સંપૂર્ણ અનુભવ કરી શકશે. વર્લ્ડ કપ ૧૦ જૂનથી ૧૯ જુલાઈ દરમિયાન કેનેડા, યુનાઈટેડ સ્ટેટ્સ અને મેક્સિકોમાં યોજાઈ રહ્યો છે. પ્રવાસન, સંસ્કૃતિ અને ગેમિંગ મંત્રી સ્ટેન ચોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મોટાભાગની મેચ સરહદની દક્ષિણમાં રમાશે. જ્યારે ટોરોન્ટો પાંચ ગ્રુપ-સ્ટેજ રમતો અને એક નોકઆઉટ મેચનું આયોજન કરશે. શહેરમાં છેલ્લી મેચ ૨ જુલાઈના રોજ રમાશે. શહેરની પહેલી મેચમાં કેનેડા બોસ્નિયા અને હર્ઝેગોવિનાને ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં BMO ફિલ્ડ ખાતે યજમાન બનાવશે, ત્યારબાદ વાનકુવરમાં બીજી અને ત્રીજી હોમ મેચ રમાશે.

ટોરોન્ટોમાં રમવા માટે તૈયાર મુખ્ય દેશોમાં જર્મની, સેનેગલ અને ક્રોએશિયાનો સમાવેશ થાય છે. શહેર બે સત્તાવાર ફેન ઝોન તેમજ ટોરોન્ટોમાં બાર અને રેસ્ટોરન્ટમાં વોચ પાર્ટીઓનું આયોજન કરશે. ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ દરમિયાન છેલ્લી મેચ લંબાવવાથી ઓન્ટેરિયો વિશ્વભરના ચાહકો માટે સલામત, ગતિશીલ અને સ્વાગત અનુભવ પ્રદાન કરવામાં મદદ કરશે. વર્લ્ડ કપ ફાઈનલ ૧૯ જુલાઈના રોજ ન્યુ જર્સીમાં યોજાશે.

# કેનેડા ક્રિકેટ બોર્ડના અધ્યક્ષના ઘરે ફાયરિંગ ખંડણી વસૂલતી ગેંગનો હાથ હોવાની આશંકા

બ્રિટિશ કોલંબિયા : ક્રિકેટ બોર્ડ કેનેડાના નવા ચૂંટાયેલા અધ્યક્ષ અરવિંદર ખોસાના નિવાસસ્થાન પર બુધવારે વહેલી સવારે અજાણ્યા હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં આ ઘટના પાછળ ખંડણી વસૂલતી ગેંગનો હાથ હોવાની આશંકા સેવાઈ રહી છે.

**ભ્રષ્ટાચાર, સંગઠિત ગુનાખોરી અને મેચ ફિક્સિંગના ગંભીર આરોપોની તપાસ સમયે જ ઘટના**

આ ઘટના બ્રિટિશ કોલંબિયાના સરે સ્થિત ન્યૂટન વિસ્તારમાં સવારે 4:40 વાગ્યે બની હતી. હુમલાખોરોએ અરવિંદર ખોસાના ઘરને નિશાન બનાવીને તાબડતોબ ફાયરિંગ કર્યું હતું. ગોળીબાર એટલો ભયાનક હતો કે ઘરના મુખ્ય દરવાજા, બારીઓ અને બહારની દીવાલો પર ગોળીઓના 5 સ્પષ્ટ નિશાન મળી આવ્યા છે. ગોળીઓ બારી-બારણાં ચીરીને અંદર ઘૂસી ગઈ હતી, પરંતુ સદનસીબે પરિવારનો આબાદ બચાવ થયો છે અને કોઈને ઈજા પહોંચી નથી. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે થોડા અઠવાડિયા પહેલા જ ક્રિકેટ કેનેડામાં ભ્રષ્ટાચાર, સંગઠિત ગુનાખોરી અને મેચ ફિક્સિંગના ગંભીર આરોપો અંગે મોટી તપાસ શરૂ થઈ છે.

ક્રિકેટ બ્રિટિશ કોલંબિયાના પ્રમુખ રહી ચૂકેલા ખોસા પણ આ તપાસના દાયરામાં છે. ખેલાડીઓએ ખોસા પર કુખ્યાત ‘બિશ્નોઈ ગેંગ’ સાથે સંબંધો હોવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. આ એ જ ગેંગ છે જેણે 2025માં કેનેડાની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના એક ખેલાડીને ધમકી આપી હતી.

જોકે, અધ્યક્ષ અરવિંદર ખોસાએ પોતાના પર લાગેલા તમામ આરોપોને સરેઆમ નકારી કાઢ્યા છે અને આ ફાયરિંગ પાછળ ઊંડી સાજિશ હોવાની આશંકા વ્યક્ત કરી છે. હાલ રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ આસપાસના સીસીટીવી ફૂટેજ ફંગોળીને હુમલાખોરોને શોધી રહી છે.

### ટેકનિકલ ઓડિટમાં ભાંડો ફૂટી જતા એલિસ બ્રિજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ

# અમદાવાદમાં IT કંપનીના બે કર્મીએ સિસ્ટમમાં છીંડું શોધી 1.56 કરોડ પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યા, 6 વર્ષે ભાંડો ફૂટ્યો

**અમદાવાદ**

એલિસબ્રિજ ગુજરાત કોલેજ પાસે આવેલી આઈટી કંપનીમાં સપોર્ટ હેડ તરીકે નોકરી કરતા બે કર્મચારીઓએ સત્તાનો દુરુપયોગ કરીને ઈ-ટેન્ડર અને ઈ-ઓક્શનના ક્લાયન્ટને પરત કરવાના સોફ્ટવેરમાં પોતાના અંગત બેંક એકાઉન્ટ ઉમેરીને 1.56 કરોડ રૂપિયાની ઉચાપત કરી હોવાની ફરિયાદ એલિસબ્રિજ પોલીસ મથકે નોંધવામાં આવી છે. એલિસબ્રિજ ગુજરાત કોલેજ પાસે આવેલી આઈટી કંપનીએ ટેકનિકલ ઓડિટ કરતા, છેલ્લા 6 વર્ષથી કરવામાં આવતી છેતરપિંડીનો આ સમગ્ર મામલો સામે આવ્યો છે.

એલિસબ્રિજ ગુજરાત કોલેજ પાસે આવેલા વોલ સ્ટ્રીટ-2 કોમ્પ્લેક્સમાં સ્થિત આઈટી કંપનીમાં ફાઈનાન્સ હેડ તરીકે ફરજ બજાવતા ધ્વની કામાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની કંપની વિવિધ ઈ-ઓક્શન અને ઈ-ટેન્ડરિંગની કામગીરી કરે છે. જેમાં વિવિધ ક્લાયન્ટ કંપનીઓ દ્વારા નાણાં આ આઈટી કંપનીમાં જમા કરાવવામાં આવે છે. આ નાણાંની જવાબદારી અને ટેકનિકલ કામ તેમના સપોર્ટ સિસ્ટમના હેડ ધરમ રાઠોડ (રહે. નારેશ્વર ફ્લેટ, ઘાટલોડિયા) અને નિખિલ ખલાસ (રહે. રિવરસાઈડ પાર્ક, ન્યુ વાસણા)ની હતી. બંને મહત્વની પોસ્ટ પર હોવાથી તેમને કંપનીના તમામ એક્સેસ અને પાસવર્ડ આપવામાં આવ્યા હતા.

થોડા મહિના પહેલા ટેકનિકલ એનાલિસિસ દરમિયાન કંપનીના વડાને જાણવા મળ્યું હતું કે કંપનીની સિસ્ટમમાં ચેડાં થયા છે અને આઈટી કંપનીએ તેમના ગ્રાહકોને પરત કરવાના નાણાંના બેંક એકાઉન્ટ બદલાયા હતા. જે અંગે તપાસ કરતા માલૂમ પડ્યું કે, ધરમ રાઠોડ અને નિખિલ ખલાસે આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને સિસ્ટમમાં કુલ 3 બેંક એકાઉન્ટ નંબર બદલી નાખ્યા હતા. જેમાં એક ખાતું ધરમ રાઠોડનું હતું તો બીજું ખાતું નિખિલ ખલાસનું હતું અને ત્રીજું બેંક ખાતું નિખિલની પત્ની પ્રિયંકાનું હતું. આ ત્રણેય એકાઉન્ટમાં વર્ષ 2021 થી 2026 દરમિયાન કુલ 1.56 કરોડ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. આ અંગે એલિસબ્રિજ પોલીસે ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી છે.

## મોજશોખ અને વિદેશ જવા અમદાવાદમાં ૮૦ લાખની ચોરી : બે સાગરીતો ઝડપાયા

**અમદાવાદ**

રતનપોળની આંગળિયા પેઢીમાં કામ કરતા જીગરસિંહ વિહોલ નામના કર્મચારીને સોના, ચાંદી અને ડાયમંડના કિંમતી દાગીનાની ભુજ ખાતે સેફ ડિલિવરી કરવાની જવાબદારી સોંપાઈ હતી. જાકે, જીગર નિયત સ્થળે પહોંચ્યો જ નહોતો અને રસ્તામાંથી જ કિંમતી દાગીના લઈને ગાયબ થઈ ગયો હતો. આ કેસમાં પકડાયેલા આરોપીઓ અગાઉ સિંગાપોર રહી ચૂક્યા છે. ચોરીનું સંપૂર્ણ પ્લાનિંગ મુખ્ય આરોપી જીગરસિંહ અને તેને સાત દિવસ પહેલા જ આંગળિયા પેઢીમાં નોકરી પર રખાવનાર ગુનાઈત ઈતિહાસ ધરાવતા વિપુલ ઠાકોરે કર્યું હતું. જીગર પેઢીમાંથી કરોડોનો સામાન સેરવીને સીધો સુરેન્દ્રનગર પહોંચ્યો હતો, જ્યાં તેણે પોતાના સાથીદાર અજય અને દીપક રાવળ સાથે મુલાકાત કરી હતી. અજય અને દીપકને આ ચોરીના દાગીના વેચીને રોકડા રૂપિયા કરવાની જવાબદારી સોંપાઈ હતી. તેઓ આ ચોરીનો માલ વેચવા માટે ફરી રતનપોળની જ એક જ્વેલર્સની દુકાને આવ્યા હતા.

દરમિયાન પીએસઆઈને ચોક્કસ બાતમી મળી હતી કે ચોરીનો મુદ્દામાલ વેચવા બે શંકાસ્પદ ઈસમો રતનપોળ વિસ્તારમાં ફરી રહ્યા છે. તેથી પોલીસ ત્યાં પહોંચી બંનેને ઝડપી પાડ્યા હતા.

## ડેટિંગ એપ પર PSI બનીને યુવતી સાથે ઠગાઈ લગ્નની લાલચ આપી 79 હજારથી વધુ પડાવ્યા

### વધુ પડતી લાલચ નડી અને ભાંડો ફૂટી ગયો! રડવાનું નાટક કરીને રૂ. 79,700 પડાવ્યા

**અમદાવાદ**

મૂળ રાજકોટની અને હાલ અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં રહીને ખાનગી ઈન્સ્યોરન્સ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતી 35 વર્ષીય યુવતી લગ્ન માટે યોગ્ય પાત્રની શોધમાં હતી. આ માટે તેણે બમ્બલ નામની ડેટિંગ એપ પર એકાઉન્ટ બનાવ્યું હતું.

યુવતીને ફસાવવા માટે તેણે ઈન્સ્ટાગ્રામ આઈડી પર પોલીસની વર્દીવાળા ફોટા મૂક્યા હતા અને બાયોમાં ક્રાઈમ બ્રાન્ચ સાયબર સિક્યોરિટી ઓફિસર લખ્યું હતું. જેથી યુવતી સરકારી નોકરીયાત અને તે પણ પોલીસ અધિકારી તેથી લલચાઈને યુવતી સંપર્કમાં આવી હતી. ત્યાર બાદ બંન્ને વચ્ચે વાતો શરૂ થઈ હતી. બંને વચ્ચે લગ્નની વાતો શરૂ થયા બાદ, 16 મેના રોજ તે યુવતીને રૂબરૂ મળવા ગયો હતો. મુલાકાત દરમિયાન તેણે સેટેલાઈટ વિસ્તારમાં પોતાના મકાનનું કામ ચાલતું હોવાનું કહીને રડવાનું નાટક કર્યું હતું. કોન્ટ્રાક્ટરને તાત્કાલિક પૈસા ચૂકવવાના બહાને તેણે યુવતી પાસે આર્થિક મદદ માંગી હતી. ભાવુક થઈને યુવતીએ તેની વાતો પર ભરોસો કરી લીધો અને 17 મેના રોજ ગૂગલ પેથી રૂપિયા 79,700 ટ્રાન્સફર કરી દીધા હતા. 79 હજાર રૂપિયા મેળવ્યા બાદ નકલી PSIની લાલચ વધી ગઈ. તેણે એ જ રાત્રે નવો મોબાઈલ ફોન ખરીદવાના બહાને યુવતી પાસે વધુ 60 હજાર રૂપિયા તેમજ તેના અંગત ઓળખપત્રો (આધારકાર્ડ અને પાનકાર્ડ) માંગ્યા હતા.

## ગરીબ લોકોને નામે 100થી વધુ બેન્ક એકાઉન્ટ ખોલાવનાર ગેંગનો પર્દાફાશ, એકની ધરપકડ

### બાતમીના આધારે નારણપુરામાંથી આરોપીની ધરપકડ, ATM અને પાસબુક જપ્ત

**અમદાવાદ**

અમદાવાદ પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે નારણપુરા વિસ્તારમાં દરોડો પાડીને નીરવ શાહ નામના શખસની અટકાયત કરવામાં આવી હતી. પોલીસને આરોપીની તલાશી દરમિયાન તેની પાસેથી 3 ATM કાર્ડ, 1 બેન્ક પાસબુક અને 2 મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આરોપીની પ્રાથમિક પૂછપરછમાં જ ચોંકાવનારો ખુલાસો થયો હતો કે તે નિર્દોષ લોકોના ખાતા ખોલાવીને બેન્ક તરફથી મળતી વેલકમ કિટ પોતાની પાસે જ રાખી લેતો હતો અને સાયબર ગઠિયાઓને સપ્લાય કરતો હતો.

તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલ આરોપી નીરવ શાહ અને તેનો સાથીદાર વિશાલ કોટક છેલ્લા એક વર્ષથી આ નેટવર્ક ચલાવતા હતા. તેઓ અમદાવાદના અલગ-અલગ શ્રમિક વિસ્તારોમાં જઈને પૈસાની જરૂરિયાતવાળા લોકોને ટાર્ગેટ કરતા હતા અને નજીવી રકમની લાલચ આપી તેમના સેવિંગ કે કરંટ એકાઉન્ટ ખોલાવતા હતા. ચાંદખેડા વિસ્તારના રહીશોના ખાતા ખોલાવવા માટે દેવ મોઢેરા નામના શખસે પણ તેમને મદદ કરી હતી.ખાતામાં મિનિમમ બેલેન્સ જાળવવાનો અને સિમકાર્ડ ખરીદવાનો તમામ ખર્ચ વિશાલ કોટક ઉઠાવતો હતો. એકવાર એકાઉન્ટ એક્ટિવ થઈ જાય એટલે નીરવ બેન્ક કિટ કલેક્ટ કરીને વિશાલને આપતો હતો. ત્યાંથી આ કિટ પટેલભાઈ, ગોપાલ પંચાલ અને વિકી નામના વચેટીયાઓ મારફતે ગુનેગારો સુધી પહોંચાડવામાં આવતી હતી.

## એનઆરઆઈ દંપતીના મકાનમાંથી 21 લાખના સોનાના દાગીનાની ચોરી

**અમદાવાદ**

હાલ અમેરિકામાં મોટેલનો વ્યવસાય કરતા દેવાંગભાઈ ભટ્ટ અને તેમના પત્ની પ્રીતિબેન સમયાંતરે અખબારનગર સ્થિત પોતાના ઘરે આવતા રહે છે. ગત વર્ષે જુલાઈ મહિનામાં જ્યારે તેઓ વતન આવ્યા હતા, ત્યારે તેમણે બેંકના લોકરમાંથી દાગીના કાઢીને પોતાના ઘરના સેફમાં મૂક્યા હતા. ગત 16 એપ્રિલના રોજ પ્રીતિબેન અમેરિકા પરત ફરવા માટે પોતાના સામાનનું પેકિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન કબાટ ખોલતા જ તેમના હોશ ઊડી ગયા હતા, કારણ કે અંદર રાખેલા 21 લાખના સોનાના દાગીના ગાયબ હતા. થોડા દિવસ પૂર્વ આ દંપતી ફરી ભારત પરત ફર્યું હતું અને ઘરમાં ઝીણવટભરી તપાસ કરવા છતાં દાગીના ન મળતા આખરે તેમણે એફઆઈઆર (FIR) નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, આ NRI દંપતી જ્યારે પણ અમેરિકાથી અમદાવાદ પોતાના ઘરે આવતું, ત્યારે ઘરની સાફસફાઈ અને કચરા-પોતા માટે પાયલ પરમાર નામની મહિલાને કામે રાખતા હતા. પરિવાર ઘરમાં જ હાજર હોય અને તાળા તૂટ્યા વગર કબાટમાંથી દાગીના ચોરાયા હોવાથી પોલીસ આ મામલે ઘરઘાટી કે કોઈ ભેજાબાજની સંડોવણી હોવાની આશંકા સાથે તપાસ કરી રહી છે.

## વેરાવળમાં ધોળા દિવસે જાહેરમાં માથામાં ગોળી મારી યુવકની હત્યા

**વેરાવળ**

વેરાવળ શહેરમાં બુધવારે બપોરે ધોળા દિવસે સોમનાથ ટોકીઝ વિસ્તાર નજીક આવેલી સ્કૂલ પાસે મૌલાના સહિત ચાર લોકોએ તુરક સમાજના પ્રમુખની માથામાં ગોળી મારી હત્યા કરાઈ હતી. તુરક સમાજના પ્રમુખ જાવેદ તાજવાની ઉર્ફે જાવેદ વાંદરી અને તેમના ભત્રીજાને આજે બપોરે સોમનાથ ટોકીઝ નજીક ગોળી મારવામાં આવી હતી. આ હુમલો કરીને હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. હુમલામાં માથામાં ગોળી વાગતા જાવેદ તાજવાની લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા જ્યારે સાથી ભત્રીજા પણ ઈજાગ્રસ્ત થયો છે.ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ ગંભીર રીતે ઈજાગ્રસ્ત તાજવાનીને તાત્કાલિક સારવાર માટે સ્થાનિક સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેમની ગંભીર હાલતને જાતા વધુ સારવાર અર્થે જુનાગઢ ખાતે રિફર કરાયા હતા જ્યાં મોડી રાત્રે જાવેદ તાજવાનીનું મોત નીપજ્યું હતું.

## વાવ-થરાદ ડ્રગ્સ કેસમાં મોટો ધડાકો : ઝડપાયેલા ૩માંથી ૨ ભાજપ સાથે જાડાયેલા હોવાનો દાવો

### પોલીસે એક કારમાંથી લાખો રૂપિયાનું એમ.ડી. ડ્રગ્સ ઝડપી પાડી ત્રણની ધરપકડ કરી હતી

**વાવ**

વાવ-થરાદ જિલ્લામાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પોલીસે એક કારમાંથી લાખો રૂપિયાનું એમ.ડી. ડ્રગ્સ ઝડપી પાડી ત્રણ શખસોની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં જ આ કેસમાં મોટો રાજકીય ધડાકો થયો છે, જેમાં પકડાયેલા આરોપીઓ શાસક પક્ષ ભાજપ સાથે સંકળાયેલા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવતાં સમગ્ર પંથકમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે.

થરાદ એસ.ઓ.જી. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, સરહદી વિસ્તારમાં કાર મારફતે ડ્રગ્સની મોટી ડિલિવરી થવાની છે. પોલીસે આયોજનબદ્ધ રીતે વોચ ગોઠવીને શંકાસ્પદ કારને આંતરી તેની તપાસ કરી હતી. કારમાંથી અંદાજે ૬૬.૭૫૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ મળી આવ્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજિત ૨,૨૦,૨૫૦ રૂપિયા થાય છે. પોલીસે ડ્રગ્સના જથ્થા સાથે ગુનામાં વપરાયેલી કાર અને મોબાઈલ સહિત કુલ ૭,૧૨,૭૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે સ્થળ પરથી સુરેશ ડાયા ત્રિવેદી, બાબુ હીરા રાઠોડ અને રાણા જગા ચૌધરીની અટકાયત કરી છે. આ કેસમાં સૌથી મોટો ધડાકો ત્યારે થયો જ્યારે પકડાયેલા આરોપીઓની કુંડળી સામે આવી. ડ્રગ્સનો જથ્થો મંગાવનાર મુખ્ય ઈસમ થરાદ નગરપાલિકાના વોર્ડ નંબર ૫ના એક ભાજપના નગરસેવક (કાઉન્સિલર)નો સગો ભાઈ હોવાનું ખૂલ્યું છે. આ ઉપરાંત, પકડાયેલા ત્રણ પૈકીના અન્ય એક આરોપી પણ સત્તાધારી પક્ષ ભાજપના સંગઠન સાથે સીધો જાડાયેલો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

# પોતાના લોકો પર બોમ્બમારો કરતું પાકિસ્તાન અમને જ્ઞાન ન આપે : UNમાં ભારતે તતડાવ્યું

## ભારતીય રાજદ્વારી હરીશ પર્વતનેનીએ પાક.નો ઉઘડો લીધો, કાબૂલ એટેકનો પણ પર્દાફાશ

**લંડન**

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતે પાકિસ્તાનને ફરી એકવાર વૈશ્વિક મંચ પર આંતરરાષ્ટ્રીય સ્તરે જોરદાર લપડાક લગાવી છે. જમ્મુ-કાશ્મીરનો મુદ્દો ઉઠાવીને ભારત વિરુદ્ધ ઝેર ઓકનારા પાકિસ્તાનને ભારતીય રાજદ્વારીએ અરીસો બતાવ્યો છે.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં એક ચર્ચા દરમિયાન પાકિસ્તાનના પ્રતિનિધિએ ફરી એકવાર કાશ્મીર રાગ આલાપીને ભારત પર કટાક્ષ કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જો કે, સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ અને વરિષ્ઠ રાજદ્વારી હરીશ પર્વતનેનીએ પાકિસ્તાનનો ઘોર પરાજય કરતા તેને આકરી શિખામણ આપી છે. ભારતે બેતૂક શબ્દોમાં સંભળાવી દીધું છે કે, જે દેશનો પોતાનો ઈતિહાસ નરસંહારના કાળા કારનામાઓથી ખરડાયેલો છે, તે માનવાધિકારના નામે ભારતની આંતરિક બાબતો પર બોલે તે સૌથી મોટો મજાક છે. પર્વતનેનીએ જણાવ્યું કે, “દુનિયા એ ભૂલી નથી કે પવિત્ર રમઝાન મહિનામાં, જ્યારે ચારેય તરફ શાંતિ અને દયાનો માહોલ હોય છે, ત્યારે પાકિસ્તાની સેનાએ કાબુલની ‘ઓમિદ નશામુક્તિ સારવાર હોસ્પિટલ’ પર બર્બરતાપૂર્વક હવાઈ હુમલો કર્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર મિશનના આ હુમલામાં 269 નિર્દોષ નાગરિકોના મોત થયા હતા.

# પાક.ના ખૈબર પખ્તુનખ્વામાં 14 આતંકવાદીના મોત, અનેક ઘાયલ

## આતંકવાદી કમાન્ડર મુમતાઝ ઈમ્તી પણ માર્યા ગયો

**ખૈબર પખ્તુનખ્વા**

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ પ્રાંત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતી પ્રવર્તી રહી છે. જેમાં બે જૂથો વચ્ચે હિંસક અથડામણમાં 14 આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ પ્રદેશમાં હજુ પણ ઘણા સશસ્ત્ર જૂથો સક્રિય છે. આ અથડામણમાં ઘણા લોકો ઘાયલ પણ થયા છે.

આ અંગે પોલીસે આપેલી માહિતી મુજબ અફઘાનિસ્તાનની સરહદે આવેલા સેન્ટ્રલ કુર્રમ જિલ્લાના મનતો કામરાન વિસ્તારમાં આતંકવાદી કમાન્ડરો - કાઝીમ અને મુમતાઝ ઈમ્તીના જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે ફાયરિંગ દરમિયાન મુમતાઝ ઈમ્તી પણ માર્યા ગયો છે.

આ અથડામણ બાદ સ્થાનિક રહેવાસીઓએ મૃતદેહોને તે જ વિસ્તારમાં દફનાવી દીધા હતા. જ્યારે વિવિધ આતંકવાદી જૂથોની હાજરીના અહેવાલો વચ્ચે સેન્ટ્રલ કુર્રમમાં અનેક કામગીરી હાથ ધરવામાં આવી છે.

# તાલિબાનના શરમજનક કાયદા : જો પતિ મારે અને હાડકું તૂટે તો જ કેસ

## પુખ્ત વયની કન્યાની ચૂપકીદીને લગ્નની હા ગણી લેવાશે

**કાબૂલ**

આજના આધુનિક યુગમાં જ્યાં વિશ્વભરમાં મહિલા સમાનતા, શિક્ષણ અને તેમના અધિકારો પર ખુલ્લી ચર્ચા થઈ રહી છે, ત્યાં બીજી તરફ અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે મહિલાઓ પર ફરી એકવાર અત્યંત ક્રૂર અને ચોંકાવનારા નિયમો લાદી દીધા છે. તાલિબાનના આ નવા ફરમાનોને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે માનવાધિકાર સંગઠનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

તાલિબાનના નવા કાયદા મુજબ, જો કોઈ પુખ્ત વયની કન્યા (વર્જિન) તેના લગ્નના પ્રસ્તાવ પર મૌન રહે છે, તો તેની આ ચૂપકીદીને લગ્ન માટેની ‘સંમતિ’ એટલે કે ‘હા’ માની લેવામાં આવશે. સૌથી વધુ વિવાદાસ્પદ નિયમ ઘરેલુ હિંસાને લગતો છે. નવા કાયદા અનુસાર, જો પતિ તેની પત્ની કે બાળકોને મારપીટ કરે, તો કાનૂની કાર્યવાહી ત્યારે જ થશે જ્યારે પીડિતાનું હાડકું તૂટી જાય અથવા શરીર પર કોઈ ગંભીર અને જીવલેણ ઘા જોવા મળે. સામાન્ય મારપીટ કે માનસિક ત્રાસને હવે ગુનો ગણવામાં નહીં આવે.

# ચીનની મુલાકાત બાદ ટ્રમ્પનું નિવેદન: તાઈવાનના પ્રમુખ વિલિયમ લાઈ સાથે ચર્ચાનો આપ્યો સંકેત

## તાઈવાન પ્રમુખે ચર્ચા માટે તૈયાર, ચીનને એશિયામાં શાંતિ ભંગ કરનાર દેશ ગણાવ્યો

**શાંઘાઈ**

વર્ષ 1979 પછી પહેલીવાર અમેરિકા અને તાઈવાનના ટોચના નેતાઓ વચ્ચે સીધી વાતચીત થાય તેવા સંકેતો મળી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે જણાવ્યું હતું કે, તેઓ તાઈવાનના રાષ્ટ્રપ્રમુખ વિલિયમ લાઈ ચિંગ-તે સાથે વાતચીત કરશે. બીજી તરફ, તાઈવાનના રાષ્ટ્રપ્રમુખ લાઈ ચિંગ-તે પણ ટ્રમ્પ સાથે ચર્ચા કરવા માટે ઉત્સાહીત હોવાની લાગણી વ્યક્ત



કરી હતી. જો આ વાતચીત થશે, તો તે ચાર દાયકાથી વધુ જૂના રાજદ્વારી પ્રોટોકોલને તોડશે અને ચીનને ભારે ઉશ્કેરી શકે છે.

તાજેતરમાં જ બેઈજિંગમાં ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ સાથે મુલાકાત કર્યા બાદ, ટ્રમ્પે બીજી વખત તાઈવાનના નેતા સાથે વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે કહ્યું, “હું તેમની સાથે વાત કરીશ. હું દરેક સાથે વાત કરું છું.” તેમણે ઉમેર્યું કે તેઓ ચીન સાથે તાઈવાનની સમસ્યા અંગે પણ કામ કરશે. વ્હાઈટ હાઉસ હાલમાં તાઈવાનને આશરે $14 બિલિયનના (રૂપિયા 1.15 લાખ કરોડથી વધુ) મોટા હથિયારોના પેકેજ વેચવાની તૈયારી કરી રહ્યું છે.

# પુરુષોત્તમ માસમાં આ રીતે કરો ભગવાન વિષ્ણુનું પૂજન

તપ, જપ, વ્રત અને ઉપાસના માટે પુરુષોત્તમ માસ એટલે કે અધિક માસને સર્વોત્તમ માનવામાં આવ્યો છે. દર ત્રણ વર્ષે આવતો આ વિશેષ મહિનો સામાન્ય દિવસોની નીરસતામાંથી બહાર નીકળીને આત્માને પરમાત્મા તરફ વાળવાનો દિવ્ય અવસર છે. જ્યોતિષ અને પંચાંગની દૃષ્ટિએ સૂર્ય સંક્રાંતિ ન હોવાને કારણે ભલે આ મહિનાને શુભ કાર્યો માટે વર્જિત ગણવામાં આવ્યો હોય, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ તે અનંતગણું ફળ આપનારો છે. ભગવાન શ્રી કૃષ્ણ (વિષ્ણુ) એ આ માસને પોતાનું સર્વોત્તમ નામ `પુરુષોત્તમ’ આપ્યું છે અને વરદાન આપ્યું છે કે આ મહિનામાં જે પણ ભક્ત મારી ભક્તિ કરશે, તેનાં તમામ પાપો નષ્ટ થઈ જશે, તેથી જ આ માસમાં ભગવાન વિષ્ણુની પૂજા-અર્ચના કરવાનું વિશેષ મહત્ત્વ છે. આ પવિત્ર માસમાં પ્રભુ પુરુષોત્તમને કેવી રીતે પ્રસન્ન કરવા અને તેમની પૂજાવિધિ શું છે તે જાણીએ.




### બ્રાહ્મ મુહૂર્તમાં જાગરણ અને સંકલ્પ

અધિક માસ દરમિયાન દૈનિક પૂજાની શરૂઆત સૂર્યોદય પહેલાં `બ્રાહ્મ મુહૂર્ત’માં થવી જોઈએ. આ સમયે વાતાવરણમાં સત્ત્વ ગુણનું પ્રમાણ સૌથી વધુ હોય છે.

**સ્નાનવિધિ :** પવિત્ર નદીઓ (જેમ કે, ગંગા, નર્મદા)માં સ્નાન કરવાનું ભારે માહાત્મ્ય છે. જો નદીએ જવું શક્ય ન હોય, તો ઘરમાં જ સ્નાનના પાણીમાં થોડું ગંગાજળ અને તિલક (અથવા તુલસીપત્ર) ઉમેરીને સ્નાન કરવું જોઈએ.

**વ્રત સંકલ્પ :** સ્નાન કર્યા પછી સ્વચ્છ પીળાં વસ્ત્રો ધારણ કરવાં. ભગવાન વિષ્ણુની મૂર્તિ કે છબી સમક્ષ હાથમાં જળ, અક્ષત અને પુષ્પ લઈને આખા મહિનાના નિયમો પાળવાનો અથવા યથાશક્તિ વ્રત કરવાનો સંકલ્પ લેવો.

### પંચોપચાર અને ષોડશોપચાર પૂજા

ભગવાન વિષ્ણુની પૂજા માટે ઘરમાં ઈશાન ખૂણામાં (ઉત્તર-પૂર્વ) એક બાજઠ સ્થાપિત કરો. તેના પર પીળું વસ્ત્ર પાથરીને ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીજીની મૂર્તિ કે તસવીર સ્થાપિત કરવી. જો ઘરમાં લાડુ ગોપાલ (બાલકૃષ્ણ) હોય તો તેમની પૂજા પણ કરી શકાય.

**અભિષેક :** ભગવાનની મૂર્તિને સૌપ્રથમ ગંગાજળથી અને ત્યારબાદ પંચામૃત (દૂધ, દહીં, ઘી, મધ અને સાકરનું મિશ્રણ)થી અભિષેક કરવો. અભિષેક કરતી વખતે `પુરુષ સૂક્ત’ અથવા `વિષ્ણુ સહસ્ત્રનામ’ના પાઠ કરવા અત્યંત ફળદાયી નીવડે છે.

**ચંદન અને તિલક :** વિષ્ણુને પીળો રંગ અતિ પ્રિય છે, તેથી તેમને ગોપીચંદન, હરિચંદન અથવા કેસર મિશ્રિત ચંદનનું તિલક કરવું.

**પુષ્પ સમર્પણ :** પ્રભુને પીળા કનેર, ગલગોટા અથવા કમળનાં ફૂલ અર્પણ કરવાં. ભગવાનને તુલસીજી વિનાની પૂજા અધૂરી લાગે છે, તેથી પૂજામાં તુલસીદલ (પાંદડાં) અચૂક અર્પણ કરવાં.

### ધૂપ, દીપ અને નૈવેદ્ય અર્પણવિધિ

પૂજાસ્થાન પર ગાયના શુદ્ધ ઘીનો દીવો પ્રગટાવવો. અધિક માસમાં અખંડ દીવો રાખવાની પરંપરા પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે. સુગંધિત ધૂપ સળગાવી પ્રભુની આરતી ઉતારવી.

ભોગ (નૈવેદ્ય) : ભગવાન વિષ્ણુને સાત્ત્વિક ભોગ ધરાવવો. આ મહિનામાં માલપૂઆ, પંચામૃત, ઋતુ ફળ (ખાસ કરીને કેળાં-કેરી) અને પીળી મીઠાઈનો ભોગ લગાવવો. યાદ રાખવું કે પ્રભુને ધરાવવામાં આવતા દરેક ભોગમાં તુલસીનું પાન ચોક્કસ મૂકવું, કારણ કે તુલસી વગર ભગવાન વિષ્ણુ ભોગ ગ્રહણ કરતા નથી.

### સાંધ્ય પૂજા અને દીપદાનનો વિશેષ મહિમા

અધિક માસમાં માત્ર સવારની પૂજા જ નહીં, પરંતુ સાંજના સમયની પૂજાનું પણ એટલું જ મહત્ત્વ છે. સાંજે સૂર્યાસ્ત સમયે ઘરના આંગણે કે તુલસીક્યારે ઘીનો દીવો કરવો. શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ, અધિક માસમાં કોઈ પવિત્ર નદીના કિનારે, વિષ્ણુ મંદિરે અથવા પીપળાના વૃક્ષ નીચે `દીપદાન’ કરવાથી વંશવૃદ્ધિ થાય છે અને અકાળ મૃત્યુનો ભય દૂર થાય છે.

# ‘હીટવેવ’માં શેકાતું જનજીવન, બાંદામાં છેલ્લા 3 દિવસથી 48 ડિગ્રી

## દિલ્હીમાં રિજ બેઝ સ્ટેશન 45.8 ડિગ્રી સાથે શહેરનું સૌથી ગરમ સ્થળ : રાજસ્થાનનું શ્રીગંગાનગર 46.5 ડિગ્રીએ ભઠ્ઠી બન્યું

**લખનઉ**

બુધવારે ઉત્તર ભારતમાં ભીષણ ગરમીનો પ્રકોપ જારી રહ્યો હતો. ઉત્તર પ્રદેશનો બાંદા શહેર 48 ડિગ્રી સેલ્સિયસ સાથે સતત ત્રીજા દિવસે દેશનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. બાંદા શહેરનું આ તાપમાન સામાન્યથી 4.5 ડિગ્રી વધારે હતું. ગરમીની વચ્ચે દેશમાં વીજળીની માંગ બુધવારે રેકોર્ડ 265.44 ગીગા વોટ પર પહોંચી ગઈ હતી. તેણે મંગળવારે બનાવેલા પાછલા રેકોર્ડને પણ પાછળ છોડી દીધો હતો. ગરમીને કારણે એર કન્ડીશનરનો ઉપયોગ વધતા વીજળીની માંગ સતત વધી રહી છે.

**દિલ્હી :** રિજ બેઝ સ્ટેશન પર મહત્તમ તાપમાન 45.8 ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. જેના કારણે આ દિલ્હીનું સૌથી ગરમ સ્થળ બની ગયું હતું. સફદરગંજ હવામાન કેન્દ્રમાં મહત્તમ તાપમાન 44.5 ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.



**ઉત્તર પ્રદેશ :** હવામાન વિભાગે હજુ પણ આગામી એક સપ્તાહ સુધી અનેક વિસ્તારો માટે ભીષણ લૂની એલર્ટ જારી કરી છે. આગામી ત્રણ દિવસ સુધી યલો એલર્ટ અને ત્યારબાદ ઓરેન્જ એલર્ટની ચેતવણી જારી કરવામાં આવી છે.

**રાજસ્થાન :** શ્રીગંગાનગર 46.5 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું છે. રાજ્યનાં હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર રાજ્યનાં મોટા ભાગનાં વિસ્તારોમાં ભીષણ ગરમીનો પ્રકોપ જારી રહ્યો હતો.

**પંજાબ અને હરિયાણા :** ભીષણ લૂનો પ્રકોપ જારી રહ્યો હતો. જ્યાં તાપમાન 47 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. હરિયાણાનાં રોહતકમાં મહત્તમ તાપમાન 46.9 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.

**હિમાચલ :** પણ લૂ જેવી સ્થિતિ જોવા મળી રહી છે. જ્યાં મેદાની વિસ્તારોમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. પર્વતોની રાણી તરીકે ઓળખાતા શિમલામાં દિવસનાં સમયે તાપમાન 30.5 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.

**તેલંગણામાં** પણ તાપમાન ઝડપથી વધી રહ્યું છે. એલાપુરમાં 45.9 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. રાજ્યનાં અન્ય વિસ્તારોમાં પણ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધારે નોંધવામાં આવ્યું હતું.

# નવી દિલ્હીમાં હિન્દુ બની યુવતીને પ્રેમજાળમાં ફસાવી, ગેંગરેપ કરી ધર્મ પરિવર્તનનું દબાણ કર્યું

## ફેક આઈડીથી ફહીમે અશ્લીલ વીડિયો બનાવી જાનથી મારી નાખવાની ધમકી આપી

**નવી દિલ્હી**

દિલ્હીના સાઉથ ઈસ્ટ જિલ્લાના જામિયાનગર વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને માનવતાને શર્મસાર કરતી ઘટના પ્રકાશમાં આવી છે. મળતી વિગતો પ્રમાણે એક 23 વર્ષની યુવતી સાથે સામૂહિક દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. એટલું જ નહીં, યુવતી પર બળજબરીથી ધર્મ પરિવર્તન કરવાનું પણ દબાણ કરવામાં આવ્યું હતું. યુવતી સાથે એક બે વખત નહીં પરંતુ 2021થી લઈને 2024 સુધી આરોપીઓએ માનસિક અને શારીરિક રીતે પરેશાન કરી હતી.

આ સમગ્ર કાવતરાનો મુખ્ય સૂત્રધાર ફહીમ નામનો ગેરકાયદે હથિયારોનો સપ્લાયર હોવાનું સામે આવ્યું છે, જેણે સોશિયલ મીડિયા પર હિંદુ બનીને યુવતીને પોતાની જાળમાં ફસાવી હતી. આ સમગ્ર મામલાની શરૂઆત વર્ષ 2021માં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામથી થઈ હતી. મુખ્ય આરોપી ફહીમે પોતાની અસલી ઓળખ છુપાવીને ‘સાહિલ’ નામે એક ફેક પ્રોફાઈલ બનાવી હતી. તેણે પોતાને એક ખૂબ જ અમીર હિંદુ પરિવારનો યુવક ગણાવ્યો હતો. પીડિત યુવતી તેના ઝાંસામાં આવી ગઈ અને બંને વચ્ચે વાતચીત શરૂ થઈ. આરોપીએ યુવતીને લગ્નની લાલચ પણ આપી હતી. આ કેસનો મુખ્ય આરોપી ફહીમ અને તેના સંબંધીઓ ગેરકાયદે હથિયારોની તસ્કરી સાથે જોડાયેલા હોવાનું પણ યુવતીએ જણાવ્યું હતું.

# પુલવામા હુમલાના સૂત્રધાર હમઝાની અજાણ્યાઓએ ગોળી મારી ઠાર માર્યો

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ કાશ્મીરના પુલવામા હુમલાનો માસ્ટર માઈન્ડ ઠાર મરાયો હોવાનું સામે આવ્યું છે. આજતકના અહેવાલ મુજબ માસ્ટર માઈન્ડ આતંકી હમઝા બુરહાનની અજાણ્યા શખ્સોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. પાકિસ્તાનમાં જ બુરહાનની હત્યાનું સામે આવ્યું હતું.

પુલવામા હુમલાના માસ્ટરમાઈન્ડ આતંકવાદી હમઝા બુરહાનને પાકિસ્તાનમાં એક અજાણ્યા વ્યક્તિએ ગોળી મારી દીધી છે. સૂત્રો સૂચવે છે કે આ હુમલામાં આતંકવાદીનું મોત થયું છે. આતંકવાદી હમઝા બુરહાનને પાકિસ્તાનના મુઝફ્ફરાબાદમાં ગોળી મારી દેવામાં આવી હતી. મુઝફ્ફરાબાદ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં છે. આતંકવાદી હમઝા બુરહાન 2019 ના પુલવામા આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ્સમાંનો એક હતો. આ વ્યક્તિ પાકિસ્તાનમાં શિક્ષક તરીકે ઓળખાતો હતો. પુલવામા હુમલો 14 ફેબ્રુઆરી, 2019 ના રોજ થયો હતો, જ્યારે આતંકવાદીઓએ સેનાના કાફલાને નિશાન બનાવ્યો હતો. આ આતંકવાદી હુમલામાં 40 થી વધુ સૈનિકો શહીદ થયા હતા. અહેવાલો અનુસાર, આતંકવાદી હમઝા બુરહાનને મુઝફ્ફરાબાદમાં એક અજાણ્યા વ્યક્તિએ ગોળી મારી હતી.

# હવે શુભેન્દુ સરકારનો નિર્ણય : બંગાળના મદરેસાઓમાં હવે વંદે માતરમ્ ફરજિયાત

**કોલકાતા**

પશ્ચિમ બંગાળની સરકારે રાજ્યની શૈક્ષણિક વ્યવસ્થાને લઈને એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને મોટો નિર્ણય લીધો છે. હવે રાજ્યની તમામ મદરેસાઓમાં ‘વંદે માતરમ્’ ગાવું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે.

આ અંગે મદરેસા શિક્ષણ નિયામક દ્વારા 19 મે, 2026ના રોજ એક સત્તાવાર આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ નવા આદેશમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, અગાઉના તમામ નિર્દેશો અને પ્રથાઓને તાત્કાલિક અસરથી રદ કરીને, હવેથી મદરેસાઓમાં વર્ગો (ક્લાસીસ) શરૂ થતાં પહેલા થતી દૈનિક પ્રાર્થનામાં ‘વંદે માતરમ્’ ગાવું અનિવાર્ય રહેશે.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલો આ નવો નિયમ પશ્ચિમ બંગાળના તમામ પ્રકારના મદરેસાઓ પર સમાન રીતે લાગુ થશે. જેમાં રાજ્યની તમામ સરકારી મોડલ મદરેસા (ઈંગ્લિશ મીડિયમ), માન્યતા પ્રાપ્ત સરકારી સહાયતા મેળવતી મદરેસાઓ, અપ્રૂવ્ડ MSK, અપ્રૂવ્ડ SSK તેમજ માન્યતા પ્રાપ્ત ગેર-સહાયિત (પ્રાઈવેટ) મદરેસાઓનો સમાવેશ થાય છે. આ આદેશને તાત્કાલિક અસરથી અમલમાં લાવવા માટે કડક સૂચના આપવામાં આવી છે.

# રાજસ્થાનના અલવર ખાતે ભયાનક અકસ્માત ગેસ લીકેજ બાદ સિલિન્ડર ફાટતાં અફરાતફરી

## રસોઈ બનાવતા સમયે સિલિન્ડર બ્લાસ્ટ થતા એક જ પરિવારના 8 લોકો લોકો દાઝ્યા

**અલવર**

રાજસ્થાનના અલવર જિલ્લાના થાનાગાજી (ટહલા) વિસ્તારમાં આવેલા દાતા ખોદરી ગામમાં ગુરુવારે ગેસ સિલિન્ડર બ્લાસ્ટ ભયાનક અકસ્માત સર્જાયો. અચાનક થયેલા આ વિસ્ફોટના કારણે સમગ્ર ગામમાં અફરાતફરી મચી ગઈ. ઘર અંદર અને બહાર હાજર લોકો આગની ઝપેટમાં આવી ગયા હતા અને બુમાબુમ કરવાની સાથે દોડધામ શરૂ થઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં બાળકો સહિત કુલ 8 લોકો ગંભીર



રીતે દાઝી ગયા છે, જેમને સારવાર માટે અલગ-અલગ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગામના રહેવાસી રાધેશ્યામના ઘરમાં સવારે રસોઈ બનાવાઈ રહી હતી. તે સમયે કેટલાક લોકો રસોડામાં તો કેટલાક બહાર ભોજનની રાહ જોઈ રહ્યા હતા. ગેસ લીક થતાં બ્લાસ્ટ થયો હતો. લક્ષ્મી, લાડો દેવી, મંજૂ, હેમ સિંહ અને આલોક, કિંતુ, રાધેશ્યામ અને આયુષ ઈજાગ્રસ્ત થયા હતા અધિકારીઓના જણાવ્યા મુજબ સિલિન્ડરને દેશી ભઠ્ઠી સાથે પાઈપ દ્વારા જોડવામાં આવ્યું હતું, જે યોગ્ય રીતે ફિટ ન હોવાથી ગેસ લીક થયો હતો. જેના કારણે આગ લાગી અને બાદમાં સિલિન્ડર ફાટ્યો હતો. આ સમગ્ર મામલે હાલમાં તપાસ શરૂ કરવામાં આવી છે.

# બાંદ્રા ડિમોલિશન દરમિયાન ટીમ પર હિંસા, પથ્થરમારો કરનારા 16 લોકોની ધરપકડ

**નવી દિલ્હી**

મુંબઈના બાંદ્રા ઈસ્ટ રેલવે સ્ટેશન નજીક આવેલા ગરીબ નગર વિસ્તારમાં 20 મેના રોજ ગેરકાયદેસર અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી દરમિયાન ભારે તણાવ સર્જાયો. કોર્ટના આદેશ મુજબ તંત્રની ટીમ સુરક્ષાના કડક બંદોબસ્ત વચ્ચે બુલડોઝર કાર્યવાહી કરવા પહોંચી હતી. કાર્યવાહી શરૂ થતાં જ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો એકત્ર થયા અને વિરોધ શરૂ કર્યો હતો. વિરોધ પ્રદર્શન દરમિયાન ઉશ્કેરાયેલી ભીડે સરકાર વિરોધી નારા લગાવ્યા હતા અને અચાનક પોલીસ તથા તંત્રની ટીમ પર પથ્થરમારો શરૂ કર્યો હતો. આ હુમલામાં કેટલાક પોલીસકર્મીઓ ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે અત્યાર સુધીમાં 16 લોકોની ધરપકડ કરી હતી.

# કોકરોચ જનતા પાર્ટીએ ફોલોઅર્સમાં ભાજપ બાદ હવે કોંગ્રેસને પણ પછાડી

**નવી દિલ્હી**

કોકરોચ જનતા પાર્ટીને સમગ્ર દેશ સહિત વિશ્વમાં પણ જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. કોકરોચ જનતા પાર્ટીએ ઈન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સના મામલામાં ભાજપને પછાડ્યા બાદ કોંગ્રેસના હેંડલને પણ ઓવરટેક કરી લીધુ છે. પાંચ દિવસની અંદર ઓછામાં ઓછા 1.5 કરોડ ફોલોવર્સ થઈ ચુક્યા છે. કોકરોચ જનતા પાર્ટીના X એકાઉન્ટને ભારતમાં બ્લોક કરી દેવાયું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી કોકરોચ જનતા પાર્ટી હવે નવા વિવાદોમાં ફસાઈ ચુકી છે. પહેલા આ નામથી કેટલાય સોશિયલ મીડિયા એકાઉન્ટ ઉભરીને સામે આવ્યા તો કેટલાક એકાઉન્ટ બ્લોક અને રિસ્ટોરની પણ ચર્ચાઓ ચાલી. હવે આ મામલો ટ્રેડમાર્કની લડાઈ સુધી પહોંચી ગયો છે. ગયા અઠવાડિયે સુપ્રીમ કોર્ટમાં એક અરજી પર સુનાવણી દરમિયાન થઈ હતી. દરમિયાન CJI સૂર્યકાંતે રીતે કહ્યું હતું કે, “કેટલાક યુવાનો કોકરોચ જેવા હોય છે, જેમને ન તો કોઈ રોજગાર મળે છે કે ન તો કોઈ વ્યવસાયમાં સ્થાન મળે છે. તેમાંથી કેટલાક મીડિયા ક્ષેત્રે જાય છે, સોશિયલ મીડિયા એક્ટિવિસ્ટ બને છે કે આરટીઆઈ (RTI) એક્ટિવિસ્ટ બને છે અને પછી દરેક સિસ્ટમ પર હુમલો કરવાનું શરૂ કરી દે છે.”

# બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ‘બ્રાહ્મણ વિરોધી’ પ્રશ્ન પૂછાતા હોબાળો, શંકરાચાર્યે વાંધો ઉઠાવ્યો

**નવી દિલ્હી**

BHU ફરી એકવાર મોટા વિવાદના કેન્દ્રમાં આવી ગઈ છે. BHUમાં એમએ ઈતિહાસ ના ચોથા પ્રશ્નપત્રમાં પૂછાયેલા એક સવાલે સોશિયલ મીડિયાથી ભારે હોબાળો મચાવી દીધો છે. પરીક્ષામાં વિદ્યાર્થીઓને સવાલ પૂછવામાં આવ્યો હતો કે, ‘બ્રાહ્મણવાદી પિતૃસત્તાએ પ્રાચીન ભારતમાં મહિલાઓની પ્રગતિને કેવી રીતે અવરોધી?’ આ સવાલ સામે આવતાની સાથે જ યુનિવર્સિટીના પ્રોફેસરો-વિદ્યાર્થીઓ સામસામે આવી ગયા છે અને આ સવાલને પૂર્વગ્રહયુક્ત ગણાવીને ભારે વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયું છે. BHUના ઈતિહાસ વિભાગની પરીક્ષામાં પૂછાયેલા આ પ્રશ્નને લઈને વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો બંને ભારે નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

# ભારત-ઈટાલી વચ્ચે 20 અબજ યુરોનો વેપાર મોદીનું મેલોનીને ભારત આવવા આમંત્રણ

## ટ્રેડ, રક્ષા, ટેક્નૉલૉજી, બ્લુ ઇકૉનૉમી અને આતંકવાદ વિરોધી સહયોગ પર ચર્ચા કરી

**નવી દિલ્હી**

બુધવારે રોમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને જ્યોર્જિયા મેલોનીએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ભારત-ઇટલીના સંબંધોને સ્પેશ્યલ સ્ટ્રૅટેજિક પાર્ટનરશિપ સુધી અપગ્રેડ કરવાની જાહેરાત કરી હતી. બન્ને નેતાઓએ ટ્રેડ, રક્ષા, ટેક્નૉલૉજી, બ્લુ ઇકૉનૉમી અને આતંકવાદ વિરોધી સહયોગ પર ચર્ચા કરી હતી. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, 'બન્ને દેશોએ સંબંધોને સ્પેશ્યલ સ્ટ્રૅટેજિક પાર્ટનરશિપમાં અપગ્રેડ કરવાનો નિર્ણય લીધો છે જે આગામી વર્ષોમાં બન્ને દેશો વચ્ચેના સહયોગને નવી ઊંચાઈ બક્ષશે.'

નરેન્દ્ર મોદીએ ઇટલી સાથે વેપારના સંબંધો ઉપરાંત પણ અનોખું કનેક્શન હોવાની વાત કરતાં કહ્યું હતું, 'રોમને ઇટરનલ સિટી તરીકે વિશ્વભરમાં ઓળખવામાં આવે છે, જ્યારે ભારતમાં કાશી પણ એવું જ અનાદિ અને શાશ્વત નગર છે. જ્યારે બે પ્રાચીન સભ્યતાઓ મળે છે તો વાતચીતનો એજન્ડા માત્ર વેપાર સુધી સીમિત નથી રહેતો, ઇતિહાસની ગહેરાઈ અને ભવિષ્યની દીર્ઘદૃષ્ટિભરી મૈત્રી સુધી વિસ્તરે છે. ભારત અને ઇટલી વચ્ચે દ્વિપક્ષીય વેપાર સતત વધતો રહ્યો છે અને હવે વેપાર ૨૦ અબજ યુરોના વેપારી લક્ષ્ય તરફ બહુ ઝડપથી આગળ વધી રહ્યો છે. ભારતમાં હયાત ૮૦૦થી વધુ ઇટાલિયન કંપનીઓ ભારતની વિકાસયાત્રામાં સક્રિય ભાગીદાર બની રહી છે.

# પ.બંગાળમાં તાબડતોબ ધરપકડનો દોર, મમતાના અનેક નેતા રડારમાં

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન બાદ TMCના નેતાઓ, મંત્રીઓ, ધારાસભ્યો અને પંચાયત સ્તરના પદાધિકારીઓ વિરુદ્ધ રાજ્યવ્યાપી કડક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. પૂર્વ મંત્રી સુજીત બોસ જેલભેગા થઈ ચૂક્યા છે. નગરપાલિકા ભરતી કૌભાંડ સાથે જોડાયેલા મની લૉન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા ધરપકડ કરાઈ છે. સંદેશખાલીનો વિવાદિત શેખ શાહજહાં અટકાયતમાં છે. મોટા પાયે જમીન હડપ કરવા, મહિલાઓ પર અત્યાચાર ગુજારવા અને EDની ટીમ પર હુમલો કરવાના મુખ્ય આરોપ હેઠળ તે હાલ પોલીસની કસ્ટડીમાં છે. TMC ધારાસભ્યના પુત્ર પાસે મળ્યા વિદેશી હથિયાર. દક્ષિણ 24 પરગણા જિલ્લામાં STF દ્વારા બિષ્ણુપુરના TMC ધારાસભ્ય દિલીપ મંડલના પુત્ર અર્ઘ્ય મંડલની ધરપકડ કરતાં પિસ્તોલ અને ગેરકાયદેસર કારતૂસ મળ્યા હતા 13 કરોડની બૅંક છેતરપિંડીના કેસમાં માલ્દાના રતુઆ બ્લોકમાં TMC સંચાલિત બિલાઈમારી પંચાયતના પ્રધાન સ્મૃતિકણા મંડળ, તેમના પતિ અનિલ મંડળની બૅંકમાંથી આશરે 13 કરોડ રૂપિયાની ઉચાપતના આરોપમાં ધરપકડ કરાઈ છે.

# ભ્રષ્ટાચાર નાથવા માટે તામિલનાડુમાં વિજયની સરકારે કરી મોટી જાહેરાત

## ભ્રષ્ટાચાર વિરોધ કાર્યોમાં લોકોને પણ જોડી દેવાશે

**ચેન્નઈ**

તામિલનાડુના મુખ્ય પ્રધાન વિજયની સરકારે રાજ્યમાં ભ્રષ્ટાચારને નાથવા માટે કડક પગલાં લેવાની જાહેરાત સાથે મોટી ઘોષણા કરી છે. ભ્રષ્ટાચારવિરોધી ડિપાર્ટમેન્ટને જબરદસ્ત મજબૂત કરીને લોકોને પણ એમાં ભાગીદાર થવા પ્રોત્સાહિત કરતી જાહેરાત સરકારે કરી છે.

આ નીતિ અંતર્ગત જો કોઈ સરકારી વિભાગમાં તેમની પાસેથી લાંચ માગે અને એના પુરાવાઓ તેમની પાસે હોય તો લોકો એની ફરિયાદ નોંધાવી શકે છે. ભલે લાંચની રકમ ૧૦૦૦ રૂપિયા જેટલી નાની પણ હશે તોય ચોક્કસ પુરાવાઓ સાથે રજૂ થયેલી ફરિયાદ સામે ફરિયાદકર્તાને એક લાખ રૂપિયા રોકડા ઇનામમાં આપવામાં આવશે.

આ પ્રક્રિયા આસાન કરવા માટે વિજયની સરકારે ૨૪ કલાક ટોલ-ફ્રી હેલ્પલાઈન શરૂ કરી છે. એ હેલ્પલાઈન નંબર છે ૧૮૦૦-૪૨૫-૧૫૫૫. સરકારી ઑફિસોમાં ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે ખતમ કરવામાં જનતાને સક્રિય રીતે સામેલ કરવાની આ પહેલને કારણે આ નિર્ણય દેશભરમાં ચર્ચામાં છે.

# કેદારનાથના રસ્તામાં ભૂસ્ખલન, રસ્તો બંધ થઈ ગયો : 10 હજારથી વધુ શ્રદ્ધાળુનું રેસ્ક્યુ

## આખી રાત રેસ્ક્યુ ઓપરેશન બાદ આંશિક અવરોધ સાથે ફરીથી યાત્રા શરૂ કરાઈ

**કેદારનાથ**

ઉત્તરાખંડમાં કેદારનાથ યાત્રામાં શ્રદ્ધાળુઓનો ધસારો ચરમસીમાએ છે અને લાખો લોકો દર્શન માટે જઈ રહ્યા છે. એવામાં મંગળવારે રાતે કેદારનાથ માર્ગ પર રુદ્રપ્રયાગમાં ભૂસ્ખલન થતાં અફરાતફરી મચી ગઈ હતી. ૧૯ મેએ સોનપ્રયાગ-ગૌરીકુંડના વચ્ચેના મુનકટિયા વિસ્તારમાં અચાનક ભૂસ્ખલન થયું હતું. એને કારણે કેદારનાથના યાત્રીઓના માર્ગમાં અવરોધ આવ્યો હતો. રાતે લગભગ સાડાનવ વાગ્યે આ ઘટનાની જાણ રેસ્ક્યુ દળોને કરવામાં આવી હતી. એ પછી તરત જ સ્ટેટ ડિઝૅસ્ટર રિસ્પૉન્સ ફોર્સ (SDRF) અને નૅશનલ ડિઝૅસ્ટર રિસ્પૉન્સ ફોર્સ (NDRF)ની ટીમો પહોંચી ગઈ હતી. બન્ને ટીમોએ સંયુક્ત રીતે ઑપરેશન હાથ ધરીને



ભૂસ્ખલનને કારણે થયેલું ડૅમેજ દૂર કરીને બીજી તરફ ફસાયેલા ૧૦,૪૫૦ શ્રદ્ધાળુઓને સુરક્ષિત રીતે રસ્તો પાર કરાવ્યો હતો. આખી રાત ચાલેલા આ અભિયાન પછી હવે યાત્રાની અવરજવર આંશિક અવરોધ સાથે ફરીથી શરૂ થઈ ગઈ હતી.

# એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થતાં બચ્યું, રનવે પર અથડાઈ ટેલ-સ્ટ્રાઈક, 181 મુસાફરો સુરક્ષિત

## પ્રવાસીઓ અને ક્રૂડ સભ્યો સુરક્ષિત, બેંગલુરુથી દિલ્હી જનારી ફ્લાઈટ કેન્સલ

**બેંગ્લોર**

બેંગલુરુ એરપોર્ટ પર એર ઈન્ડિયા ફ્લાઈટની મોટી દુર્ઘટના ટળી છે. એરલાઈન્સે ગુરુવારે કહ્યું કે, દિલ્હીથી બેંગલુરુ જઈ રહેલી એર ઈન્ડિયાની એક ફ્લાઈટ બેંગલુરુ એરપોર્ટ પર લેન્ડિંગ થઈ રહી હતી, ત્યારે પ્લેનની ટેલ સ્ટ્રાઈક રન-વે સાથે અથડાઈ હતી.

એરલાઈન્સે કહ્યું કે, 21 મેના રોજ દિલ્હીથી બેંગલુરુ પહોંચેલી AI2651 નંબરની ફ્લાઈટની ટેલ સ્ટ્રાઈક લેન્ડિંગ વખતે રન-વે સાથે અથડાઈ હતી,




જોકે પાયલટની સમસૂચકતાના કારણે સુરક્ષિત લેન્ડિંગ કરવામાં આવ્યું છે અને 181 પ્રવાસીઓ અને ક્રૂ સભ્યો સુરક્ષિત છે. ઘટના બાદ વિમાનની સંપૂર્ણ તપાસ કરવા માટે ગ્રાઉન્ડેડ કરી દેવાયું છે. એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું કે, નિયમો મુજબ ઘટનાની તપાસ કરવામાં આવશે. એરલાઈન્સે એવું પણ કહ્યું કે, ઘટના બાદ બેંગલુરુથી દિલ્હી જનારી AI2652 ફ્લાઈટ રદ કરવામાં આવી છે. અમારી ટીમ તથા બેંગલુરુ ગ્રાઉન્ડ ટીમ નુકસાનગ્રસ્ત ફ્લાઈટના પ્રવાસીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી છે. એરલાઈન્સે કહ્યું કે, અમારી ટીમ ફ્લાઈટની સમસ્યા નિવારવા માટે, સુચારુરૂપે ઓપરેશન ચલાવવા માટે અને પ્રવાસીઓને સુરક્ષા માટે તમામ પ્રયાસો કરી રહી છે.

# RBI સરકારના ખાતામાં રૂ.3.5 લાખ કરોડ જમા કરાવશે : રિપોર્ટમાં દાવો

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકાર માટે આર્થિક મોરચે ખૂબ જ મોટા અને રાહતના સમાચાર આવી રહ્યા છે. રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા નાણાકીય વર્ષ 2025-26 માટે સરકારને અત્યાર સુધીનું સૌથી રેકોર્ડબ્રેક સરપ્લસ ડિવિડન્ડ ટ્રાન્સફર કરે તેવી શક્યતા છે. એક રિપોર્ટ અનુસાર, આ ચૂકવણી 2.7 લાખ કરોડ રૂપિયાથી લઈને 3.5 લાખ કરોડ રૂપિયાની વચ્ચે હોઈ શકે છે.

RBI બોર્ડની શુક્રવારે(22 મે) એક મહત્વની બેઠક મળવા જઈ રહી છે. જેમાં આ સરપ્લસ ટ્રાન્સફરને મંજૂરી આપવામાં આવી શકે છે. જો આ રકમ અંદાજ મુજબ 3.5 લાખ રૂપિયા કરોડની આસપાસ રહેશે, તો તે દેશના ઇતિહાસમાં RBI દ્વારા સરકારને આપવામાં આવેલું સૌથી મોટું ડિવિડન્ડ હશે.

ગયા નાણાકીય વર્ષમાં પણ આરબીઆઈએ સરકારને 2.69 લાખ કરોડ રૂપિયાનું રેકોર્ડબ્રેક ડિવિડન્ડ આપ્યું હતું. પરંતુ આ વર્ષે તેમાં ધરખમ વધારો થવાની આશા છે. છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં RBI દ્વારા સરકારને અપાતા ડિવિડન્ડમાં ત્રણ ગણો વધારો થયો છે. જે કેન્દ્ર સરકાર માટે નોન-ટેક્સ રેવન્યુનો એક મોટો સ્ત્રોત બની ગયો છે.

# મહારાષ્ટ્રના રાજકારણમાં નવી ઉથલપાથલ : NCPના 22 MLA શરદ પવારના સંપર્કમાં! NCPSPના મર્જરની ચર્ચા

## શરદ પવારની આગેવાનીવાળી NCPSP અને અજિત પવારની NCP બંને પક્ષો ભેગા થવાની ચર્ચા

**મુંબઈ**

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી મોટી ઉથલપાથલ થવાના સંકેતો મળી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવારની પાર્ટી એનસીપીના 22 નારાજ ધારાસભ્યોએ શરદ પવાર સાથે મુલાકાત કરી હોવાના અહેવાલોથી રાજકીય ગરમાવો આવી ગયો છે. આ ઘટનાક્રમ વચ્ચે શરદ પવારની આગેવાનીવાળી NCPSP અને અજિત પવારની NCP વચ્ચે ફરી વિલય (મર્જર) થવાની અટકળો પણ તેજ થઈ છે. બંને પક્ષો ભેગા થવાની ચર્ચા વચ્ચે શરદ પવાર જૂથના વરિષ્ઠ નેતાઓએ સ્પષ્ટતા કરી છે કે, અજિત પવારની NCP સાથે કોઈ પ્રકારનો વિલય નહીં થાય. જો કે, આ સમગ્ર મામલે ખુદ શરદ પવારે મૌન સાધી લીધું છે, પાર્ટીના કાર્યકરો અને ધારાસભ્યોમાં પણ મૂંઝવણ છે કે આખરે પડદા પાછળ શું રમત રમાઈ રહી છે અને વરિષ્ઠ નેતા આ મુદ્દે ખુલીને કેમ નથી બોલતા?

### સુપ્રિયા સુલે અને જયંત પાટીલે અટકળો નકારી

10 જૂને યોજાનારા પાર્ટીના સ્થાપના દિવસ પહેલા આ હાઈપ્રોફાઈલ બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં રાજ્યની વર્તમાન રાજકીય સ્થિતિ અંગે રણનીતિ ઘડાઈ હતી. સુપ્રિયા સુલે-જયંત પાટીલે કહ્યું છે કે અજિત પવાર સાથે ફરી હાથ મિલાવવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી.

### આગામી દિવસોમાં મોટા પક્ષપલટાના સંકેત

NCPના મર્જરની ચર્ચાઓ ત્યારે વધુ મજબૂત બની જ્યારે પ્રફુલ પટેલ અને સુનિલ તટકરેની શરદ પવાર સાથે મુલાકાત થઈ. રાજકીય વિશ્લેષકોના મતે, જો અજિત પવાર જૂથના 22 ધારાસભ્યો ખરેખર નારાજ હશે, ચૂંટણી પહેલાં મોટો રાજકીય ભૂકંપ આવી શકે છે અને આ ધારાસભ્યો ઘરવાપસી કરી શકે છે.

# થોડા જ દિવસોમાં ભાજપ સરકાર દિલ્હીમાંથી હટી જશે : મમતા બેનર્જીનો મોટો દાવો

**લખનઉ**

બંગાળ મમતા બેનર્જીએ કેન્દ્રની ભાજપ સરકાર પર પ્રહારો કર્યા છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી 2026માં ભારતીય જનતા પાર્ટી સામે 207 બેઠકો સામે માત્ર 80 બેઠકો પર સિમિત થઈને સત્તા ગુમાવ્યા બાદ, તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ ભાજપ પર જોરદાર રાજકીય પ્રહાર કર્યો છે. 19 મેના રોજ કાલીઘાટ સ્થિત પોતાના નિવાસસ્થાને પક્ષના ધારાસભ્યોની બેઠકને સંબોધતા પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દાવો કર્યો હતો કે, "આવનારા દિવસોમાં ભાજપ સરકારને દિલ્હી (કેન્દ્ર) ની સત્તા પરથી પણ હટાવી દેવામાં આવશે." તેમણે ઉમેર્યું કે બંગાળમાં ભલે ટીએમસીનું 15 વર્ષનું શાસન ખતમ થયું હોય, પરંતુ ભાજપ સામે તેમની લડાઈ અટકશે નહીં.

# IPL-2026 : ગુજરાતની ધમાકેદાર જીત, ચેન્નાઈ પ્લેઓફમાંથી બહાર

## શુભમન, બટલરે 23 બોલમાં ફિફ્ટી ફટકારી : રબાડા, સિરાજ અને રાશિદે 3-3 વિકેટ ઝડપી

**અમદાવાદ :** આઈપીએલ-2026માં ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સામે 89 રન દમદાર જીત મેળવી છે. ગુજરાતે પ્રથમ બેટિંગ કરીને 20 ઓવરમાં ચાર વિકેટે 229 રન નોંધાવ્યા હતા, જેની સામે ચેન્નાઈની ટીમ માત્ર 140 રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. ગુજરાત તરફથી સાંઈ સુદર્શન, કેપ્ટન શુભમન ગિલ અને જોશ બટલરે ફિફ્ટી ફટકારી જીતમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે, તો મોહમ્મદ સિરાજ, કાગીશો રબાડા અને રાશિદ ખાને દમદાર બોલિંગ કરીને ચેન્નાઈને સસ્તમાં ઓલઆઉટ કરી દીધું છે.

ગુજરાત ટાઈટન્સની ઈનિંગ્સમાં ઓપનિંગ બેટર સાઈ સુદર્શન 46 બોલમાં 7 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી અણનમ 68 રન, કેપ્ટન શુભમન ગિલે તોફાની બેટિંગ કરતા 37 બોલમાં 7 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકારી 64 રન, જોસ બટલરે માત્ર 13 બોલમાં 1 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી અણનમ 28 રન નોંધાવ્યા હતા.

ચેન્નઈ તરફથી શિવમ દુબેએ સૌથી વધુ આક્રમક બેટિંગ કરતા 17 બોલમાં 4 ફોર અને 4 સિક્સની મદદથી 47 રન ફટકાર્યા હતા. જ્યારે ઓપનિંગમાં આવેલા મેથ્યુ શોર્ટે 14 બોલમાં 3 ફોર અને 1 સિક્સ સાથે 24 રન, કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે માત્ર 7 બોલમાં 1 ફોર અને 2 સિક્સ સાથે 16 રન કર્યા હતા.

આઈપીએલ-2026ના લેટેસ્ટ પોઈન્ટ્સ ટેબલ અનુસાર, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ 13 મેચોમાંથી 9 મેચ જીતી 18 પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાને, ગુજરાત ટાઈટન્સ 14 લીગ મેચોમાંથી 9 જીતી 18 પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને, સનરાઈઝર્સ હૈદરાબાદ 13 મેચમાંથી 16 પોઈન્ટ સાથે ત્રીજા અને રાજસ્થાન રોયલ્સ 13 મેચમાંથી 14 પોઈન્ટ સાથે ચોથા સ્થાને પ્લેઓફની રેસમાં બનેલા છે.



### શુભમન ગિલે T20માં 200 છગ્ગા સાથે 6 હજાર રન પૂરા કર્યા

ગુજરાત ટાઇટન્સના કેપ્ટન શુભમન ગિલે ચેન્નઈ સુપર કિંગ્સ સામેની મેચમાં માત્ર ૧૮૫ ઇનિંગ્સમાં ૬૦૦૦ ્૨૦ રન પૂરા કરીને નવો ઇતિહાસ રચ્યો છે. આ સિદ્ધિ સાથે તે કેએલ રાહુલ (૧૬૬ ઇનિંગ્સ) અને વિરાટ કોહલી (૧૮૪ ઇનિંગ્સ) પછી આ મુકામ પર પહોંચનાર ત્રીજો સૌથી ઝડપી ભારતીય બેટ્સમેન બની ગયો છે. વધુમાં, ગિલ ૨૭ વર્ષની ઉંમર પહેલા આ માઈલસ્ટોન પાર કરનાર વિશ્વના માત્ર ચોથા બેટ્સમેન તરીકે એલિટ લિસ્ટમાં સામેલ થયો છે. નૂર અહેમદની ઓવરમાં શાનદાર સિક્સર ફટકારીને તેણે પોતાની કારકિર્દીની ૨૦૦મી ્૨૦ સિક્સ પણ નોંધાવી હતી.

### પોઈન્ટ ટેબલ

| » ટીમ | મેચ | જીત | હાર | ટાઈ | પોઈન્ટ્સ | (NRR) |
|---|---|---|---|---|---|---|
| » બેંગલુરુ | 13 | 9 | 4 | 0 | 18 | 1.065 |
| » ગુજરાત | 14 | 9 | 5 | 0 | 18 | 0.695 |
| » હૈદરાબાદ | 13 | 8 | 5 | 0 | 16 | 0.350 |
| » રાજસ્થાન | 13 | 7 | 6 | 0 | 14 | 0.083 |
| » પંજાબ | 13 | 6 | 6 | 1 | 13 | 0.227 |
| » કોલકાતા | 13 | 6 | 6 | 1 | 13 | 0.011 |
| » ચેન્નઇ | 14 | 6 | 8 | 0 | 12 | -0.345 |
| » દિલ્હી | 13 | 6 | 7 | 0 | 12 | -0.871 |
| » મુંબઇ | 13 | 4 | 9 | 0 | 08 | -0.510 |
| » લખનઉ | 13 | 4 | 9 | 0 | 08 | -0.702 |

### સુદર્શનનો સળંગ ૫ ફિફ્ટીનો ઐતિહાસિક રેકોર્ડ

ગુજરાત ટાઇટન્સના યુવા બેટ્સમેન સાઈ સુદર્શને ચેન્નઈ સુપર કિંગ્સ સામે શાનદાર પ્રદર્શન કરતા આઈપીએલની સળંગ પાંચમી અડધી સદી ફટકારીને નવો ઈતિહાસ રચ્યો છે. અગાઉ આઈપીએલમાં સળંગ પાંચ ફિફ્ટી ફટકારવાનો ભવ્ય રેકોર્ડ માત્ર ત્રણ દિગ્ગજ ખેલાડીઓ વીરેન્દ્ર સેહવાગ (૨૦૧૨), બટલર (૨૦૧૮) અને ડેવિડ વોર્નર (૨૦૧૯) ના નામે સંયુક્ત રીતે નોંધાયેલો હતો.

### પાકિસ્તાની સ્ટાર બોલર મોહમ્મદ આમિરનો IPLમાં એન્ટ્રીનો માર્ગ મોકળો




પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર મોહમ્મદ આમિર માટે IPLમાં રમવાનો રસ્તો સાફ થઈ ગયો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના રાજકીય તણાવને કારણે પાકિસ્તાની ખેલાડીઓ પર IPLમાં પ્રતિબંધ હોવા છતાં, આમિર આગામી સીઝનની હરાજી (IPL 2027 Auction) માં સામેલ થઈ શકે છે. મોહમ્મદ આમિરને હવે સત્તાવાર રીતે બ્રિટિશ નાગરિકતા મળી ગઈ છે. આમિરે પોતાની ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોતાના નેશનાલિટી સ્ટેટસમાં થયેલા આ ફેરફારની પુષ્ટિ કરી છે. તેની પત્ની નરગિસ ખાન બ્રિટિશ નાગરિક હોવાથી આમિર યુકે (UK) ના પાસપોર્ટ મેળવવાની પ્રક્રિયામાં હતો, જે હવે પૂર્ણ થઈ ગઈ છે. બ્રિટિશ નાગરિક બન્યા બાદ હવે આમિર 'બ્રિટિશ ઓવરસીઝ પ્લેયર' તરીકે આઈપીએલ હરાજીમાં પોતાનું નામ નોંધાવવા માટે સંપૂર્ણ લાયક (Eligible) બની ગયો છે.

# બીજી ટેસ્ટમાં બાંગ્લાદેશનો ૭૮ રનથી વિજય, પાકિસ્તાનનો ૨-૦થી વ્હાઈટ વોશ

## જીત સાથે બાંગ્લાદેશે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિ.ના પોઈન્ટ ટેબલમાં પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યુ

**સિલહટ :** બાંગ્લાદેશે સિલહટ ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં પાકિસ્તાનને ૭૮ રને હરાવીને બે મેચની શ્રોણીમાં ૨-૦થી શાનદાર ક્લીન સ્વીપ કર્યુ છે. આ ઐતિહાસિક જીત સાથે જ બાંગ્લાદેશે આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ના પોઈન્ટ ટેબલમાં મોટી છલાંગ લગાવીને સીધું પાંચમું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. આ પરિણામની સીધી અસર ભારતીય ટીમ પર પડી છે, જે હવે ખસકીને છઠ્ઠા ક્રમે પહોંચી ગઈ છે. સિલહટ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી આ નિર્ણાયક મેચમાં ૪૩૭ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી પાકિસ્તાનની ટીમ પાંચમા દિવસે ૩૫૮ રનમાં જ સમેટાઈ ગઈ હતી. ડાબોડી સ્પિનર તૈજુલ ઈસ્લામે




શાનદાર બોલિંગ કરતા ૬ વિકેટ ઝડપીને પાકિસ્તાનની કમર તોડી નાખી હતી. અગાઉ મીરપુરમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં પણ બાંગ્લાદેશે ૧૦૪ રને વિજય મેળવ્યો હતો.

# પોર્ટુગલની ફિફા વર્લ્ડ કપ ટીમ જાહેર : રોનાલ્ડો કપ્તાની કરશે

**લિસ્બન**

ફૂટબોલ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે પુર્તગાલે સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની કપ્તાનીમાં પોતાની સત્તાવાર ટીમની જાહેરાત કરી દીધી છે. ૪૧ વર્ષીય અલ નાસરના ફેરવર્ડ ખેલાડી રોનાલ્ડો આ ટૂર્નામેન્ટમાં મેદાન પર ઉતરતાની સાથે જ રેકોર્ડ સતત છઠ્ઠો ફિફ વર્લ્ડ કપ રમનારા ફૂટબોલર્સની યાદીમાં સામેલ થઈને ઈતિહાસ રચી દેશે. આ વિશિષ્ટ યાદીમાં પ્રથમ નામ મેક્સિકોના ગોલકીપર ગુઈલેર્મો ઓચોઆનું હશે, કારણ કે ટૂર્નામેન્ટની પ્રથમ મેચ મેક્સિકોની રમાવાની છે. તેમના સિવાય આર્જેન્ટિનાના દિગ્ગજ લિયોનેલ મેસ્સી પણ આ



સિઝનમાં પોતાનો છઠ્ઠો વર્લ્ડ કપ રમવા મેદાનમાં ઉતરશે. આગામી ફૂટબોલ મહાકુંભમાં પુર્તગાલની ટીમને ગ્રુપ-કે માં ડીઆર કોંગો, કોલમ્બિયા અને ઉઝબેકિસ્તાન સાથે રાખવામાં આવી છે. આ ટીમમાં બ્રુનો ફર્નાન્ડિસ અને બર્નાર્ડો સિલ્વા જેવા સ્ટાર ખેલાડીઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

# ફિફાના બ્રોડકાસ્ટિંગ રાઈટ્સ અમારી જવાબદારીમાં નથી

**નવી દિલ્હી**

આઈપીએલ ૨૦૨૬ પૂર્ણ થયા બાદ ભારતીય રમતપ્રેમીઓ ફિફ વર્લ્ડ કપના રંગમાં રંગાવા તૈયાર છે. જોકે, ૧૨ જૂનથી શરૂ થનારા ફૂટબોલના આ મહાકુંભનું ભારતમાં કઈ ચેનલ પર જીવંત પ્રસારણ થશે તે હજુ સુધી નક્કી ન થતાં કરોડો ચાહકો નિરાશ છે. સરકારી પ્રસારણકર્તા 'પ્રસાર ભારતી'એ દિલ્હી હાઈકોર્ટમાં સ્પષ્ટ કર્યુ છે કે ફિફ વર્લ્ડ કપના બ્રોડકાસ્ટિંગ રાઈટ્સ મેળવવાની તેમની કોઈ જવાબદારી નથી. આ નિવેદનથી ફૂટબોલ પ્રેમીઓની ચિંતા વધી છે. આ વખતે વર્લ્ડ કપ અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં યોજાઈ રહ્યો છે. નિષ્ણાતોના મતે, બ્રોડકાસ્ટર્સ ન મળવા પાછળનું મુખ્ય કારણ મેચોનો સમય છે. ભારતીય સમય મુજબ ૨૦ જુલાઈએ રમાનારી ફાઈનલ સહિતની મોટાભાગની મેચો રાત્રે ૧૨:૩૦ વાગ્યા પછી શરૂ થશે. આ મોડી રાતના સમયને કારણે દર્શકોની સંખ્યા અને ફૂટબોલ સ્ટ્રીમિંગની આવક ઘટવાની આશંકા છે.

# ભારતીય ટેસ્ટ ટીમના વાઇસ કેપ્ટન પદેથી પંતની વિદાય, રાહુલને જવાબદારી સોંપાઇ

## BCCIએ અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચ અને વનડે સીરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરી

**મુંબઇ**

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (મ્ઝ્ઝૈં)એ અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી દીધી છે. વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંત પાસેથી ટીમના વાઈસ કેપ્ટન પદની જવાબદારી લઈ લેવાઈ છે. તેના સ્થાને કેએલ રાહુલને આ જવાબદારી સોંપવામાં આવી છે. રાહુલે છેલ્લા ઘણા પ્રવાસોમાં પોતાની કાબેલિયત સાબિત કરી છે. જ્યારે ટીમના સુકાની પદે શુભમન ગિલને જાળવી રખાયો છે. તે સિવાય સીનિયર ખેલાડી જસપ્રીત બુમરાહ અને રવીન્દ્ર જાડેજાને આ સીરીઝ માટે આરામ અપાયો છે. ભારત અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ ૬ જૂનથી રમશે. ટેસ્ટ ટીમમાં માનવ સુથાર, હરપ્રીત બ્રારના રૂપમાં બે નવા ચહેરાને પણ સમાવાયા છે. હરપ્રીત આઈપીએલમાં પોતાની શાનદાર બોલિંગને કારણે હાલ સમાચારોમાં છે. તેણે ઘરેલૂ સીઝનમાં પણ સારો દેખાવ કર્યો હતો.

**ભારતીય ટેસ્ટ ટીમઃ** શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જાયસ્વાલ, કેએલ રાહુલ (વાઈસ કેપ્ટન), સાઈ સુદર્શન, ઋષભ પંત, દેવદત્ત પડિક્કલ, નીતીશ કુમાર રેડ્ડી, વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, માનવ સુથાર, હરપ્રીત બ્રાર, ધ્રુવ જુરેલ

**ભારતીય વનડે ટીમઃ** શુભમન ગિલ( કેપ્ટન), રોહિત શરમા, વિરાટ કોહલી, શ્રોયસ ઐય્યર (વાઈસ કેપ્ટન), કેએલ રાહુલ (વિકેટ કીપર), ઈશાન કિશન, હાર્દિક પંડયા, નીતીશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ કૃષ્ણા, પ્રિન્સ યાદવ, ગુરનૂર બ્રાર, હર્ષ દુબે.

# ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા મધર્સ ડેની ઉજવણી : હાસ્ય, સંગીત અને યોગના સંગમથી વધુ સકારાત્મકતાનો સંચાર

## માતાઓ પ્રેમ અને સમર્પણ સાથે સમગ્ર પરિવારને સંભાળે છે, તેમના બલિદાનનું વળતર ચુકવી શકાતું નથી : ગિયાન પોલ








ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબે ૧૭ મે, ૨૦૨૬ના રોજ પોલ પેલેસ્ચી રિક્રિએશન સેન્ટર ખાતે યોજાયેલા ભવ્ય મધર્સ ડે સેલિબ્રેશન દરમિયાન ખૂબ જ ઉત્સાહ, હાસ્ય, યોગ, સંગીત, સ્વાદિષ્ટ ભોજન અને હૃદયસ્પર્શી કાર્યક્રમોનું આયોજન કર્યું હતુ. રંગબેરંગી અને મનોરંજક કાર્યક્રમમાં ૧૫૦થી વધુ સભ્યો અને મહેમાનોએ હાજરી આપી હતી, કાર્યક્રમની શરૂઆત FCFCના અધ્યક્ષ ગિયાન પૌલ દ્વારા ઉદ્ઘાટન ભાષણથી થઈ હતી, જેમણે તમામ માતાઓ, સભ્યો, મહેમાનો અને મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. પરિવાર અને સમાજમાં માતાઓના મહત્વ વિશે બોલતા તેમણે કહ્યું કે, માતાઓ દરેક ઘરનો પાયો છે, જેમના બલિદાન, ધીરજ અને બિનશરતી પ્રેમ જીવનના તમામ પડકારોમાં પરિવારોને એક રાખે છે.

માતાઓ પ્રેમ અને સમર્પણ સાથે સમગ્ર પરિવારનો ભાર ચૂપચાપ ઉપાડે છે. તેમના બલિદાનનું ક્યારેય ખરેખર વળતર મળી શકતું નથી. આજે આપણા પરિવારો અને સમુદાયોને ઘડવામાં દરેક માતાની અમૂલ્ય ભૂમિકા માટે તેમનું સન્માન અને પ્રશંસા કરવાનો અવસર છે,

સાંજના કાર્યક્રમનું સુંદર સંકલન માસ્ટર્સ ઓફ સેરેમનીઝ જોયતી દાદિલિયા અને કમલ બાબરા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે સમગ્ર કાર્યક્રમ દરમિયાન રમૂજ, વાર્તાલાપ અને જીવંત મનોરંજન દ્વારા પ્રેક્ષકોને વ્યસ્ત રાખ્યા હતા. જોયતી દાદિલિયાએ કહ્યું કે, માતૃ દિવસ ફક્ત ઉજવણી જ નથી, પરંતુ તે એ મહિલાઓની યાદ અપાવે છે, જે પોતાનું આખું જીવન તેમના પરિવાર માટે સમર્પિત કરે છે. કમલ બાબરાએ ઉમેર્યું કે, FCFC ઈવેન્ટ્સ હંમેશા વરિષ્ઠ નાગરિકો અને પરિવારો માટે સકારાત્મકતા અને ખુશી લાવે છે. આજની ઉજવણી ભાવના, મનોરંજન, સમુદાય ભાવના અને અદ્ભુત સંગતથી ભરેલી હતી.

FCFCના પ્રમુખ જસવિંદર દૈંડે પણ માતાઓ અને સમાજમાં તેમના યોગદાન વિશે હૃદયસ્પર્શી વિચારો શેર કર્યા હતા. જસવિંદર દૈંડે કહ્યું કે, "માતાનો પ્રેમ એ પ્રેમનું સૌથી શુદ્ધ સ્વરૂપ છે. માતાઓ દરેક પરિવારની ભાવનાત્મક શક્તિ છે, અને તેમના આશીર્વાદ આપણને જીવનભર માર્ગદર્શન આપે છે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ક્લબના સભ્યો હરિન્દર સોંઢ, રમિન્દર ચૌહાણ, હરમીત કુલાર, રાની ડાંગ, સુચા બટર, સરબજીત ધજલ, કમલા શર્મા અને તિર્લોચન સિંહ દ્વારા ઉત્સાહી ગીતો, નૃત્યો અને મનોરંજન કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા, જેમણે તેમના પ્રદર્શન માટે પ્રેક્ષકો તરફથી જોરદાર તાળીઓ મેળવી હતી.

ઉજવણીમાં એક ખાસ સુખાકારી ઘટક ઉમેરીને, યોગ પ્રશિક્ષક અનુજા કાબુલીએ વરિષ્ઠ નાગરિકોને બોલિવૂડ ગીતો પર કરવામાં આવતી મનોરંજક યોગ કસરતોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, FCFCએ ભાર મૂક્યો કે યોગ વરિષ્ઠ સભ્યોને તેમના શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સુખાકારી, સુગમતા, એકાગ્રતા અને ભાવનાત્મક સુખાકારી સુધારવામાં મદદ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, સાથે સાથે મજબૂત અને સકારાત્મક મનને પ્રોત્સાહન આપે છે.

કાર્યક્રમમાં વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ નાસ્તા અને ભોજનનો પણ સમાવેશ થતો હતો, જેણે ઉજવણીમાં સ્વાદ અને હૂંફ ઉમેરી હતી.

### આવા કાર્યક્રમો સમુદાયના બંધનને મજબૂત બનાવે છે : અમનદીપ સોઢી

સાંજે મુખ્ય મહેમાન અમનદીપ સોઢીએ, અર્થપૂર્ણ સામાજિક કાર્યક્રમો દ્વારા વરિષ્ઠો અને પરિવારોને એકસાથે લાવવામાં FCFCના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, આપણી માતાઓ અને વરિષ્ઠ નાગરિકોને ખુશી માણતા જોવાનું અદ્ભુત છે. આવા કાર્યક્રમો સમુદાયના બંધનને મજબૂત બનાવે છે અને આપણને આપણા જીવનમાં મહત્વપૂર્ણ ઉજવણી કરવાની યાદ અપાવે છે.

### કાર્યક્રમમાં માતાઓના બલિદાન, શક્તિ અને પ્રેમને સુંદર રીતે ઓળખવામાં આવ્યો છે : રોવેના સાન્તોસ

મુખ્ય વક્તા રોવેના સાન્તોસે જણાવ્યું કે, માતા બનવું એ જીવનના સૌથી મોટા આશીર્વાદો અને જવાબદારીઓમાંનું એક છે. આજના કાર્યક્રમમાં માતાઓના બલિદાન, શક્તિ અને પ્રેમને સુંદર રીતે ઓળખવામાં આવ્યો છે. હું વરિષ્ઠ નાગરિકો અને પરિવારો માટે આટલું હૂંફાળું અને આનંદદાયક વાતાવરણ બનાવવા બદલ FCFCનો આભાર માનું છું.

# વડતાલધામ સ્વામિનારાયણ મંદિર અને નોર્થ યોર્ક કૉમ્યૂનિટીના સંયુક્ત ઉપક્રમે 'મધર્સ ડે'ની ઉજવણી

## કેનેડામાં વસતા ગુજરાતીઓ ભક્તિરંગે રંગાયા: ટોરોન્ટોમાં માતૃ શક્તિનું ભવ્ય સન્માન









ટોરોન્ટો : ટોરોન્ટોમાં આવેલા વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિર અને નોર્થ યોર્ક ગુજરાતી કૉમ્યૂનિટી ગ્રૂપના સંયુક્ત આયોજન હેઠળ રવિવાર, ૧૭ મે ૨૦૨૬ના રોજ માતૃ દિવસ નિમિત્તે એક ભવ્ય, લાગણીસભર અને પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. નોર્થ યોર્ક ખાતે આવેલા 2400 Finch Ave W ઉપર યોજાયેલા સમારંભમાં ગુજરાતી સમાજના અગ્રણીઓ, પરિવારો, વડીલો, માતાઓ અને યુવા પેઢીએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન સમગ્ર વાતાવરણ ભક્તિ, આનંદ અને લાગણીથી ઓતપ્રોત બની ગયું હતું.

કાર્યક્રમની શરૂઆત ભાવપૂર્ણ સ્વાગત સાથે કરવામાં આવી હતી. બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલી સુંદર કવિતાઓ તેમજ માતૃ દિવસ નિમિત્તે આપવામાં આવેલા હૃદયસ્પર્શી ભાષણોએ સૌનું દિલ જીતી લીધું હતું.

કાર્યક્રમનું સંચાલન દિયા લાખાણી દ્વારા અત્યંત આત્મવિશ્વાસપૂર્વક અને અસરકારક રીતે કરવામાં આવ્યું હતું.

પ્રાંશુ સોની, પ્રાચી પટેલ, ઈશિતા પટેલ અને જાહ્નવી પટેલ દ્વારા માતૃ દિવસ વિષય પર પ્રેરણાદાયી ભાષણો રજૂ કરવામાં આવ્યા હતા. યુવાનો દ્વારા માતાના પ્રેમ, સંસ્કાર અને જીવનમાં તેમના અવિસ્મરણીય યોગદાન અંગે વ્યક્ત કરાયેલા વિચારો સૌના હૃદયને સ્પર્શી ગયા હતા. તેમના સંદેશામાં ભારતીય સંસ્કૃતિ અને પારિવારિક મૂલ્યોની સુંદર ઝલક જોવા મળી હતી.

કાર્યક્રમ દરમિયાન વડતાલધામ ટોરોન્ટોના ટ્રેઝરર વિપુલ પટેલે પણ માતૃ દિવસ નિમિત્તે ખૂબ જ સુંદર અને હૃદયસ્પર્શી સંબોધન કર્યું હતું. તેમણે માતાના નિઃસ્વાર્થ પ્રેમ અને પરિવાર નિર્માણમાં તેમના અમૂલ્ય યોગદાન વિશે ભાવુક શબ્દોમાં વાત કરી હતી.

નોર્થ યોર્ક ગુજરાતી કૉમ્યૂનિટી ગ્રૂપના પ્રમુખ પ્રજ્ઞેશ પટેલે પણ માતૃત્વના મહિમા અંગે પોતાના સુંદર વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, માતા પરિવારનું હૃદય સમાન છે, જે પોતાના પ્રેમ, ત્યાગ અને સંસ્કારોથી આખા પરિવારને એકતામાં બાંધી રાખે છે. માતૃ દિવસ જેવા પ્રસંગો આપણને માતાના નિઃસ્વાર્થ પ્રેમ અને તેમના અપરંપાર યોગદાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની સુંદર તક આપે છે.

આ વિશેષ પ્રસંગે મંદિરની વરિષ્ઠ મહિલાઓ અને માતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. તેમને સન્માનપત્ર અને ગુલાબના ફૂલ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતે વડતાલધામ ટોરોન્ટોના પ્રમુખ ધવલ સોનીએ પ્રેરણાદાયી સમાપન ભાષણ આપ્યું હતું. ત્યારબાદ આરતી અને પૂજાનું આયોજન કરાતા સૌએ શ્રદ્ધાભાવે ભાગ લીધો હતો. જે બાદ ઉપસ્થિત તમામ માટે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

# કેનેડિયન મશરૂમ પર ભારે ટેરિફ

## અમેરિકી સરકારની કડક કાર્યવાહી




**ઓન્ટેરિયો**

અમેરિકા અને કેનેડા વચ્ચે કૃષિ ઉત્પાદનોના વેપારને લઈને વિવાદ વધુ ઘેરો બન્યો છે. યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સની તાજેતરની તપાસ બાદ યુનાઈટેડ સ્ટેટ્સે કેનેડામાં ઉગાડવામાં આવતા તાજા મશરૂમ પર કાઉન્ટરવેઈલિંગ ડ્યુટી (પ્રતિકારક શુલ્ક) લાદવાની જાહેરાત કરી છે. અમેરિકાના આ પગલાને કેનેડિયન મશરૂમ ઉદ્યોગે સખત શબ્દોમાં વખોડી કાઢીને "ખૂબ જ ખામીયુક્ત" ગણાવ્યું છે. ફેડરલ રજિસ્ટરમાં સોમવારે પ્રકાશિત થયેલા સત્તાવાર ફેરફારો અનુસાર હવે કેનેડાથી આયાત થતા મોટાભાગના તાજા મશરૂમ ઉપર ૨.૮૪ ટકાનો ટેરિફ વસૂલવામાં આવશે.

આ નવા નિયમો હેઠળ કેનેડાની બે અગ્રણી મશરૂમ ઉત્પાદક કંપનીઓને અલગ-અલગ ડ્યુટીનો સામનો કરવો પડ્યો છે. ચેમ્પ્સ ફ્રેશ ફાર્મ્સ ઈન્ક કંપની પર ૧.૬૨ ટકાનો ટેરિફ દર લાદવામાં આવ્યો છે. ફાર્મર્સ ફ્રેશ મશરૂમ્સ ઈન્ક કંપની પર સૌથી વધુ ૪.૯૭ ટકાનો ટેરિફ ફટકારાયો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ મહિનાના અંત સુધીમાં આ કંપનીઓ પર વધારાની 'એન્ટી-ડમ્પિંગ ડ્યુટી' (ડમ્પિંગ વિરોધી શુલ્ક) ઉમેરાય તેવી પણ પ્રબળ આશંકા છે, જેને કારણે કેનેડિયન ઉત્પાદકોની મુશ્કેલીઓ બેવડાઈ શકે છે.

કેનેડિયન એસોસિએશનનો બચાવ

બીજી તરફ, 'મશરૂમ્સ કેનેડા'ના સીઈઓ રાયન કોએસલાગે કેનેડિયન ખેડૂતોનો પક્ષ રાખતા સ્પષ્ટ કર્યું છે કે તેઓ કોઈ પણ પ્રકારની અન્યાયી વેપાર પ્રથાઓમાં રોકાયેલા નથી અને ત્યાંના ઉત્પાદકોને કોઈ વિશેષ આર્થિક સહાય કે સારવાર આપવામાં આવતી નથી.

એક સત્તાવાર નિવેદનમાં કોએસલાગે જણાવ્યું કે, "યુ.એસ. વાણિજ્ય વિભાગે જે દલીલો રજૂ કરી છે, તે સામાન્ય કૃષિ કર વ્યવસ્થા સાથે જોડાયેલી છે. આમાં માત્ર પ્રાંતીય વેચાણવેરા મુક્તિ (સેલ્સ ટેક્સ એક્ઝેમ્પશન) શામેલ છે, જે સામાન્ય રીતે દેશના તમામ ખેડૂતોને આસાનીથી ઉપલબ્ધ હોય છે. તેને અન્યાયી સબસીડી ગણી શકાય નહીં."

# ટોરોન્ટોમાં અજિત પટેલનો કોમેડી શો સુપરહિટ : હાસ્ય અને સંગીત સાથે સેવાનો ત્રિવેણી સંગમ

## મધુર કંઠ અને વાદ્ય સંગીતની જુગલબંધીએ શ્રોતાઓને ઘેલા કર્યા, 100% આવક ત્રણ સંસ્થાઓને દાન કરાશે



**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં અજિત પટેલ દ્વારા ૨ મે, ૨૦૨૬ને શનિવારે ટોરોન્ટોના શ્રીંગેરી ટેમ્પલ હોલ ખાતે અજિત પટેલ કોમેડી શો એક ભવ્ય અને યાદગાર કાર્યક્રમ તરીકે સફળતાપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમ માત્ર મનોરંજન પૂરતો સીમિત નહોતો, પરંતુ એક ઉદાત્ત અને સેવાભાવી હેતુ સાથે આયોજિત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમનો હેતુ દર વર્ષની જેમ જ જુદી-જુદી જગ્યાએ દાનસેવા વૃત્તિથી જ કરવામાં આવ્યો હતો કે જેની ૧૦૦% આવક આ વર્ષે પણ ત્રણ જગ્યાએ સર્વ પ્રાણી-પક્ષી સારવાર અને સહાય કેન્દ્ર (મહેસાણા) તેમજ માનસિક ચિકિત્સા અને સહાય માટે (મેહાર કેનેડા-ટોરોન્ટો) તથા કેનેડાના સેવાકીય કામો માટે આપવામાં આવનાર છે.

કાર્યક્રમની શરૂઆતથી જ હોલમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. મુખ્ય આકર્ષણ તરીકે જાણીતા કોમેડિયન અજિત પટેલે પોતાના અનોખા અંદાજમાં સ્ટેન્ડ-અપ કોમેડી રજૂ કરી હતી. તેમની રમૂજી ટિપ્પણીઓ, દૈનિક જીવન સાથે જોડાયેલા હાસ્યાસ્પદ પ્રસંગો અને સમયોચિત જોક્સને કારણે સમગ્ર હોલ હાસ્યથી ગુંજી ઊઠ્યો હતો. ઉપસ્થિત દર્શકોએ તેમની પ્રસ્તુતિનો ભરપૂર આનંદ માણ્યો હતો અને વારંવાર તાળીઓના ગડગડાટથી તેમને પ્રોત્સાહન આપ્યું હતું.

### પાટીદાર સમાજના ગૌરવશાળી સભ્યોનું બહુમાન : ટ્રેડિશનલ ગરબાની રમઝટ, યુવા કલાકારો શૈલી અને સારાએ વાયોલિન અને પિયાનો પર અદભુત સંગીત રજૂ કરીને સૌનું દિલ જીતી લીધું

કાર્યક્રમમાં સંગીતનો પણ સુંદર મેળાપ જોવા મળ્યો હતો. સચિન જોશી, સુનિલ પટેલ, વૈશાલી મહેતા, શ્યામલા અને સતીશ પટેલે મીઠા સ્વરમાં ગીતો રજૂ કરીને કાર્યક્રમને વધુ રંગીન બનાવ્યો હતો. તેમની ગાયકીમાં વૈવિધ્ય અને ભાવનાનો સુંદર સંયોગ જોવા મળ્યો હતો, જેને કારણે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. સંગીતમય માહોલને વધુ સુગંધિત બનાવતા હેમનિશભાઈએ મેલોડિકા પર સુંદર વાદ્ય પ્રસ્તુતિ આપી હતી. તેમની પ્રસ્તુતિએ શાંતિ અને સૌંદર્યનો અનોખો અનુભવ કરાવ્યો હતો. આ સાથે જ યુવા કલાકારો શૈલી અને સારાએ વાયોલિન અને પિયાનો પર અદભુત સંગીત રજૂ કરીને સૌનું દિલ જીતી લીધું હતું. પ્રોગ્રામ દરમિયાન પાટીદાર સમાજ દ્વારા પ્રથમ વખત જુદી-જુદી કેટેગરીના ગૌરવશાળી સભ્યોને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા, કાર્યક્રમના વિશેષ આકર્ષણ તરીકે ગરબા પણ યોજાયા હતા. પરંપરાગત ગુજરાતી સંસ્કૃતિના આ રંગીન ભાગમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંગીતના તાલે ઝૂમી રહેલા લોકો, રંગબેરંગી પોશાક અને ખુશીની લાગણીથી ભરપૂર વાતાવરણે સમગ્ર હોલને જીવંત બનાવી દીધો હતો. દરમિયાન સૌએ એક સુંદર સાંજનો તથા ચોઈસ રેસ્ટોરન્ટના સ્વાદિષ્ટ ફૂડનો આનંદ માણ્યો હતો અને સેવાભાવના સંદેશને આગળ વધારવામાં સહયોગ આપ્યો હતો.

અંતમાં અજિત પટેલે તમામ ઉપસ્થિત મહેમાનો, સ્પોન્સર્સ, સૌ દાનવીરો, કલાકારો અને આયોજનમાં સહાય કરનાર તમામ સ્વયંસેવકોનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે આવા કાર્યક્રમો દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે અને સેવાકીય પ્રવૃત્તિઓને મજબૂત આધાર મળી શકે છે. આ રીતે, હાસ્ય, સંગીત, ગરબા અને સેવાભાવના સંગમથી ભરપૂર આ કાર્યક્રમ સૌના દિલમાં એક અવિસ્મરણીય યાદ તરીકે અંકિત થયો હતો.

# સિનેપ્લેક્સ અને TSNની ભાગીદારી બાદ હવે થિયેટરોમાં ગૂંજશે ફિફા વર્લ્ડ કપનો રોમાંચ

## ફૂટબોલ ચાહકો માટે મોટી સ્ક્રીન પર લાઈવ પ્રસારણ જોવા વ્યવસ્થા ગોઠવાશે

**ટોરોન્ટો**

કેનેડા ફિફા વર્લ્ડ કપનું સહ-યજમાન બનવા માટે તૈયારી કરી રહ્યું છે, ત્યારે ફૂટબોલ ચાહકો દેશભરના મૂવી થિયેટરોમાં મોટી સ્ક્રીન પર પસંદગીની મેચો જોઈ શકશે. સિનેપ્લેક્સે શુક્રવારે જાહેરાત કરી હતી કે, તે ભાગ લેનારા સિનેપ્લેક્સ થિયેટરોમાં ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની પસંદગીની મેચોનું લાઈવ પ્રસારણ કરવા માટે TSN સાથે ભાગીદારી કરી રહ્યું છે. ટિકિટનું વેચાણ શુક્રવારે બપોરે શરૂ થયું હતું અને તેની કિંમત કર અને ઓનલાઈન બુકિંગ ફી પહેલાં $૯.૯૯ છે. કંપનીએ જણાવ્યું હતું કે, ટિકિટો તબક્કાવાર રિલીઝ કરવામાં આવશે. પસંદગીની ગ્રુપ-સ્ટેજ મેચોથી શરૂ થશે, જ્યારે મેચના દિવસોની નજીક વધારાની રમતોની જાહેરાત કરવામાં આવશે. પ્રેક્ષકોના મનપસંદ મૂવી કન્સેશન અને આલ્કોહોલિક પીણાં, જ્યાં પ્રાંતીય દારૂના કાયદા હેઠળ મંજૂરી આપવામાં આવી છે, તે પણ સ્ક્રીનિંગ દરમિયાન ઉપલબ્ધ રહેશે. ટોરોન્ટો, ઓટ્ટાવા, મોન્ટ્રીયલ, હેલિફેક્સ, વિનીપેગ, કેલગરી, એડમોન્ટન અને વાનકુવરના સ્થળો સહિત કેનેડાના ડઝનબંધ ભાગ લેનારા થિયેટરોમાં સ્ક્રીનિંગ થશે. કેનેડા યુનાઈટેડ સ્ટેટ્સ અને મેક્સિકો સાથે ફિફા વર્લ્ડ કપનું સહ-યજમાન બનવા માટે તૈયાર છે, જે પહેલી વાર બનશે, જ્યારે આ ટુર્નામેન્ટમાં ૪૮ ટીમો અને ૧૦૪ મેચો ભાગ લેશે. સોદાના ભાગ રૂપે, TSN અને RDS ટુર્નામેન્ટની બધી મેચો માટે વિશિષ્ટ કેનેડિયન બ્રોડકાસ્ટર્સ અને સ્ટ્રીમર્સ તરીકે સેવા આપવાનું ચાલુ રાખશે.

# ચૂંટણી સમયે ગુજરાત પોલીસે ભાજપના કાર્યકર્તાઓની જેમ વર્તન કર્યું : કોંગ્રેસ

**ગાંધીનગર**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ રાજ્યમાં રાજકીય માહોલ વધુ ગરમાયો છે. કોંગ્રેસના પ્રતિનિધિમંડળે આજે ગાંધીનગર ખાતે રાજ્ય પોલીસ વડા સમક્ષ રજૂઆત કરીને પોલીસ તંત્ર અને ભાજપ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો કે ચૂંટણી દરમિયાન તેમજ પરિણામો બાદ કેટલાક જિલ્લાઓમાં પોલીસ વિભાગે નિષ્પક્ષ કામગીરી કરવાની જગ્યાએ ભાજપના કાર્યકર્તાઓની જેમ વર્તન કર્યું છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાના નેતૃત્વમાં ગયેલા પ્રતિનિધિમંડળે જણાવ્યું હતું કે, જ્યાં કોંગ્રેસને તાલુકા અને જિલ્લા પંચાયતોમાં બહુમતી મળી છે ત્યાં કોંગ્રેસના ચૂંટાયેલા પ્રતિનિધિઓને ડરાવવા, ધમકાવવા અને ભાજપને સમર્થન આપવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. કોંગ્રેસે ખાસ કરીને દ્વારકા, તાપી, આણંદ અને બનાસકાંઠા જિલ્લાઓના ઉલ્લેખ સાથે અનેક પ્રતિનિધિઓને માનસિક અને રાજકીય દબાણનો સામનો કરવો પડી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. કેટલાક સ્થળોએ પોલીસ તંત્રનો ઉપયોગ કરીને કોંગ્રેસના સભ્યોમાં ભયનું વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે.

# ગુજરાતી એક્ટર હત્યા કેસમાં વોન્ટેડ આરોપી નીકળ્યો : 12 વર્ષે ધરપકડ

**અમદાવાદ**

છેલ્લા એક દાયકા કરતાં વધુ સમયથી મુંબઈમાં કલાકાર તરીકે ઓળખ બનાવીને નાસતો ફરતો આજીવન કેદની સજાનો પાકો કેદી આખરે પોલીસના સકંજામાં આવી ગયો છે. ઘી કાંટા મેટ્રો સ્ટેશન પાસેથી ઝડપાયેલા હેમંત મોદી નામના ગુજરાતી કલાકારની અસલી ઓળખ સામે આવતાં ખુદ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. સમગ્ર ગુનાઈત મામલાની શરૂઆત વર્ષ ૨૦૦૫માં થઈ હતી, જ્યારે હેમંત મોદીએ અમદાવાદના નરોડા વિસ્તારમાં એક ઘાતકી હત્યાના ગુનાને અંજામ આપ્યો હતો. આ મામલે કોર્ટે તેને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારતા તેને મહેસાણા જેલમાં મોકલી અપાયો હતો. જેલવાસ દરમિયાન માનસિક રીતે તૂટી ગયેલા હેમંતે પોતાની પત્ની સાથે છૂટાછેડા પણ લઈ લીધા હતા, કારણ કે તેને લાગતું હતું કે હવે તેની આખી જિંદગી જેલના સળિયા પાછળ જ પૂરી થઈ જશે. જા કે, વર્ષ ૨૦૧૪માં તેને કોર્ટ તરફથી પેરોલ મળ્યા હતા. જેલની બહાર આવતાં જ તેણે પાછા ફરવાને બદલે કાયમ માટે ગાયબ થઈ જવાનો પ્લાન બનાવી લીધો હતો.

# નાયગ્રામાં $25Kથી વધુનો ગેરકાયદે ડ્રગ્સ જપ્ત

## રિજનલ પોલીસની સર્વિસ સ્ટ્રીટ ક્રાઇમ યુનિટે ઘરમાંથી જ ચાર સભ્યોની ધરપકડ કરી

**નાયગ્રા**

નાયગ્રા ક્ષેત્રમાં ડ્રગ ટ્રાફિકિંગની તપાસ બાદ ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને $૨૫,૦૦૦થી વધુનો ગેરકાયદે ડ્રગ્સનો જથ્થો જપ્ત કરાયો હતો. નાયગ્રા રિજનલ પોલીસ સર્વિસ સ્ટ્રીટ ક્રાઈમ યુનિટે ૧૮ મેના રોજ કંટ્રોલ્ડ ડ્રગ્સ એન્ડ સબસ્ટન્સ એક્ટ હેઠળ વોરંટ માંગ્યું હતું.

ઓપિયોઈડ એન્ફોર્સમેન્ટ એન્ડ એજ્યુકેશન યુનિટ, ઈમરજન્સી ટાસ્ક યુનિટ, મરીન યુનિટ, K9 યુનિટ અને ૨ ડિસ્ટ્રિક્ટ યુનિફોર્મ અધિકારીઓની મદદથી, પોલીસે નાયગ્રા ફોલ્સમાં



થોરોલ્ડ સ્ટોન રોડ અને કાર્ડિનલ ડ્રાઈવ વિસ્તારમાં એક ઘરમાં સર્ચ વોરંટનો અમલ કર્યો હતો. એક માતા અને એક પુત્રી સહિત ચાર લોકોની ઘટના સ્થળે ધરપકડ કરાઈ હતી. આરોપીઓ સામે ચોરાયેલી મિલકત રાખવાનો તેમજ ટ્રાફિકિંગના હેતુથી કોકેન, ક્રિસ્ટલ મેથ અને હાઈડ્રોમોર્ફોન રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તલાશી દરમિયાન, અધિકારીઓએ આશરે $૧૮,૪૦૦ મૂલ્યના શંકાસ્પદ ક્રિસ્ટલ મેથ, $૫,૨૦૦ મૂલ્યના શંકાસ્પદ કોકેન અને $૨,૦૦૦ શંકાસ્પદ હાઈડ્રોમોર્ફોન જપ્ત કર્યા હતા. તેમણે શંકાસ્પદ મેથાડોનની ૧૨ બોટલ, .૨૨ કેલિબર પંપ એક્શન એર પિસ્તોલ અને કેનેડિયન ચલણમાં $૪૮૫ પણ જપ્ત કર્યા હતા.

ચારેય આરોપીઓને ભવિષ્યની કોર્ટની તારીખો સુધી મુક્ત કરવામાં આવ્યા છે. તપાસ ચાલુ છે. માહિતી ધરાવનાર કોઈપણને નાયગ્રા પોલીસનો સંપર્ક કરવા વિનંતી છે.

